
કુમાર

સંસ્થાપક · રવિશંકર રાવળ


આવતી કાલનાં નાગરિકોનું માસિક.

વર્ષ ૪૬મું · અંક ૧૧મો · નવેમ્બર ૧૯૬૯

તંત્રી · બચુભાઈ રાવત



સળંગ અંક
૫૫૧



વ્હાલપની વસંત


(ચિત્રકાર • ચંદ્રવદન ભટ્ટ)

વ્હાલ, માતાનું કે કુદરતનું, વરસે ત્યારે જીવન ભર્યુંભર્યું બની રહે; શબ્દે કે આ કારે એ ભલે સ્પષ્ટ ન થાય, પણ એની અનુભૂતિ અંતરમાં એક અનોખો રંગ ભરી દે.

વિશ્વમાતૃકા

(ગાંધીદર્શન (દિલ્હી) પ્રદર્શનમાંની એક શિલ્પરચના)

પૃથ્વીના ગોળાર્ધ પર વિશ્વમાતૃકા. એના ખોળામાં એક બાળક તરીકે 'સવર્ણ' : અને બીજું 'હરિજન' જે વર્ષોથી તરછોડાએલું રહ્યું છે, તેને તે પ્રેમથી પોતાની ગોદમાં ખેંચે છે. અસ્પૃશ્યતાનિવારણને લગતી આ રચના જગતમાં અન્યત્ર ચાલી રહેલા કાળા-ગોરા આદિ જેવા અનેક જાતિભેદોને પણ લાગુ પડતી હોઈ તેનું 'વિશ્વમાતૃકા' નામ સાર્થક છે. છ ફૂટ ઊંચું આ આખું શિલ્પ ધીમે ધીમે ગોળ ફરતું રહે છે. તે અષ્ટકોણાકાર પેડાસ્ટલ પર સ્થાપિત થએલું છે, જેની આઠ બાજુ પર આપણા જે સંતમહાત્માઓએ હરિજનોને પ્રેમથી સ્વીકારવાનો પ્રયત્ન કરેલો છે તેમની શિલ્પતક્તીઓ અંકિત થઈ છે. એનું નિદર્શન 'કલાવાર્તા'માં.



શિલ્પી : કાન્તિલાલ કાપડિયા, ગિરીશ ભટ્ટ

નવેમ્બર ૧૯૬૯ • અંક ૫૫૧

તંત્રી: બચુભાઈ રાવત • ઉપતંત્રી: બિહારીલાલ ટાંક

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

કોઈ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા કોઈ પણ અંકો ભરપાઈ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ: રૂ. ૧૬-૨૦, પરદેશ : રૂ. ૨૮; શિ૦ ૩૦; ડૉ. ૪. છૂટક નકલ : રૂ. ૧-૫૦.

(અનુસંધાન સામેના પાનેથી)

ટેક્નીક (૭) સોલરાઇઝેશન (૮) બાસ-રીલીફ (૯) ટેક્શ્ચર (૧૦) ટોન સેપરેશન (૧૧) બ્લીચિંગ ટેક્નીક (૧૨) મલ્ટિપલ એકસ્પોઝર (૧૩) ફોટો મૉન્ટાજ (૧૪) ફોટોગ્રામ (૧૫) અગેઇન્સ્ટ ધ લાઈટ (૧૬) ધ હાઇ વ્યૂપૉઇન્ટ (૧૭) કલોઝ અપ (૧૮) ફૉગ, મિસ્ટ, રેઇન (૧૯) ટ્રીઝ (Trees) (૨૦) બૅકગ્રાઉન્ડ્ઝ (૨૧) ફ્લાવર સ્ટડીઝ (૨૨) સીનરી (૨૩) વૅકેશન ઍન્ડ ટ્રાવેલ (૨૪) ચિલ્ડ્રન (૨૫) મૂનલાઈટ (૨૬) નાઇટ (૨૭) પૅનોરમિક (૨૮) કૉપીઇંગ (૨૯) આઉટડોર પોર્ટ્રેટ (૩૦) ૩૫ એમ. એમ. (૩૧) સ્પોર્ટ્સ (૩૨) સ્નો ઍન્ડ આઈસ (૩૩) આર્કિટેકચર (૩૪) લૅન્ડસ્કેઇપ (૩૫) સ્ટિલ લાઇફ (૩૬) અવેઇલેબલ લાઈટ (૩૭) બર્ડ્ઝ ઍન્ડ ઍનિમલ્સ (૩૮) માઇક્રો ઍન્ડ મેક્રો (૩૯) યૂઝિંગ લૉંગ લેન્સિઝ (૪૦) યૂઝિંગ વાઈડ ઍંગલ લેન્સિઝ (૪૧) રૂલ્સ ઑવ કમ્પોઝીશન (૪૨) એક્સ્પોઝર (૪૩) ફ્લૅશ ફોટોગ્રાફી (૪૪) વેડિંગ (૪૫) ટેઈકિંગ ડ્રામૅટિક પિક્ચર્સ (૪૬) કલર ફોટોગ્રાફી (૪૭) એન્લાર્જિંગ (૪૮) ડેવલપિંગ (૪૯) પ્રિન્ટિંગ (૫૦) ફિનિશિંગ અને ટચિંગ (૫૧) ટેઇકિંગ હાફ (16 m.m.) ફ્રેમ પિક્ચર્સ તેમજ અસંખ્ય બીજા.

કોઈ વાચક મિત્ર મને 'કુમાર'ના સળંગ અંક ૩૬૫થી ૩૭૯ના અંકો મેળવી આપશે તો આભારી થઈશ રૂમ નં. ૩બી-૯, ભુરીવેલ કૉલૉની, મુ. પો. ઉકાઈ ડૅમ, જિ. સૂરત

—વિઠ્ઠલભાઇ હ. મિસ્ત્રી

હાથઘંટી કે બળદઘંટીના લોટની ઘણી હિમાયત થાય છે, પણ તે આ યુગમાં શકય રહ્યું નથી. લોટનું જે સત્ત્વ બળી જાય છે તે મશીનઘંટીની ઝડપમાં આ બીજી કોઈ રીતે યોગ્ય ફેરફાર કરીને લોટનાં સત્ત્વો બને તેટલા મહદ્ અંશે જળવાઈ રહે તે માટે કોઈ કુમાર' દ્વારા પ્રકાશ નાખી જનસેવા કરશે?

કેરીનો રસ કાઢવા માટે સરલ સાદું અને હાથથી ચાલે તેવું કોઈ સાધન સૂચવી શકશે?

કેરીના રસના પાપડ બનાવવા માટે ઝડપી રીત? તડકે સૂકવવામાં તો ધૂળ ભરાય છે.

(ગોધરા) —કૃષ્ણ હરિ શાહ

આ અંકની કોથળી ઉપર આપના ગ્રાહક નંબરને છેડે જો '૧૨'નો અંક હોય તો અનુકૂળતા તથા કરકસરની દૃષ્ટિએ વી. પી.ની ખર્ચાળ પદ્ધતિથી લવાજમ ન મોકલતાં રૂ.૧૬-૨૦નો મનીઑર્ડર કરશો તો બંને પક્ષે નિરાંત રહેશે.

વાચકો લખે છે

दीपमालायां श्री गाँधी-शतवार्षिकी-वन्दना

श्री गाँधी-शत-वार्षिकी जनयतां प्रेमप्लुतां संस्कृतिम्
सत्यं वै शुचिता च शान्त मनसो मोदाय संराजताम् ।
नम्रा जीवन-पद्धतिः सुविशदं प्रोद्भासतां चिन्तनम्
चित्ते प्रेरयतां प्रकाश–निवहं दीपावली–दीपिका ॥

इत्थं प्रार्थयति **विद्यालंकारः शंकरदेवः**

'કુમાર' ને હું બંને સમવયસ્ક છીએ. 'કિરીટ અને બીજી વાતો', 'દરિયાનો દાનવ', 'વનવગડાનાં વાસી', 'ધુડાકિયો બાણુ', 'સ્વાસ્થ્ય શક્તિ અને સૌન્દર્ય', 'મારી નજરે' 'માધુકરી', 'અખાડો' આ બધી રસમય વાનગીના સંભારનો અવનવો આસ્વાદ મળતો. ભય છે કે નૂતન 'કુમાર' 'સાહિત્યસંસ્કાર અને સાહસ તથા તોફાન-મસ્તીનું ખળખળ નિનાદે વહેતું મુક્ત સાહિત્યઝરણું, કોઈ પેટીમાં પૂરેલા પટારાના પાણી જેવું લાગે છે.'

એક ભાઇ ('કુમાર'ના અ-પ્રેમી) મજાકમાં કહે કે 'કુમાર'માં વાંચવા કરતાં છોડી દેવાનું ઘણું હોય છે! તેમ છતાં પણ કહેવું પડશે કે 'કુમાર'ની pattern બંધાઇ ગઈ છે. પત્રકારત્વમાં ઘણાં પાસાં હોય છે, તેથી બધાંને સંભાળવા જતાં નવીનતાને નેવે મૂકી સલામતીને પણ સંભાળવી પડે છે, તે પણ સમજું છું.

કોઈ પણ સામયિકે વીસવીસ ત્રીસત્રીસ વરસ સુધી અસંખ્ય માનવીનાં હૃદય ઉપર પકડ જમાવી હોય તો તે 'કુમાર' એક જ છે. ફરફરિયાંની ઘણી ફોજ અદૃશ્ય થઈ ગઈ, પણ 'કુમાર'ની રેવાલ ચાલ હજુ સુધી અવિરત ચાલુ છે. તે એક પરમ સંતોષનો વિષય છે.

ટેનિસન Ulyssesમાં કહે છે:

Tho much is taken, much abides and / Tho we are not now that strength / That in old days moved earth and heaven / That which we are we are; / One equal temper of heroichearts,/Made weak by time and fate, but strong in will/To strive, to seek, te find and not to yield.

જાહેરખબર, ડિવિડન્ડ, ટ્રસ્ટ, શેર વગેરે અટપટા અંતરાય ભેદીને Lotus Eater અને Ulyssesનો ભેદ સમજવો અમુક વખતે જરૂરી થઈ પડે છે. તેમ છતાં ધન્યવાદ.

(કલકત્તા) —જી. ટી. પારેખ

એપ્રિલ અંક (પૃ. ૧૬૨)માંની 'ગણિત-ગમ્મત'માં થોડી ખામી છે. છેલ્લે લખ્યું છે કે 'તેના પહેલા બે આંકડાથી થતી સંખ્યા તેની ઉમરની હશે, ને બાકીની સંખ્યા તેના ગજવામાંના સિક્કાઓની.' જો સિક્કાની સંખ્યા બે જ આંકડામાં હોય તો આ બરાબર છે; પણ જો ત્રણ આંકડામાં, એટલે ૯૯થી વધુ હોય તો તે પ્રમાણે થશે નહિ. એટલે સિક્કાની સંખ્યા બે જ આંકડામાં હોવી જરૂરી છે. પણ મિત્રના ખિસ્સામાં એથી વધારે સિક્કા હોઈ જ ન શકે એવું માનવું બરોબર નથી.

(વડોદરા) —જિગીષુ જયંતકુમાર ઠાકર

મે અંકમાં શ્રી ગોકાણીએ 'કુમાર'ના અગાઉના અંકોમાંથી અર્ક સમું છેલ્લું પાનું, મુક્તક, પ્રેરણાત્મક પ્રસંગો, રમૂજી ટુચકા, તેમજ જીવનચરિત્રો, નવલિકા, નિબંધિકાઓ, કાવ્યમંજરી વગેરેનું સંકલન કરીને ગ્રંથસ્થ કરવાનું જે સૂચન કર્યું છે તે ઘણું જ ઉત્તમ અને ઉપયોગી છે. જો આ સૂચન સ્વીકારવામાં આવે તો તેને અવશ્ય સારો આવકાર મળશે જ. આપ આ પ્રવૃત્તિ વહેલી તકે હાથ ધરો તેવી આગ્રહભરી વિનંતી છે.

(સોનગઢ) —ચન્દ્રકાન્ત વસાવડા

શ્રી ચન્દ્રવદન મહેતા અનુવાદિત અમેરિકન વાર્તા 'મીઠાઈનો એક ટુકડો' અતિ રસપ્રદ છે. આ વાંચતાં અવશ્ય પ્રતીત થાય છે કે અનુવાદ એ પણ એક આગવી કલા છે.

(અમદાવાદ–૭) —ઠાકોરલાલ પરમાર

સી.સી.ની અનોખી શૈલીથી અનુવાદિત નવલિકામાં કોળિયે કોળિયે કાંકરી આવે તેમ લીટીએ લીટીએ મુદ્રણદોષ! જે 'કુમાર'માં જોડણી દોષ પણ જવલ્લે જોવા મળે તે 'કુમાર'-માં આવું બખડજંતર કેમ ચાલી ગયું?

(મુંબાઈ) —નારણદાસ વળિયા

'સંગીતસાધના'માં રાગ પરજનાં ઉદાહરણ તરીકે 'ઓ ગંગામૈયા' એ ગીતને ટાંક્યું છે તે બરાબર નથી. એ ગીત વાસ્તવમાં તો રાગ જોગિયા પર આધારિત છે.

(રાજકોટ) —નરેશ પ્ર. માંકડ

'કુમાર' પાસે સર્વશ્રી એ. એલ. સૈયદ, અશ્વિન મહેતા, મેજર બલવન્ત ભટ્ટ, ધીરજ ચાવડા, કિશોર પારેખ, શ્રીદામ ભટ્ટ, મફતલાલ દૂધિયા, પ્રાણલાલ કે. પટેલ, ડૉ. ગૉવિન્દ મેવાડા, રામચંદ્ર સિંઘ તેમજ આર. આર. ભારદ્વાજ જેવા ફોટોકલાકારોનો સાથ હોઈ 'કુમાર' ફોટોગ્રાફી તથા તેની શાખા-પ્રશાખાઓ પર આધારિત ઉપર્યુક્ત કલાકારો પાસેથી એક સચિત્ર સવિસ્તર લેખમાળા મેળવે તો ગુજરાતના ઊગતા કલાકારોને એથી વિશેષ જ્ઞાન મળશે અને આપણે વધુ કલાકારો મેળવી શકીશું. આમ તો 'કુમાર'માં કળાને વધુપડતું સ્થાન છે. સાથોસાથ ફોટોગ્રાફીને પણ એવું જ સ્થાન આપવામાં આવે તો 'કુમાર'નું એક આગવું આકર્ષણ બની રહેશે.


ડૉ. ગોવિન્દ મેવાડાએ લગભગ ૧૩થી ૧૪ વર્ષ પર એ વિષય પર આશરે પંદરેક હપ્તામાં લેખમાળા આપેલી. દરમ્યાન આ વિષયમાં ઘણા જ પ્રયોગો થતા રહ્યા છે, તેથી હજી પણ આવા વિષય પર એકાદ લેખમાળા ચાલુ કરવાની જરૂર જણાય છે. શ્રી ધીરજ ચાવડા લિખિત મલ્ટિપલ એક્સ્પોઝર, શ્રીદામ ભટ્ટ લિખિત ચિત્ર-વેતરણ અને ચિત્ર-સંયોજન, શ્રી સંઘવી લિખિત ટેબલ ટૉપ ફોટોગ્રાફી, મેજર બલવન્ત ભટ્ટ લિખિત ફોટોચિત્રકલાનો વિકાસ તેમજ અન્ય લેખો અગાઉ આવી ગયા છે.


હું જે લેખમાળા લખાવવા વિનંતી કરું છું એવી અંગ્રેજી સામયિક 'સ્પૉર્ટ ઍન્ડ પૅસ્ટાઈમ'માં 'કૅમેરા કૉર્નર' વિભાગમાં આવતી હતી. આજે તો એ સાપ્તાહિક બંધ થયું છે.

મોટે ભાગે ફોટોગ્રાફીના વિષય પર આધારિત સાહિત્ય અંગ્રેજીમાં જ જોવા મળે છે. જે ઓછું અંગ્રેજી જાણનારને સમજવામાં તકલીફ પડે. આપ ગુજરાતીમાં નીચેના વિષયો પર આધારિત સચિત્ર લેખમાળા ચાલુ કરો તો 'કુમાર' અભિનંદનને પાત્ર ઠરશે.

(૧) હાઇ કી અને લો કી (૨) ટેબલ ટૉપ (૩) ટ્રિક ફોટોગ્રાફી (૪) આર્ટ ઑવ ટ્રિમિંગ (૫) હાઈ, વાઈડ ઍન્ડ હૅન્ડસમ (૬) ફ્રિલિંગ

(અનુસંધાન સામેના પાને)





મગજ (કાયાની કરામત-૨૧)

◖ આપણને સર્વ ઇન્દ્રિયો દ્વારા જ્ઞાન આપનારાં અને શરીરની ક્રિયાઓને ચલાવનારાં કેટલાંક મુખ્ય મુખ્ય કેન્દ્રો મગજમાં ક્યાં આવેલાં છે તે ઉપરની આકૃતિમાં દર્શાવ્યું છે. આવા દરેક કેન્દ્રની સાથે સ્મૃતિ-કેન્દ્ર પણ જોડાએલું છે. આ જોડાણમાં ઈજા થાય તો જે તે ઇન્દ્રિયની ખોડ ઉદ્ભવે છે. કેન્દ્રો અને પ્રદેશો વિનાનો મોટો ભાગ આપણને સતત મળતા રહેતા અનુભવો અને સંવેદનાઓની છાપ સંજ્ઞા રૂપે સંઘરે છે, જે આપણે જોઈ-અનુભવીએ તેની સમજણ આપે છે. આપણી સ્મૃતિ ત્યાં સંઘરાવા સાથે આપણા વિચારો ને કલ્પનાઓ ત્યાં ઉદ્ભવે છે. ◖ મગજનો કપાળ તરફનો ભાગ રહસ્યમય છે. એના વિષે એટલું જ જણાયું છે કે જો તે નાશ પામે તો માણસ જાડો ને ચોરલબાડ બને છે. આ ભાગ બુદ્ધિચાતુર્ય, સ્વભાવ, ટેવ વગેરેનો પ્રદેશ હોવાનું મનાય છે. ◖ ડાબી બાજુ, કરોડમાં રહેલી જ્ઞાનરજ્જુ સાથે સંબંધિત મગજનું નીચેથી દર્શન આપ્યું છે. તેની બાજુમાં દર્શાવેલી કામગીરી અને સંવેદનાઓ સાથે સંકળાએલા મુખ્ય મુખ્ય જ્ઞાનતંતુઓનું ત્યાં જે સ્થાન છે એ તેમાં બતાવ્યું છે.

[1]ઊગી ગઈ.../ભાનુપ્રસાદ પંડ્યા

· મિશ્ર ·

નહીં મળ્યાનો લઈ ભાર કૈંક
વર્ષો તણો (સતત યાદ લહાઈ વાદ્યો!)
ખંખેરવા વ્યતીતને તીર આજ આવું.

ડેલી વળોટી પગ આંગણામાં
મૂકું, અજાણ્યા (પણ જાણીતા)ને
સત્કારતું ભસી ઊઠે ફળિયું; ખૂણામાં
ફૂબા કરી રમતું કૌતુક 'કો'ક આવ્યું'
બોલ્યું, અને ઊભરતું ઘર ઓસરીમાં!

'ટચાક' દૈને દસ આંગળાંથી
ફૂટ્યું વહાલ, અવ મિષ્ટ સુણી 'તું'કાર
ઊગી ગઈ ઘૂંટણિયાં ભરી ચાલનારી
ગૈ કાલ! (ને સમયનું હિમ ઓગળીને
અલોપ!) ક્યાંથી પડઘા પડે આ:
'લે ચાલ, તારા લઈ બે ય મોર
માટી તણા શેરી મહીં......?'

[2]કાગળનાં ફૂલ/મૌન બલોલી

· ગાન ·

તારી વિદાય-વેળા ફૂલોની સેજમાં
ગૂંથી ગઈ એક શૂલ.

ભડકે બળે છે આજ ચાંદનીમાં ઝૂંપડું,
શું કોડિયાની જ્યોત ચડી ચાળે!
ખેંચાય ઓટ હાથ દરિયો તો દૂર દૂર,
માછલીઓ તરફડતી જાળે!
જળ રે વિહોણા આ દરિયે અટવાઈ નાવ,
મારગડે ઊડી રહે ધૂળ.

ગાડાં ભરીને ગંધ લાવશે આ વાયરો
એવી તે આશાએ મો'લ્યાં,
બેચાર ફૂલ-પાન ડાળે હતાં, તે ય
મોહ્યાનાં મૃગજળમાં ખોયાં;
અત્તરની ગંધ બધી ઊડી ગૈ વાયરે,
રહી ગયાં કાગળનાં ફૂલ.

[3]ચાડિયાની ચોકી

ધીરુ પરીખ

· સવૈયા·લાવણી·કટાવ ·

સૂકો ખખ
અસ્થિ પિંજર શો
કરે ચાડિયો ચોકી:
હર્યું ભર્યું આ ખેતર નાનું
લહેરે ચારેકોર.

લીલી લીલી સોડમ
જારના ખેતરમાંથી
ફાંટ ભરીને દોટ મૂકતો
જાય વાયરો:
પગ ધરબીને ખડો ચાડિયો
શકે હવે કયમ રોકી?
સૂંઘ્યા વણ ઊભો ઊભો ત્યાં
કરે અડીખમ ચોકી.

ભોળાં ખગનાં ટોળાં આવી
વેરી વેરીને જાય
ટહુકા મધુર કંઠથી ઝીણે;
ચાડિયો કાન વગર શું વીણે?

કણસલે મોતીના મલકાટ
આંજવા આંખ ચાડિયા કેરી;
ચખ હીણ શિર સામે પરભાત
તીડની હગાર ચોગમ વેરી.

ઝાકળિયે શું ગયો જ
ટોયો ઝોકી?
ચાડિયો હજુ કરે છે ચોકી!

[4]પીંજરે/કનુભાઈ મહેતા 'વ્યોમ'

· ગાન ·

પીંજરાના પોપટની પાંખે તરફડયું ગગન,
દર્દીલા ટહુકારમાં આવ્યું પીંજરે આખું વન.
પગ નમાવ્યા સળિયે ત્યારે નેનમાં આવ્યો માળો,
સંકેલાતો જાય છે લાંબા આયખાનો એ ગાળો.
વાટકી જળે ચાંચ બોળી, ને ઝરણાં આવ્યાં પાસ,
ટીપે ટીપે ગળતી જાતી આજ પુરાણી પ્યાસ.
બંધ કરીને નેનથી આઘું હડસેલ્યું પીંજર,
વનમાં ઘડીક વિહરવાની ઇચ્છા આવી બર.
જીભ હલી પણ ટહુકા માટે અંગમાં ન્હોતું જોર,
નેન ખૂલ્યાં તો નજરે પાછું પીંજરું ચારેકોર.

ત્રણ હાઈકુ

ખરતાં પર્ણો!
ધરાનો દેવાદાર
મૂલ ચૂકવે.

ફૂલ ચૂંટાયાં:
વીલાં પાનને ડાળી
સાચવે હૈયે.

વહાણ મોટું:
કિનારે સમયના:
ક્ષિતિજે બિંદુ.

મીનાક્ષી દોશી

[5]હવા/'ખામોશ'

· ગઝલ ·

ખુશ હોય પાનેપાન હિલોળ્યે જતી હવા,
ડાળેથી નહિતો વેગળાં કરતી રહી હવા.

ઉપવનમાં સૂની ડાળ નિહાળી વસંતમાં,
'હમણાં અહીંથી કોણ ગયું?' પૂછતી હવા.

ખુલ્લાં કમાડે હાથતાળી દૈ જતી રહે,
ને બંધ હો કમાડ તો ખખડાવતી હવા.

ઝહેકી રહી છે આજ ઊની રેત રણમાં!
શ્વાસોની લાશમાં શું ફરી સળવળી હવા?

નહિતર કદી ઊઠે નહિ ડમરીઓ ધૂળની,
ઊંચી થઈ જનારને ભોંતી હતી હવા.

એથી જ ખુદખુદા કૂટી જળમાં બળી જતાં,
જળ બહાર માછલીને તરફડાવતી હવા!

[illegible]
શ્વાસોમાં ફાંસ જેમ ખટકતી રહી હવા!

૧) વર્ષોના વિયોગ પછી એ લાંબો કાળ નહિ મળ્યાનો ભાર મન પર લઈને નાયક ઘેર આવે છે ત્યારે અજાણ્યાને જોઈ ફળિયામાં બેઠેલું કૂતરું ભસે છે તેને 'કાવ્યાત્મકતાથી ફળિયું ભસી ઊઠે છે' કહ્યું. એ જ રીતે કૌતુક (ભર્યું બાળક)નું બોલી ઊઠવું, ઘરનું ઓસરીમાં ઊભરાવું, ટચાકામાં વહાલનું ફૂટવું અને 'તું'કાર સાંભળી ગઈ કાલનું ઊગી જવું! ને પછી છેલ્લી પંક્તિઓ સાથે કવિ આપણને બાળપણ સુધી મૂકી જાય છે. ૨) પ્રિયવિદાય પછીની બેચેનીની તીવ્રતાનું ગાન: ફૂલોની સેજમાં શૂળ, ચાંદનીમાં ભડકે બળતું ઝૂંપડું ...વગેરે પછી સૌરભ ઊડી જઇને રહી ગએલાં કાગળનાં ફૂલ જેવી નિર્જીવતાની કરુણતા. ૩) હર્યાભર્યા ખેતરનું રખોપું ચાડિયાને સોંપીને ટોયો ઝાકળિયામાં ઝોકી ગયો છે. પરિણામે સવારમાં ટોયાને તીડની હગાર સિવાય કશું જ મળતું નથી. અને છતાં ચાડિયો તો હજી ય ચોકી કરતો ઊભો છે! ચાડિયો મૂઢાત્માનું પ્રતીક છે. માંહલો જ્યારે ઝોકી જાય ત્યારે મૂઢાત્માની ચોકી જીવનના નાનકડા હર્યાભર્યા ખેતરને રક્ષી શકે ખરી? ૪) વ્યથાભરી વાસ્તવિકતામાંથી છૂટવા કલ્પનાને ટેકેટેકે પિંજરનું પંખી વનમાં (બંધિયારપણામાં જકડાએલો માનવી યથેચ્છ) વિહરવાની ઇચ્છા પૂરી કરે છે. [illegible] ... લીટીમાં પ્રકૃતિને પહોંચતી અસર દર્શાવીને કરુણતા ઘૂંટી છે. ને આંખ ઊઘડતાં [illegible] વાસ્તવનું પિંજર ચારેકોરથી ઘેરી વળે છે.

નાસ્તિક

ફાધર વાલેસ

ક્રાન્ત વિપ્લવની વાત છે. સને ૧૭૯૩માં ફ્રાન્સના રાજ્યતંત્રમાં (અને યુરોપના વિચારતંત્રમાં) અંધાધૂંધી ફેલાઈ રહી હતી. રાજશાસનના પતન સાથે નીતિધર્મના સિદ્ધાંતો તથા મૂલ્યો પણ ઊલટસૂલટ થઈ ગયાં હતાં. એમાં બળવાખોરોને ખુદ ઈશ્વર ઉપર કામ ચલાવવાની દુર્બુદ્ધિ સૂઝી. ઈશ્વર છે કે નહિ એ વિષે ધારાસભામાં ચર્ચા થઈ, ખરડો રજૂ થયો અને એના ઉપર મત લેવાયા. સંપૂર્ણ બહુમતીથી ક્રાંતિકારોની સભામાં ઠરાવ પસાર થયો કે ઈશ્વર નથી!

જોકે એ કાયદો જેના પર છપાયો એ કાગળ પર રાજમુદ્રા હતી, ને એમાં મુદ્રાલેખ અંકાએલો હતો; 'ઈશ્વરને નામે'!

વિપ્લવકારીઓએ ફ્રાન્સમાંથી ઘણું ઘણું કાઢ્યું; રાજાને કાઢ્યા (ફાંસીએ ચડાવીને), ને અમીરોને કાઢ્યા ને રાજશાસન કાઢ્યું પણ ઈશ્વરને કાઢવામાં તો સાવ સફળ ન થયા.

આજે પણ ઈશ્વરના દુઃખદ અવસાનની ખબરો વર્તમાનપત્રોમાં આવી છે, એની શોકસભાઓ ભરાઇ છે અને એની સ્મશાનયાત્રાઓ સુધ્ધાં નીકળી છે. પણ એ શોકસભાઓ અનેક વાર બોલાવવી પડે છે ને એ સ્મશાનયાત્રાઓ ફરીફરીથી કાઢવી પડે છે, એટલે વહેમ જાય છે કે એ સમાચાર સાવ વિશ્વાસપાત્ર ન હોય. માર્ક ટ્વેઈનની હયાતીમાં ભૂલથી એના અવસાનના સમાચાર છાપામાં આવ્યા ને વાંચતાં એણે શાંતિથી કહ્યું કે, 'આમાં કાંઈક અતિશયોક્તિ હોવી જોઇએ.' એના જેવું થાય!

દરેક યુગમાં એક યા બીજા કારણથી કેટલાક માણસો મનમાંથી ઈશ્વરનું સ્મરણ ભૂંસી નાખવા પ્રયત્ન કરે છે, પણ એ ભૂંસ્યું ભૂંસાતું નથી. હડહડતા નાસ્તિકના દિલમાં પણ ઊંડે ઊંડે એ આછું સ્મરણ, એ મૃદુ સ્પર્શ, એ ધીમો ભણકારો થાય છે, થયા જ કરે છે, ને હળવે રહીને યાદ કરાવે છે કે એ છે જ.

પૂ. કાકાસાહેબનો એક બોધક અનુભવ છે. એમનો એક મિત્ર હતો તે ચુસ્ત નાસ્તિક હતો. પ્રામાણિક માણસ, કાબેલ એન્જિનીઅર, આદર્શ મિત્ર, પણ નાસ્તિક. તો ય એ રોજ સૂર્યોદય પહેલાં ઊઠીને સ્નાન કરે ને પછી પ્રાર્થના કરવા બેસે. એમાં ક્યાંય ઊણપ ન આવે. રોજ કરે, ધ્યાનથી કરે, ભાવથી કરે. આખરે વિસ્મય પામીને કાકાસાહેબે એને પૂછ્યું: 'તમે ઈશ્વરમાં માનતા નથી, ત્યારે સવારે ઊઠીને રોજરોજ સંધ્યા કેમ કરો છો? તમારા કર્મકાંડમાં તો તમે જરા ય ચૂકતા નથી.' જવાબ મળ્યો: 'એનું એમ છે કે હું તો જાણું છું કે ઇશ્વર નથી. પણ કેમ કહેવાય? મારી ભૂલ થતી હોય અને ઈશ્વર હોય જ, અને મરી ગયા પછી એનો ભેટો થાય, તો એની આગળ ભોંઠો પડું તે કરતાં એને કહી શકું કે અલ્યા, હું તને ઓળખતો કે માનતો ન હતો; પણ તારું દેવું ચૂકવતો આવ્યો છું. હું કાંઈ તારા ગુનામાં નથી. તારા ચોપડા જોઇ લે.' પછી કહે: 'જુઓ ભાઈ, ભૂલો કરવી તે પણ આપણને સવળું પડે એ રીતે કરવી જોઇએ.'

ચતુર વાણિયો કહેવાય! પહેલો વિચાર સલામતીનો. ભૂલ થાય પણ નુકસાન ન જાય એની તકેદારી પહેલી. બંને પક્ષે સમાધાન, પણ પ્રામાણિકપણે ઇશ્વરમાં માનતા ન હોવા છતાં દિલને ઈશ્વરને રીઝવવાની જરૂર જણાઈ એ તેના અસ્તિત્વને આપેલું શ્રેષ્ઠ પ્રમાણપત્ર કહેવાય. ભક્તની ભક્તિ કરતાં નાસ્તિકની એ પૂજા આસ્તિકતાનો સ્પષ્ટ એકરાર ને પુરાવો છે.

નાસ્તિકતા એ મનની ચીજ નથી, હૃદયની છે. દલીલો ને ચર્ચાઓથી નાસ્તિક થવાતું નથી—આસ્તિક પણ થવાતું નથી. મનના તર્ક કરતાં હૃદયના ભાવ વધુ પ્રબળ હોય છે, અને એ જ માણસની માન્યતાઓને ઘડે છે. ઈશ્વરનું અસ્તિત્વ અંતરના આગ્રહથી જ મનાય. ભગવાનનું સાંનિધ્ય હૃદયની સાક્ષીએ જ અનુભવાય. પણ એ હૃદય જો મંદ હોય તો એ સૂક્ષ્મ પ્રેમસંદેશ એ ઝીલશે શી રીતે?

મેલા અરીસામાં સૂર્યનું પ્રતિબિંબ ન પડે. શોરબકોર વચ્ચે અંતરનો અવાજ ન સંભળાય.

ભીનાં લાકડાં ઘસવાથી આગ ન સળગે.

અને માણસના હૃદયમાં વાસનાની ભીનાશ હોય, સંસારની ધાંધલ હોય, દુરાચારનો મેલ હોય તો એમાં શ્રદ્ધાની આગ, ભક્તિના સૂર, ધર્મનો પ્રકાશ કેમ આવે? સદાચારનો સવાલ છે, દલીલનો નહિ. હૃદયની શુદ્ધિની જરૂર છે. બુદ્ધિની તીવ્રતાની નહિ.

તેથી આપણા દિલમાં પણ કોઇ વાર જે શંકાકુશંકા ઊઠે છે, જે નાસ્તિકતાના ઓળા છવાય છે, જે અશ્રદ્ધાના હુમલા થાય છે એની પાછળ પણ આપણી નૈતિક નિર્બળતા હોય છે. જીવનનો હિસાબ ચોખ્ખો નથી, માટે એ હિસાબ તપાસનાર જો વચ્ચેથી નીકળી જાય તો સારું એ કુવિચાર સૂઝે છે, ને એને લીધે બુદ્ધિ શંકા ઉપજાવી કાઢે છે, ને શાસ્ત્રીય ઢબે ઈશ્વરનું અસ્તિત્વ નાબૂદ કરવા દલીલો ચલાવવા માંડે છે. એ દલીલોનો જવાબ સ્પષ્ટ છે. આપણું જીવન સુધારીએ, હિસાબ બતાવી શકાય એવો વેપાર ચલાવીએ તો એ કુબુદ્ધિના તર્કો આપોઆપ તૂટી જશે. ધર્મશ્રદ્ધાનો અડગ પાયો નિર્મળ આચરણ હોય છે.

હજી બીજી રીતે આપણે આપણી નહિ તો બીજાઓની નાસ્તિકતા માટે જવાબદાર હોઈ શકીએ છીએ. એક વાર મેં એક મિત્રને પૂછેલું; 'તમે મંદિરમાં જાઓ છો ખરા?' એણે જવાબ આપ્યો: 'હા, જાઉં છું; નિયમિત નહિ પણ ઘણી વાર તો જાઉં છું.' પછી ઉમેર્યું: 'પરંતુ જતી વખતે જો અંદર પેલો ભાઈ નજરે પડે તો તરત પાછો વળું છું.' 'પેલો ભાઇ' એ એક અત્યંત અપ્રામાણિક અને અનીતિમાન પણ રોજ દર્શને જનાર ને પૂજામાં બેસનાર ને અવારનવાર ભગવાનનું નામ લેનાર વેપારી હતો. મિત્રનું કહેવું એમ હતું કે ધર્મ પ્રત્યે શ્રદ્ધા ને વૃત્તિ હોવા છતાં ધર્મિષ્ટ ગણાતા માણસોને વ્યવહારમાં શોષણ ને લાંચ અને અનીતિ ચલાવતા જોઇને ધર્મથી વિમુખ થઈ જવાય છે. કહેવાતા ધાર્મિક માણસોનો અધર્મ એ ધર્મની નિંદા ને ગ્લાનિ થવાનું એક વ્યાપક કારણ છે. એક ઢોંગી સાધુ જોઈને સાધુમાત્રમાંથી વિશ્વાસ ઊઠે છે. મંદિરમાં એક બદમાશને જોઇને મંદિરમાં જવાનું મન ઊતરી જાય છે. ભગવાનનું નામ લેનારાઓએ એની જવાબદારી સમજવી જોઈએ. જેનું નામ લે તેવું વર્તન રાખે; પણ જો એ નામને શોભે એવું વર્તન રાખવા તૈયાર ન હોય તો બહેતર છે કે એ નામ પણ ન લે. જેણે પોતાનું જીવન સુધાર્યું ન હોય એ ધર્મનું આવરણ છોડીને જ ધર્મની ઉત્તમ સેવા કરી શકે.

એક વાર જેમનો બાપ થોડા સમય પહેલાં ગુજરી ગયો હતો એ છોકરાઓને હું મળવા ગએલો. ઘેર એમનો એક નાનો બે-ત્રણ વર્ષનો ભાઈ પણ હતો. એની માના કહેવાથી એ નાનું બાળક હાથ જોડીને અને આંખ બંધ કરીને 'પ્રભો અંતર્યામી...' એ શ્લોક મોહક ભક્તિભાવથી મારી આગળ ગાવા લાગ્યું. એમાં 'પિતા, માતા, બંધુ...' એ શબ્દો આવ્યા ત્યારે મને મનમાં થયું: આ કોમળ બાળકનો બાપ તો ગયો. તેનો હજી એને પૂરો ખયાલ નથી. પણ બીજો પિતા છે એ તે અત્યારથી જાણે છે. એ બીજા પિતાને પણ આગળ ઉપર નાસ્તિક દુનિયા એની પાસેથી ઝૂંટવી લેશે તો?

દેશભરના આદિવાસીઓ અને હરિજનોની સેવા દ્વારા 'બાપા'નું વહાલસોયું બિરુદ મેળવનાર, સન્નિષ્ઠા અને ઉદ્યમથી જીવનનાં ૩૫ વર્ષ લગી સેવાયજ્ઞ કરીને તેમાં જ આત્મવિલોપન કરનાર

ઠક્કરબાપા

લેખક પ્રો. નરોત્તમ વાળંદ

> " ઠક્કરબાપા જેવા કાર્યકર્તા લાખમાં એક મળવા મુશ્કેલ છે. તેમને દેખાવ કેમ કરવો, એની ખબર નથી. વખાણની એમને જરૂર નથી. એમને કામ મળ્યું એટલે પરમેશ્વર મળ્યા. "


પૂજ્ય ગાંધીજી જેવાની કસોટીએ ચઢીને આવું શુદ્ધ કાંચન નીવડનાર આ વ્યક્તિનું આખું નામ અમૃતલાલ વિઠ્ઠલદાસ ઠક્કર.

ભાવનગર શહેરના સાધારણ સ્થિતિના સંસ્કારી લોહાણા કુટુંબમાં તા. ૨૯મી નવેમ્બર, ૧૮૬૯ના રોજ એમનો જન્મ થએલો. પિતાનું નામ વિઠ્ઠલદાસ લાલજી ઠક્કર; માતાનું નામ મૂળીબાઈ. પરમાનંદદાસ, મગનલાલ, મણિલાલ, કેશવલાલ અને નારણજી એ પાંચ ભાઈઓ તથા જડીબહેન નામે બહેન એટલાં ભાંડુઓ વચ્ચે અમૃતલાલ ત્રીજા. પિતા જ્ઞાતિના એક વેપારીને ત્યાં માસિક પચીસેક રૂપિયાના વેતનથી ગુમાસ્તાગીરી કરતા અને બે માળના એક જૂના ખખડી ગએલા મકાનમાં રહેતા. સંતાનોને ભણાવવાના ખૂબ હોંશીલા પિતા શિસ્તના આગ્રહી હતા. પોતાનાં બાળકો પોચટ કે વેવલાં બને એ એમને જરા યે પસંદ નહિ. એટલે તો ભણતરના કાયર બાળ અમૃતને નાનપણમાં ઘણી યે વાર મારઝૂડ અને ટીંગાટોળી કરીને પિતાજી નિશાળમાં મૂકી આવતા. આવા સંયોગોમાં ભાવનગરની ગામઠી નિશાળમાં તેમણે એકડો ઘૂંટવો શરૂ કર્યો.

ઘરમાં ભક્તિમય વાતાવરણ હતું. કુટુંબમાંનાં સૌને માળા ફેરવવાનો રિવાજ, એટલે માએ કિશોર અમૃતને પણ માળા ફેરવતો કર્યો. તેણે થોડીવાર માળા ફેરવી. પછી અકળાઈને માને કહ્યું : 'આટઆટલી માળા ફેરવી પણ ભગવાન તો દેખાયા નહિ.' માએ કહ્યું : 'ભગવાન એમ નજરે ના દેખાય. આપણે તો એમની ભક્તિ કરવી જોઈએ.' એના મનમાં આ વાત ઊતરી નહિ. એટલામાં પિતા આવી પહોંચ્યા. તેમણે સર્વ વાત જાણીને એને સમજણ પાડતાં કહ્યું : 'રોજ ગીતા વાંચજે. મોટો થઈશ ત્યારે જરૂર ભગવાન દેખાશે.' પિતાની આ વાત એને ગળે ઊતરી ગઈ. ભવિષ્યમાં એને ભારતની ગરીબ પ્રજામાં ભગવાનનાં જે દર્શન થવાનાં હતાં, તેનું જાણે કે આ સૂચનમાત્ર હતું.

પડોશમાં પાનીકાકી નામે એક નિરાધાર અંધ વિધવા રહે. સૂતર કાંતીને પોતાનું પેટ ભરતી. માતા મૂળીબાઈ અવારનવાર એમને કાંતી આપતાં અને મદદ કરતાં. આ પ્રસંગની કિશોર અમૃતના મન પર ઊંડી અસર રહી.

ભણવામાં તો પછી અમૃતલાલ હોશિયાર અને મહેનતુ વિદ્યાર્થી થઈ ગયા હતા. પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ ભાવનગરમાં જ પૂરું કર્યું; દરમ્યાનમાં ૧૧ વર્ષની વયે જીવકોરબહેન સાથે તેમનું લગ્ન થઈ ગયું. ઈ. સ. ૧૮૮૬માં ૧૭ વર્ષની વયે મૅટ્રિકની પરીક્ષામાં પ્રથમ શ્રેણીમાં ઉત્તીર્ણ થતાં તેમને સર જશવંતસિંહજી શિષ્યવૃત્તિ મળી. પુત્રને ઉચ્ચ કેળવણી આપવાનો પિતાનો ઉત્સાહ ઘણો હતો, એટલે આર્થિક નબળી હાલત હોવા છતાં અમૃતલાલને પૂનાની ઈજનેરી કૉલેજમાં દાખલ કર્યા અને ખતીલા વિદ્યાર્થી તરીકેની નામના સાથે



આ (નવેમ્બર) માસમાં જેમની જન્મશતાબ્દી છે

અમૃતલાલે ઈ. ૧૮૯૦માં છેલ્લી (લાઈસેન્શિયેટ ઑવ સિવિલ એન્જિનીઅરિંગ)ની પદવી પ્રાપ્ત કરી. આ પ્રસંગની ખુશાલીમાં ભાવનગરની લોહાણા જ્ઞાતિએ મેળાવડો યોજીને તેમને માનપત્ર આપ્યું. ત્યાંની સરકારી અમલદારોની ક્લબ તેમજ મિત્રો તરફથી પણ બીજાં બે માનપત્રો તેમને અપાયાં અને ભાવનગર રાજ્યમા તેમનું માન વધ્યું.

નોકરીના આરંભે તેમણે સોલાપુર જિલ્લામાં નંખાતી રેલવે વેળા ઓવરસીઅર તરીકેનું કાર્ય કર્યું. ત્યાર બાદ સૌરાષ્ટ્ર રેલવેમાં માસિક પોણા બસોના પગારે મદદનીશ ઈજનેર તરીકેની કામગીરી બજાવી, જેમાં લાઠી, જામનગર, ભાવનગર, પોરબંદર વગેરે સ્થળે ફરવાનું મળ્યું. એ વેળા એમનો ઠાઠમાઠ ને રુઆબ અમલદારી ઢબનો હતો. આમ છતાં અમલદારી જીવનમાં સ્વાભાવિક ગણાતી લાંચરુશ્વતની બદીથી એ સર્વથા મુક્ત રહ્યા હતા. નવી રેલવેના પાટા નખાતા હતા ત્યારે, પોતાનાં ખેતરોમાંથી જમીન કપાઈ ના જાય એટલા માટે એક સ્થળે ખેડૂતો ઠક્કરસાહેબ પાસે નાણાંની થેલીઓ લઈને આવ્યા. ઠક્કરસાહેબે તેમને ધમકાવીને થેલીઓ પાછી સોંપી દીધી તેમની આ પ્રામાણિકતા આજુબાજુના અપ્રામાણિક લોકોને ખૂંચવા લાગી. તેમણે તેમના વિરુદ્ધ ખટપટ કરવા માંડી. એ ખટપટોથી કંટાળીને છેવટે ઠક્કરસાહેબે રાજીનામું મૂકી દીધું અને દેશી રજવાડાંઓમા ઈજનેરી કરવા માંડી. એ દરમ્યાન વઢવાણમાં એક હાઈસ્કૂલ અને રાજમહેલ બાંધ્યાં તેમજ પોરબંદર રાજ્યમાં ભાદરનો પુલ બાંધ્યો.

ભાદરનો પુલ બંધાતો હતો ત્યારે સંવત ૧૯૫૬નો ભયંકર દુકાળ

ઠક્કરબાપાનાં સ્મરણો

છગનલાલ જોષી

ઈ. ૧૯૩૦ની દાંડીકૂચમાં મીઠાના સત્યાગ્રહમાં હું પકડાયો ન હોવાથી ખેડા જિલ્લાના સરમુખત્યાર તરીકે હું હતો ત્યારે ઠક્કરબાપા અમારી છાવણીમાં દારૂ અને પરદેશી કાપડના પિકેટિંગ કરનારા સત્યાગ્રહીઓને માર્ગદર્શન આપતા હતા. ત્યારે ૬૦ વર્ષની ઉંમરે પણ તેમનું સાદું, સંયમી, નિર્મળ અને પ્રાર્થનામય જીવન જોઈને મારા જેવા અનેક કાર્યકર્તાઓ પ્રભાવિત થયા હતા. થાળી ઊટકવા પણ સ્વયંસેવકોની જેમ બાપા તૈયાર થઇ જતા. ચંપલ-જોડા આડાઅવળા પડ્યા હોય તો એક લાઈનમાં ગોઠવી દેતા અને અમને શરમાવતા. રસોઈનું, ઝાડુનું, પટાવાળાનું કે છેવટે હજામનું કામ કરતા હોય તે બધાની સાથે બાપા પોતાના સાથીની જેમ વર્તતા હતા.

નડિયાદની આ છાવણીના સહવાસથી હું બાપા પ્રત્યે આકર્ષાયો; ને જ્યારે ૧૯૩૦માં સત્યાગ્રહ સ્થગિત થયો અને ગાંધીજીએ હરિજન-સેવાનું કામ સૌરાષ્ટ્રમાં મને સોંપ્યું ત્યારે બાપા અખિલ ભારત હરિજન સેવક સંઘના મહામંત્રી હોવાથી સેવાની સાચી દીક્ષા બાપા પાસેથી પામ્યો બાપા માત્ર કાગળ લખીને કે સર્ક્યુલરથી આદેશો મોકલીને સંતોષ નહોતા માનતા પણ કાર્યકર્તાઓ સાથે ગામડાંમાં ફરીને કામ કેવી રીતે કરવું તેનો પ્રત્યક્ષ પાઠ આપતા.

ઠક્કરબાપાએ સૌરાષ્ટ્રમાં ભાવનગરથી પોરબંદર સુધી જીપમાં બેસીને ૩૪ દિવસની લગાતાર હરિજનયાત્રા કાઢી હતી. રસ્તે આવતા દરેક નાના મોટા ગામના હરિજનવાસમાં જઈ સૌને ભેગાં કરી હરિજનો કેટલા ભણે છે, તેમને શી હાડમારી છે. પાણીની શી સ્થિતિ છે, વેઠનો કેવો જુલમ છે, ચમારના કુંડની કેવી હાલત છે, કેટલા અપંગ છે, કેટલાં નિરક્ષર કુટુંબો છે એની વિગતવાર નોંધ એક મોટા ચોપડામાં ગામવાર કરતા, અને રાત્રે સૂતાં પહેલાં આ પ્રશ્નોનો તોડ આણવા જે કંઈ થઇ શકે તે કરવાનાં તત્કાલ પગલાં ભરી દેતા.

ઇ. ૧૯૩૬ ૩૭માં હરિજનો માટે મંદિરો ખુલ્લાં મૂકવાની મોટી ચળવળ શરૂ થઈ ત્યારે બાપા રામેશ્વરી નેહરુ સાથે દ્વારકા આવેલા. એ જમાનામાં હરિજનો માટે તો શું પણ હરિજનોના સેવકો માટે ય દ્વારકાનાં મંદિર ખુલ્લાં ન હતાં. એટલે હું ને બાપા ગોમતીકિનારે ગયા ત્યારે ઝનૂની વાઘેરોના ટોળાએ અમને ઘેરી લીધા અને મ્યાનમાંથી તલવારો કાઢવાની અણી ઉપર આવી ગએલા. ઠક્કરબાપા ગોખલેની સર્વન્ટ્સ ઑવ ઈન્ડિયા સોસાએટીના મેમ્બર હોવાથી કાયદાની મર્યાદામાં રહીને બંધારણીય ચળવળમાં માનતા હતા. એટલે તેમણે કુનેહથી વડોદરાના દીવાન કૃષ્ણમાચારી અને રાજ્યની કાઉન્સિલ તેમજ જનતાને આ અન્યાય દૂર કરવામાં પ્રવૃત્ત કરી, અને બાપાના બળને લીધે જ આજે દ્વારકાનાં મંદિર હરિજનો માટે ખુલ્લાં થયાં છે.

ઠક્કરબાપા બહુ નાની ઉંમરે વિધુર થયા હતા. તેમને કોઈ સંતાન ન હતું, પણ જે કોઇ સેવકો કે વિદ્યાર્થીઓ તેમના પરિચયમાં આવતા તેમની સાથે પોતાનાં કુટુંબીની જેમ જ વર્તતા. હિન્દ સેવક સમાજમાંથી મહિને જે માનાર્હ વેતન મળતું એમાંથી પોતાનું ખર્ચ કરતાં જે કાંઈ બચતું તે આવા સાથીઓની મૂંઝવણ ઓછી કરવામાં વાપરતા.

ઠક્કરબાપાનાં એક વિધવા બહેન હતાં. બાપાએ પોતાના વીમાની પૉલિસી તેમના નામે કરી આપી હતી. પણ બહેન બાપાની હયાતીમાં ગુજરી ગયાં એટલે એ ચારેક હજાર રૂપિયાની પૉલિસી હરિજન છાત્રાલયના ખર્ચ માટે સુપ્રત કરી દીધી. બાપાએ પોતાના જીવનમાં તો અત્યંત કડકાઈપૂર્વક સાદાઈ જાળવી હતી. એ જમાનામાં થર્ડ ક્લાસમાં કોઈ રીઝર્વેશનની સગવડ ન હતી ત્યારે બાપા તેની નાની પાટલી ઉપર ચડીને આરામથી મુસાફરી કરતા.

ઠક્કરબાપા બંધારણ સભા–કૉન્સ્ટિટ્યુશન એસેમ્બ્લીના સભ્ય હતા ત્યારે હરિજન સેવકસંઘથી નવી દિલ્હી ૧૦ માઈલ જવાનું થતું. આથી સંઘના પ્રમુખ શ્રી બિરલાજીએ એમને મોટર વાપરવાનો આગ્રહ કરેલો. છતાં બાપા તો એ વૃદ્ધાવસ્થામાં પણ ઘોડાગાડીના ટપ્પામાં ખટકખટક કરતા ગરીબોના બેલી તરીકે બંધારણ સભામાં જતા.

વૃદ્ધાવસ્થામાં આંખનું નૂર ગયા પછી પણ ઠક્કરબાપાએ મહાભારતના બધા ગ્રંથોનાં હજારો પાનાં સાંભળ્યાં હતાં. ભાગવતકથા પણ આ ગાળામાં આખી સાંભળી હતી. અને એમના નાના ભાઈ ડૉ. કેશવલાલભાઈના આગ્રહથી ભાવનગર રહેવા ગયા ત્યારે પણ હરિજન ઉપરાંત આદિવાસીઓ, વાઘરી, કોળી, ભરવાડ, મારવાડી, લુહારિયા જેવી ભટકતી કોમોનું કલ્યાણ કેમ થાય તેની સતત ચિંતા સેવતા હતા. છેલ્લા વખતમાં હું ભાવનગર મળવા ગયો ત્યારે મને એ કામ ઉપાડી લેવાની રૂબરૂ દીક્ષા આપી, એટલું જ નહિ પણ હું તે વિસરી ન જાઉં એ માટે તેમણે તરત જ પત્ર લખ્યો હતો. તે પત્ર નીચે ઉતારીને બાપાની તર્પણવિધિ પૂરી કરું છું.

પ્રિય ભાઈ છગનભાઈ,

ભાવનગરથી વિદાય લેતાં પહેલાં તમે એક ભારે સુંદર શબ્દ, પવિત્ર શબ્દ વાપર્યો હતો. મેં તમને જે કામ સોંપ્યું એને તમે 'મિશન' તરીકે ઓળખાવ્યું. મને આશા છે કે એક સારા બ્રાહ્મણ મિશનરી પેઠે તમે આ કામ ચલાવશો અને આજે સૈકાઓથી જેમને પ્રકાશથી વંચિત રાખવામાં આવ્યા છે તે સૌની સમક્ષ જ્ઞાનની મશાલ લઈ જશો.'

દેશમાં પડ્યો હજારો દુકાળિયાં ત્યાં કામે લાગ્યાં હતાં એમાં એક ખેડૂત બગીધ ણિયાણી પોતાનાં બાળકો સમેત મજૂરીએ આવેલાં. અચાનક એ બેઉ જણ મરી જતાં તેમનાં બાળકો અનાથ બની ગયાં. સૌથી નાનો છોકરો બેત્રણ માસનો અને સૌથી મોટો છોકરો તેરચૌદ વરસનો હતો મોટા છોકરાઓને સૌથી નાના ભાઇને કેમ સાચવવો તે સમજાયું નહિ, એટલે તેમણે બધાએ ભેગા મળીને એને જીવતો જ જમીનમાં દાટી દીધો! ઠક્કરસાહેબે પાછળથી આ જાણ્યું ત્યારે તેમના હૈયામાંથી અરેરાટી છૂટી ગઈ. આ પ્રસંગની પાછળથી કરેલી નોંધમાં તેમણે લખ્યું હતું કે 'આજ સુધી એ પ્રસંગ હું ભૂલી શક્યો નથી.'

એવામાં પૂર્વ આફ્રિકામાં યુગાન્ડામાં બંધાતી રેલવે માટે ઈજનેરોની જરૂર પડી. ત્યાં અરજી કરી, અને તરત તેમની નિમણૂક થતાં, માસિક ત્રણસોના પગારે ત્યાં ગયા. એ જમાનામાં પરદેશ ગએલો માનવી પાછો ફરે ત્યારે નાણાંની બચત કરવા ઉપરાંત ત્યાંથી ઢગલાબંધ વિદેશી કિમતી ચીજો સાથે લાવે. ઠક્કરસાહેબ ત્રણ વર્ષે મુંબાઈ બંદરે ઊતર્યા ત્યારે ખાલી હાથે આવ્યા! પગારની રકમ તેમણે અગાઉથી જ મિત્રો અને સ્વજનોને આપી દીધી હતી! એમનો રસોઇયો પાંચસો રૂપિયા બચાવીને લાવ્યો હતો, જ્યારે પોતાની પાસે કશી જ બચત નહોતી!

આફ્રિકાથી આવ્યા બાદ ઠક્કરસાહેબને મુંબાઈ મ્યુનિસિપાલિટીમાં કુરલા ખાતે નોકરી મળી. શહેરનો કચરો ભરી લાવતી ચેમ્બુરની 'લાઈટ રેલવે'ના એ નિરીક્ષક નિમાયા. અહીં તેમને હૈયું પિગળાવી દે એવાં દૃશ્યો જોવા મળ્યાં. ગંદવાડ અને કચરાનો નિકાલ કરનારા સેંકડો દીનહીન મજૂરો નાનાં ગંદાં ઘોલકાંમાં, દેવાના ડુંગરો નીચે, સાક્ષાત્ દોઝ-



પિતા: વિઠ્ઠલદાસ લાલજી ઠક્કર



પોતે ૧૮૯૨ના લગભગ ભાવનગરમાં :



જમણી બાજુ: ઉત્તરાવસ્થામાં

ખમાં જીવતા હતા તે જોઇને ઠક્કરસાહેબ પોતાની સાહ્યબી ભૂલી ગયા. આ અરસામાં એમને મહારાષ્ટ્રના હરિજન-પ્રવૃત્તિના જનક શ્રી વિઠ્ઠલ રામજી શિંદેનો પરિચય થયો. છેક ૧૯૦૫ની સાલથી દલિત વર્ગ માટેનું મિશન ચલાવતા આ સુધારકે પૂનામાં 'હરિજન અહલ્યાશ્રમ' સ્થાપ્યો હતો. એ શિંદેજી ઠક્કરસાહેબના જાહેર જીવનના ગુરુ બન્યા અને એમને હવે પશુવત્ જીવન જીવતા કામદારોની સેવા કરવાની લગની લાગી. નોકરી પરથી તેમનું મન ઊઠી ગયું. પોતાના નાના ભાઈ ડૉ. કેશવલાલ સ્થિર થયા હોઈ કુટુંબની જવાબદારી ઉપાડી શકે તેમ હતા, એટલે અમૃતલાલે એમને લખ્યું: 'હવે મને છૂટો કરી દો.' ભાઇએ આ બાબત પિતાને લખી જણાવ્યું. પિતાની ઇચ્છા તો પુત્ર નોકરી દ્વારા યશસ્વી કારકિર્દી મેળવે એવી હતી, એટલે તેમણે નોકરી નહિ છોડવાનો સ્પષ્ટ આદેશ આપ્યો. થનગનતો વછેરો લગામ પડતાં વશ થઈ જાય એવું જ અમૃતલાલનું થયું. પિતાના આદેશની આડે એમની સેવાભાવના દબાઇ ગઈ.

એવામાં કુદરતે અમૃતલાલને આકરી કસોટીએ ચડાવ્યા. પત્ની જીવકોરબેનનું અવસાન થયું અને તેઓ ઘરભંગ થયા. તે પછી દોઢ બે વર્ષે તેમણે દિવાળીબેન સાથે બીજું લગ્ન કર્યું. બીજાં પત્ની પણ દોઢેક વર્ષનું ટૂંકું સંસારજીવન ભોગવીને અવસાન પામ્યાં. બીજી પત્નીના અવસાનનો શોક હજી પૂરો શમે ન શમે ત્યાં ભાવનગરથી તાર આવ્યો: 'પુત્ર ચિમન માંદો છે. જલદી આવો.' આ ચિમન તે આગલાં પત્નીનો પુત્ર. પોતે ભાવનગર પહોંચે તે પહેલાં તો દીકરાના પ્રાણ ચાલ્યા ગયા હતા. ભારે હૈયે તેઓ મુંબાઈ પાછા આવ્યા અને નાના ભાઈ નારણજીને ત્યાં રહેવા લાગ્યા. પિતાશ્રી પણ એ વેળા ત્યાં જ રહેતા હતા.


હજી એમના માટે એક સામાજિક કસોટી ઊભી જ હતી. સુધારાના ક્ષેત્રે એ વેળા નવો પવન ફૂંકાતો હતો. જ્ઞાતિવ્યવસ્થાનાં બંધનો તોડવાના અને અસ્પૃશ્યોને અપનાવવાના પ્રયાસો ચાલતા હતા. મુંબાઇની 'આર્યન બ્રધરહૂડ સોસાએટી' તરફથી હરિજનો સાથે સમૂહભોજનનો એક કાર્યક્રમ રખાયો હતો. એની જાહેરાતે સમગ્ર મુંબાઇ નગરીને ચગડોળે ચડાવી હતી. અમૃતલાલ આવા કાર્યક્રમમાંથી બાકાત કેમ રહે? તેમણે એમાં ભાગ લીધો. પરિણામ ધાર્યું હતું તે જ આવ્યું. એમની જ્ઞાતિમાં હાહાકાર પ્રવર્તી ગયો. એ વેળા સરકારી કાયદો તૂટે, પણ જ્ઞાતિનો કાયદો ના તૂટે એવી જ્ઞાતિના આગેવાનોની ધાક હતી.

લોહાણા જ્ઞાતિના પંચે એમને રૂબરૂ બોલાવ્યા પંચનું ફરમાન છૂટયું: 'તમે ભારે પાપ કર્યું છે. તે જ્ઞાતિ સાંખી નહિ શકે. અમે કહીએ તે શિક્ષા અને પ્રાયશ્ચિત્ત કબૂલ કરવાં પડશે, નહિતર આખું કુટુંબ નાતબહાર થશે.' સામાન્ય સંયોગો હોત, તો અમૃતલાલે જ્ઞાતિપંચની ધમકીને ક્યારની ય ફગાવી દીધી હોત; પણ એ વેળા પિતાશ્રી માંદગીના બિછાને હતા. નાતબહાર થવાના સમાચાર પિતાશ્રીને જીવલેણ ઘા સમા નીવડશે, એમ તેમને લાગ્યું, એટલે પિતૃભક્તિને વશ થઇને એમને પ્રાયશ્ચિત્તનો સ્વીકાર કરવો પડ્યો. ટૂંક સમયમાં જ ઈ. સ. ૧૯૧૩માં પિતાનું અવસાન થયું. એમની પાછળ, અમૃતલાલની એકમાત્ર પુત્રી હતી તે પણ મૃત્યુ પામી. આમ, એક પછી એક બનતા કરુણ બનાવોએ તેમના મન પર ભારે ગમગીની પાથરી દીધી.

પિતાના અવસાનના આઘાતની કળ વળી કે તેમના મનમાં જૂનો સંકલ્પ સ્ફૂર્યો. હવે પોતે નોકરી છોડી દઇને જનસેવા કરવાને મુક્ત હતા. એક સમી સાંજે મુંબાઈના પાલવા બંદર ઉપરના દરવાજા પાસે



કેન્યા (પૂ. આફ્રિકા)માં રેલવે એન્જિનિયર તરીકે ૧૯૦૧–'૨માં



બે બાજુ મોટા અને નાના ભાઈ સાથે

બેસીને નાના ભાઈ ડૉક્ટર કેશવલાલને તેમણે નોકરી છોડવાની ઇચ્છા જણાવી. ભાઇએ પેન્શન મળવાનો સમય પાકે ત્યાં લગી નોકરી ચાલુ રાખવા વિનંતી કરી, પણ હવે પોતે થોભી શકે તેમ નહોતા. પોતાની ઇચ્છા ગોખલેએ તાજેતરમાં (૧૯૦૫માં) સ્થાપેલા 'ભારત સેવક સમાજ'માં જોડાવાની હતી. દેશસેવાને ખાતર પોતાનું જીવન સમર્પણ કરનારા લોકો જ તેમાં જોડાતા. પોતાનો નિશ્ચય પાકો હતો એટલે ૧૯૧૪ના જાન્યુઆરીની ૨૫મી તારીખે પોતાના બધા ભાઇઓને ઉદ્દેશીને તેમણે એક પત્ર લખ્યો:

'મુંબાઈની મ્યુનિસિપાલિટીની નોકરીનું મેં રાજીનામું આપ્યું છે ને આવતી બીજીથી હું નોકરીમાંથી ફારેગ થઈ 'સર્વન્ટ્સ ઑાવ ઇંડિયા સોસાઍટી'માં જોડાઈશ. આ સંબંધમાં કોઈની સલાહ લીધી નથી. મેં ફક્ત મારા આંતરધ્વનિની જ સલાહ મુજબ—મારા અંતર આત્માની આજ્ઞા મુજબ–આ પગલું લીધું છે.

હું ખાતરીપૂર્વક માનતો થયો છું કે હિંદુસ્તાનને સમગ્ર જીવન અર્પણ કરી દેનારા સેવકો જોઈએ છે–નહિ કે ફુરસદે અને સગવડે કામ કરનારા. જ્યાં સુધી આજીવન કાર્યકર્તાઓ હિંદુસ્તાનને ન સાંપડે, ત્યાં સુધી આપણી કશી પ્રગતિ જ નહિ થઈ શકે. સાચા કામ કરનારાઓ માટે તો પૈસાના ભંડાર ભર્યા છે. ગોખલેજી જેવાનાં ચરણોમાં હજારો અને લાખો રૂપિયાનો ઢગલો થાય છે, પણ સાચા કામ કરનારાઓ નથી મળતા. એટલે આ ભેખ ધરવામાં જો હું ભૂલ કરતો હોઉં તો પણ હું એ ભૂલ શુભ મુરાદોથી અને પ્રામાણિકપણે કરું છું.

મારી અતરવ્યથાનો હવે અંત આવે છે. જીવનના સર્વ વિયોગો દુઃખકર છે, પણ હું તમને સૌને ઉમદા સેવાકાર્ય માટે ત્યજી જાઉં છું, અને સમજું છું કે તમારા સૌની મને શુભાશિષો છે.'

આમ, ગોખલેજીના હાથે દીક્ષા લઇને તેઓ ૧૯૧૪માં 'ભારત સેવક સમાજ'માં જોડાયા અને પ્રતિજ્ઞા લીધી: 'મારા વિચારોમાં હમેશાં પહેલું સ્થાન મારા દેશનું રહેશે. મારામાં જે ઉત્તમ શક્તિ હશે તે હું દેશની સેવામાં અર્પણ કરીશ. બધા જ ભારતવાસીઓને મારાં ભાઈ-બહેન માનીશ, હું પવિત્ર જીવન ગાળીશ અને હિંદ સેવક સમાજનું ધ્યેય હમેશાં ધ્યાનમાં રાખીશ.' તેમણે કોટ, પેન્ટ અને ટાઇનો સાહેબશાઈ પોશાક તજીને સાદું ધોતિયું, પહેરણ અને પાઘડીનો સફેદ સ્વદેશી પોશાક સ્વીકાર્યો. તેઓ 'સાહેબ' મટીને સામાન્ય માનવી બન્યા.

'ભારત સેવક સમાજ'માં જોડાયા પછી પહેલું કામ તેમણે ગોકુળ-મથુરા બાજુ પડેલા દુકાળમાં લોકોને મદદગાર થવાનું કર્યું. ત્યાંથી આવીને, અમદાવાદના મજૂરો માટે શાળાઓ શરૂ કરી. ઈ. ૧૯૧૬માં કચ્છમાં દુકાળ પડ્યો ત્યારે રાહતકાર્યો માટે ત્યાં પહોંચી ગયા. ૧૯૧૭-માં મુંબાઈની કાઉન્સિલે પ્રાથમિક શાળાના શિક્ષકોની આર્થિક સ્થિતિ તપાસીને એ અંગે એક વિસ્તૃત અહેવાલ તૈયાર કરવાનું નક્કી કર્યું. એ અંગે બિનઅમલદારી સભ્યોની એક સમિતિ નિમાઈ. એનું કામ મફત અને ફરજિયાત કેળવણી વિષેના આંકડા એકઠા કરવાનું હતું. વિઠ્ઠલભાઈ પટેલ એ સમિતિના સભ્ય હતા. ટૂંકી મુદતમાં જરૂરી આંકડા મેળવવાનું કામ ઘણું કપરું હતું. તેમણે એ કામ અમૃતલાલને સોંપ્યું. એ તો તૈયાર જ હતા. તેમણે તરત જ પ્રવાસ આરંભ્યો.

મધરાતનો સમય હતો. ગામનાં કૂતરાં ય જંપીને સૂઈ ગયાં હતાં. એ વેળા એક ઘર આગળ ગાડું ઊભું રહ્યું. એમાંથી ઊતરનારે નિશાળના શિક્ષકના ઘરનાં બારણાં ખખડાવીને જગાડ્યા. અમૃતલાલ ઠક્કર તરીકેની પોતાની ઓળખાણ આપીને પોતે કેળવણીવિષયક માહિતી મેળવવા આવ્યા હોવાનું જણાવ્યું. શિક્ષક કહે: 'ભલે, ખુશીથી કાલ સવારે—' 'સવારે નહિ, અત્યારે જ. મારે રાતોરાત બીજે ગામ જવું છે.' શિક્ષકે ફાનસ ચેતાવ્યું. નિશાળ ઉઘાડી અને આંકડા કાઢી આપ્યા. એ માહિતી લઈને રાતના બેના શુમારે એ ગાડામાં બેસીને બીજા ગામ ભણી રવાના થઈ ગયા આમ, દિવસ કે રાત, ભૂખ કે તરસ, ટાઢ કે વરસાદ જોયા વિના તેઓ આખા ગુજરાતમાં ઘૂમ્યા, અને પોતાનું કામ સમયબંધ પૂરું કરી નાખ્યું. ૧૯૧૯માં જમશેદપુરમાં મજૂરોની સ્થિતિ ખરાબ જણાતાં ત્યાં પહોંચી ગયા અને એમની વચ્ચે રહી કામ કર્યું.

એ, વર્ષે અને ૧૯૨૨માં પંચમહાલની ધરતી પર ભયંકર દુકાળના ઓળા ઊતર્યા. પછાત ગણાતા આ જિલ્લાની પ્રજા સાવ અબુધ અને માયકાંગલી હતી. એનું કોઈ ગામ પણ નહિ. દૂરદૂર છૂટીછવાઈ છાપરીઓમાં એ પ્રજા રહેતી. વસ્તીથી દૂર, જંગલમાં ને પહાડ પર, પ્રાથમિક અવસ્થાનું જીવન ગુજારતી આ પ્રજા કંદમૂળ શોધીને કે મકાઈ, કોદરા ને બાવટા જેવા અનાજની રાબડી બનાવીને પેટ ભરતી. દારૂની બદીમાં એ ગળાબૂડ સપડાએલી હતી. એવી પ્રજાની વચ્ચે રાહતકાર્ય કરવાનું કામ ઘણું કપરું હતું. ઈન્દુલાલ યાજ્ઞિક અને પંચમહાલના ભીલસેવક સુખદેવભાઈ એ બે સાથીઓની સાથે અમૃતલાલે એ કામ શરૂ કર્યું. ઝૂંપડે ઝૂંપડે ફરીને દુકાળિયાંને કપડાં ને અનાજની વહેંચણી કરવા માંડી.

એક ઝૂંપડીએ જઈને તેમણે સાદ પાડ્યો. કોઈ બહાર ન આવ્યું. ફરીથી સાદ દીધો ત્યારે થોડીક વારે અંદરથી એક બાઈનો અવાજ આવ્યો: 'હું કેમ કરીને બહાર આવું? ઝૂંપડી ઓઢીને બેઠી છું મારી પાસે પહેરવા કશું નથી.' બહારથી કપડાં અંદર ફેંકાયાં ત્યારે તે પહેરીને હાડકાંના માળખા સરખી દૂબળી બાઈ બહાર આવી.

આ પ્રસંગની બાપા પર ઊંડી અસર થઈ. કંગાલ આદિવાસી પ્રજાની કરુણ હાલતથી તેમનું અંતર દ્રવી ઊઠ્યું અને તેમની સેવામાં જ ખપી જવાનો મનોમન સંકલ્પ કર્યો. ત્યારથી (અનુસંધાન પૃ. ૪૫૮)

જીવનપટનાં સ્મૃતિચિત્રો

રવિશંકર રાવળનું આત્મકથાનક · હપતો ૯૧

૪૪૯ આખરે અમદાવાદના ઘરમાં

ગાંધીજીને સરકારે છોડયા. કૉંગ્રેસે જલિયાંવાલા બાગની કતલની સ્વતંત્ર તપાસ-સમિતિ નીમી ને અમદાવાદના શહેરીઓ, વકીલો, ઉદ્યોગપતિઓ વગેરેએ સરકારને મળી શહેરમાંથી લશ્કરી કાયદો દૂર કરાવી શાંતિ સ્થાપી રોજિંદો વ્યવહાર ચાલુ કરાવ્યો. બૅરિસ્ટર વલ્લભભાઈ પટેલે પકડાએલાઓનો બચાવ કરી છોડાવ્યા તેથી તે ખૂબ પ્રસિદ્ધ થયા હતા. આ બધા સમાચાર મને ભાવનગરમાં મળ્યા કે તરત હું મારાં પત્ની અને બંને બાળકોને લઇ અમદાવાદ આવવા નીકળ્યો. સવારે વીરમગામ પહોંચતાં લોકોએ સળગાવેલા સ્ટેશનનાં ખંડેરો જોયાં. અમદાવાદના સ્ટેશને મારા મિત્ર ચિત્રકાર ત્રિભુવન પટેલ અને મારા સંબંધી નાનાલાલ ઉપાધ્યાય હાજર હતા. નાનાલાલ ઉપાધ્યાય મારા સંબંધી અને મિત્ર છગનલાલ ઉપાધ્યાયના મોટા ભાઈ થતા હતા અને અમદાવાદમાં કોઠારીની પોળ સામે ચાની દુકાન નાખી રહેતા હતા.

પહેલાં અમે ત્રિભુવન પટેલે મારા માટે રાખેલા ઘર પર—બાલા-હનુમાનથી ખાડિયામાં જતા રસ્તા પર હીંગળોક જોશીની પોળના નાકે—પહોંચ્યા. ત્યાં મકાન-માલિક પુરુષોત્તમરાયજી આધેડ અવસ્થાવાળા પીઢ પુરુષનો પરિચય થયો. તેમણે ઘર ધોળાવી-લીપાવી રાખ્યું હતું—અલબત્ત મારે ખર્ચે; પણ વિવેકથી મારો આદર કર્યો. તે વડનગરા નાગર હતા. તેમના બે પુત્રો નટવરલાલ અને ચંદુલાલ સૌજન્યશીલ યુવાનો હતા, પણ પિતા રાયજી તડફડ વાત કરનારા હતા. પાણી નીચેથી ચડાવી લઇ જવાનું હતું; ડબાવાળું સંડાસ પણ નીચે હતું; પણ તેમણે નાહવા-ધોવા અને હાથપગ ધોવાની સગવડ પૂરતું એક નળામાં પાણી ભરાવી રાખ્યું હતું. મારાં પત્નીને પીવાનું અને રાંધવાનું પાણી બેડાંથી ઉપર લઈ જવાનું હતું. ધોવા માટે ચોકનો નળ વાપરવાનો હતો અને કદીક રસ્તા પર ખાડામાં રાખેલી ચકલીથી પાણી ઉપર લાવવાનું હતું.

૪૫૦ અમદાવાદમાં મારા સંબંધી-સ્નેહીઓ

નાનાલાલભાઇને ત્યાં જમીને ઘેર આવ્યો ત્યાં બીજા સંબંધીજનો આવી પહોંચ્યા અને મને ખૂબ હિંમત આપી કે અમદાવાદ ઘણી રીતે સમધારણ રહેણાકનું શહેર છે. એ સ્નેહીઓની મને ખરી હૂંફ મળી.

એ સંબંધીજનોને હું કદી ભૂલી શકીશ નહિ. મારા મોસાળના સંબંધી, મારી બાના ભાઈ થતા મોહનલાલ ત્રવાડી તો બપોરે જ આવી પહોંચ્યા. જૂનો સંબંધ બતાવી મને કહ્યું કે તમારા પિતાશ્રીનો તો મારા પર ઉપકાર છે. લીલિયામાં મને વિલેજ પોસ્ટમૅનની નોકરીમાં ગોઠવી દીધો હતો અને હવે હું નિવૃત્ત થઈ અહીં મારા નાના પુત્ર નાનુભાઇ ભાઊની પોળમાં મકાન લઈ રહેલા છે તેની સાથે રહું છું. તમારું રસોડું ચાલુ થાય ત્યાં લગી અમારે ત્યાં જ જમવાનું રાખવાનું છે. હું તેમના નિર્મળ પ્રેમથી આર્દ્ર થઈ ગયો. તે પોતાને ઘેર અમને લઈ ગયા. ભાઊની પોળના દક્ષિણીના ડહેલામાં એક નીચા છાપરામાં તેમનું ઘર હતું. તેમના પુત્ર નાનુભાઇનાં પત્ની સૌ. મુક્તા મારાં પત્નીના મામાની દીકરી થતાં, એટલે તો આખા કુટુંબના ભાવનું પૂછવું જ શું? નાનુભાઈમાં પણ પિતાનો પ્રેમાળ સ્વભાવ અને સેવાવૃત્તિ ભારોભાર ઊતરી હતી, તે જોઈ હું પ્રભાવિત થયો અને તેમની મૈત્રી મને, હમણાં ચાર વર્ષ પર થએલા તેમના મરણ પર્યંત સુખદાયી જ બની રહી. તેમના પિતાશ્રી મોહન ત્રવાડી મારા તો મામા જ થતા, પણ છોકરાંઓએ તેમને 'મોહનદાદા'ના ભાવસંબોધનથી પરિચિત કરી લીધા. તેમણે તો કહ્યું કે હું નવરો જ છું, જે કંઈ ચીજ-વસ્તુ લેવી હોય તે સાથે આવી અપાવી દઉં.

બીજા મિત્ર વ્રજલાલ હીરજીભાઈ ઉમરાળાવાળા વરસ પહેલાં આવીને નજીકની લાખાપટેલની પોળમાં એક મેડો રાખી તેમનાં બા અને પત્ની સાથે રહેલા તે આવી ઊભા અને મને ખૂબ હિંમત આપી. અમદાવાદનું એમને રજેરજનું જ્ઞાન. પોતે વેપારીઓમાં નામાં તેમજ વેચાણની નોકરી કરી રીઢા થએલા અને છેવટે મિલોનાં સ્પિન્ડલો સાફ કરી આપવાનું કારખાનું ઘર આગળ માંડેલું. એ દશામાંથી તેમણે વીર નાયકની જેમ પોતાનો ઉદ્ધાર કરી આજ તો મણિનગરમાં બે પુત્રોને માતબર કારખાનું કરી આપ્યું છે, બંગલો વસાવ્યો છે અને કંઈક મિલોનાં કામ તેમની પાસે ભરેલાં છે. પણ એ બધી વાતો કહું તો એક ચરિત્રકથા થાય. તે મારા કાયમના સાથી બેઠકના મિત્ર અને સલાહકાર બની ગયા. વિશેષમાં કોઠારી પોળમાં રહેતા વકીલ જીવણરામભાઈએ વખતોવખત મુલાકાત આપી મને સ્વજન બનાવી દીધો. તેમના સુપુત્રો કેશુભાઈ, લલ્લુભાઈ અને બાળક બાલુભાઈ ઘરના માણસ લાગતા. અમદાવાદની જ્ઞાતિના પરિચિતોમાંથી મોહનલાલ વ્યાસ, જે ભાવનગરમાં રેલવેની નોકરી કરતા, તેમનું ઘર બ્રહ્મપુરીમાં હતું ત્યાંથી નિરાંતે બેસવા આવતા અને અમદાવાદની ઘણી માહિતી આપતા.

૪૫૧ ડૉ. હરિપ્રસાદ અને હીરાલાલ પારેખ

સંસ્કારી મિત્રમંડળમાં મને જૂનાગઢથી પ્રો. ભટ્ટે ડૉ. હરિપ્રસાદ ઉપર અને ગુજરાત વર્નાક્યુલર સોસાએટી (હાલ ગુજરાત વિદ્યાસભા)-ના મંત્રી હીરાલાલ પારેખ ઉપર ભલામણના પત્રો આપેલા, તેમાં ખાસ લખેલું કે 'રણજિતરામ જેવી ભાવનામાં ગુજરાતની સેવા-ભાવનાવાળો એક મિત્ર તમારી વચ્ચે આવે છે.'

અમદાવાદના સુશિક્ષિત સંસ્કારી મંડળમાં એ બે મિત્રોનો મને જે પરિચય થયો તેથી અમદાવાદનું મારું સંસ્કારક્ષેત્ર વિકસ્યું. સારંગપુરને નાકે ડૉ. હરિપ્રસાદને દવાખાને જ સવારના મિત્રમંડળનું ઝૂમખું થતું. ત્યાં નજીકમાં વસતા હીરાલાલ પારેખ અચૂકપણે બેઠા હોય અને ડૉક્ટર સાથે સાહિત્યક્ષેત્રની વાતો કરતા હોય, એટલે તે પણ ત્યાં જ સહજ સાથે મળી ગયા, અને ડૉક્ટર સાથે પ્રેમાભાઈ હૉલમાં સોસાએટીની ઑફિસમાં ગમે ત્યારે આવવા કહ્યું. એ વખતે ઘણે ભાગે રમણભાઈ નીલકંઠ સોસાએટીના પ્રમુખ હતા. ડૉ. હરિપ્રસાદને ત્યાં દવાખાનામાં બધાં છાપાં આવતાં. સંસ્કારી મંડળોના આગેવાનો પણ ત્યાં આવતા. ત્યાં જ મને વનિતા વિશ્રામના મંત્રી કેશવપ્રસાદ દેસાઇનો તથા 'વસંતવિનોદી'ના તખલ્લુસથી કાવ્યો લખતા, સાહિત્યક્ષેત્રમાં જાણીતા ડૉ. ચંદુલાલ દેસાઈ (પાછળથી ગુજરાતના છોટે સરદાર)નો પરિચય થયો. ગુજરાતમાં વ્યાયામ પ્રવૃત્તિ ચલાવતા અંબાલાલ પુરાણી પણ ત્યાં આવી બેસતા. તે અખાડાનું એક હસ્તલિખિત માસિક પણ ચલાવતા અને તેમાં ચિત્રકામ કરતા એક-બે વિદ્યાર્થીઓને મારી પાસે મોકલવા તૈયાર થયા, જેમાં કૃષ્ણલાલ ભટ્ટ હતા. 'વીસમી સદી'થી મારું નામ આ સૌ માટે મોટું આકર્ષણ બન્યું હતું.

લઘુકથા

સત્યવાનની સાવિત્રી

જયંતીલાલ ગજ્જર

એણે નીલાંબરીનું શબ ઉપાડયું—નીલાંબરી સ્નેહલગ્ને વરેલી એની પત્ની હતી. એ મંદિરે, મસ્જિદે, ચર્ચમાં, અગિયારીમાં. એકેએક ધર્મસ્થાને ગયો. ઈશ્વરને, અલ્લાહને, ઈશુને, જરથોસ્ત્રને યાચના કરી: 'મારી નીલાંબરીને સજીવન કરો.' કોઇ દેવે એની દાદ ન સાંભળી.

સત્યવાન-સાવિત્રીની વાત યાદ આવતાં એ યમદેવની શોધમાં નીકળ્યો. રસ્તો એણે જોયો નહોતો; પણ દૃઢ સંકલ્પ કરી એ ચાલતો રહ્યો. ચાર રસ્તા આવતાં કો'કને એ પૂછતો: 'આ માર્ગ યમપુરી જશે?'

સાંભળનાર હસી પડે. એના બે હાથમાં સ્ત્રીનું શબ જોતાં દયા ઊપજે અને સલાહ આપે: 'ભાઇ, તું હવે એને નહિ જીવાડી શકે. આ શબ ગંધાઈ ઊઠશે. તું એને અગ્નિદાહ દઈ દે તો સદ્ગતિ પામે...'

આવી સલાહ સાંભળવા એ થોભતો નહિ. અટકળ કરી ગમે તે માર્ગે એ ચાલી નીકળતો. લોકો જાતજાતની ટીકાઓ કરતા: 'પાગલ નહિ તો! બહુ પ્રેમ હોય તો એની પાછળ સતો થાને!'...'મૂરખ લાગે છે! ભગવાન તથાગત અને કીસા ગૌતમીની વાતો જાણતો લાગતો નથી...' 'વાર્યો નહિ રહે. હાર્યો રહેશે...'...

ભૂખ્યો, તરસ્યો—રાતદિવસ જોયા વિના એ ચાલી રહ્યો હતો: સંજીવની માટે. અતિ શ્રમિત એ એકવીસમે દિવસે ગાઢ જંગલમાં એક વૃક્ષ નીચે બેઠો. થોડી વારે પાંદડાં હાલી ઊઠયાં. ઊંચે જોયું. વૃક્ષ આંબલીનું હતું. બીજું કશું દેખાયું નહિ. ભ્રમ માન્યો. પવનની લહેરોનો આભાસ લાગ્યો.

એકાએક નીલાંબરીનું શબ સળવળ્યું. એને ખૂબ આશ્ચર્ય થયું. પ્રેત સમો એનો ફિક્કો ચહેરો મલકી ઊઠયો: 'નીલાંબરી, આખરે તું...'

આળસ મરડીને બેઠાં થતાં નીલાંબરી બોલી: 'કોણ તું? આ તારો ફિક્કો ચહેરો પ્રેતસમું તારું હાસ્ય મને તારી બીક લાગે છે તું—ભૌ પ્રેત...'

એ હસ્યો ખડખડાટ. ભયભીત બની નીલાંબરી ભાગી. એ કંઈ સમજી ન શકયો. 'કયાં જાય છે નીલુ?'

'દૂધ લેવા...કયાં સુધી હવે ઘોરશો? સાત વાગી ગયા...' નીલાંબરીનો છણકો—

બેઠા થતાં, આંખો ચોળતાં એ નીલાંબરી સામે તાકી રહ્યો.

અમદાવાદમાં મારો વાસ થતાં જ મારા વીરમગામના મિત્રો મગનલાલ શુકલ અને ચુનીલાલ ત્રિપાઠી આવી મળ્યા. શ્રી ચુનીભાઈ તો સરખેજના વતની અને કવિ 'સાગર' (જગન્નાથ ત્રિપાઠી)ના મિત્ર હતા. એક દિવસ તેમની અને મગનલાલની સાથે હું તે વખતના જાણીતા એક પ્રકાશક અને બુકસેલર જીવનલાલ અમરશીને પીરમશાહના રોજા પાસે આવેલા મેડા ઉપરની તેમની વિશાળ દુકાનમાં મળ્યો.

૪૫૨ જીવનલાલ અમરશી

અમદાવાદમાં સ્થાયી બનીને એક કલાકેન્દ્ર રચવાના મારા વિચારો અને યોજનાઓ સાંભળી જીવનલાલ અમરશી તો ઉમંગમાં આવી ગયા. તેમણે તત્કાલ મને રમણભાઈનું 'હાસ્યમંદિર' છપાતું હતું તે માટે બે ચિત્રો તાકીદે કરી આપવા કહ્યું અને રમણભાઈને ભદ્રંભદ્રનાં ચિત્રો પણ કરાવવાં હતાં તેનું નક્કી કરી જણાવવા કહ્યું; એટલું જ નહિ પણ બાજુમાં એક મેડો તેમનાં પ્રકાશનો તથા પુસ્તકોની વખાર માટે રાખેલો ત્યાં મને ચિત્રના વર્ગો કરવા હોય તો પ્રારંભિક સગવડ કરી આપવાની તૈયારી પણ બતાવી. હું તો તેમના પરિચયથી ઘણો ઉલ્લાસમાં આવી ગયો.

જીવનલાલ થોડો વખત ગુજરાત વર્નાકયુલર સોસાએટીના સેક્રેટરીપદે હતા, પણ જ્યારે ત્યાં કેળવાએલા અને સંસ્કારી ગ્રૅજ્યુએટ તરીકે હીરાલાલ પારેખની નિમણૂક થઇ ત્યારે નિવૃત્ત થતા જીવનલાલને તે વખતના પ્રમુખ લાલશંકર ઉમિયાશંકરે પોતાનું ગણિત, જે ગુજરાતમાં મોટા ભાગની શાળાઓનું પાઠ્ય-પુસ્તક બન્યું હતું તેની કુલ એજન્સી આપી, તેને પરિણામે તે પ્રકાશક અને પુસ્તક-વિક્રેતા બની શકયા હતા અને ઘણા સાક્ષરો સાથે સંબંધ સાચવી રહ્યા હતા.

૪૫૩ ચિત્ર-પ્રવૃત્તિ વિકસાવવાના મનોરથો

જીવનલાલે ચિત્રવર્ગની જગ્યા આપવા કહ્યું એટલે મારા મુંબાઈના સહાધ્યાયી દમનલાલ મહેતા જે ડ્રૉઈંગ માસ્તર બની ભદ્ર પાસેની સરકારી શાળામાં નોકરી કરતા હતા તેમને હું મળ્યો અને તેમની મારફત શહેરના મુખ્ય ચિત્ર-શિક્ષકોને મારે ત્યાં એક સાંજે ચા માટે બોલાવ્યા. તેમાં માત્ર અભ્યાસક્રમના સુક્કા શિક્ષણકાર્યથી સંતુષ્ટ ન બનતાં ઊંચી ચિત્રકળા માટે દર રવિવારે સાથે મળીને અભ્યાસ-વાર્તાલાપ, પુસ્તક-પરિચય વગેરે પ્રગતિકારક ક્રમો આપવાની દરખાસ્ત મૂકી.

એ વખતે અમદાવાદમાં ઘણા જૂના અને સૌપ્રથમ ચિત્ર-શિક્ષક બનેલા માસ્તરો પેન્શનની વયને આરે પહોંચી ગયા હતા, તેમાં ખંભાતના લાભશંકર માસ્તર, પૂંજાભાઈ, મિસ્ત્રી માસ્તર અને બીજા અનેક હતા. એ બધા મળવા આવ્યા ખરા, મારી વાતોમાં તે વખતે હાએ હા કરી ઉત્સાહ પણ બતાવ્યો; પણ હવે તેમને કોઈ ગ્રેઈડની આશા નહોતી અને થાકેલા ઘોડા જેવા થઈ ગયા હતા. શાળાઓમાં ચિત્રશિક્ષણનું મહત્ત્વ અન્ય શિક્ષકોને મન નહિવત્ હતું અને ચિત્રશિક્ષકો જ્ઞાન-બુદ્ધિમાં તેમની સમકક્ષ રહી શકયા નહોતા એટલે તેમનામાં હીનતાભરી ઉદાસીનતા હતી. આથી એ મિલન પછી મને જાણવા મળ્યું કે હું તો મારા પોતાના જ સ્વાર્થ માટે આ બધું કરી રહ્યો છું એવો તેમને સંશય થયો છે! એટલે મેં એ યોજના પડતી મૂકી. તોપણ કેટલાક ભાવિક જુવાન ચિત્ર-શિક્ષકો મારી પાસે બેસવા આવતા અને હું તેમને નવી વાતો કહેતો ને તેમના સ્કેચ વગેરે કરી મારો મહાવરો ચાલુ રાખતો. બીજી તરફ ત્રિભુવન પટેલે મારી સાથે ઘણો નિખાલસ અને ભાવપૂર્ણ વર્તાવ રાખ્યો. તે મારા વિચારોને માન આપતા અને 'વીસમી સદી' માટે જે કંઈ કામ સોંપું તે વિનામૂલ્યે તૈયાર કરી આપતા. એમાંથી હાજીમહમ્મદે 'વીસમી સદી'ના એપ્રિલ અંકમાં તેમનું ચિત્ર પૂઠા પર મૂકયું હતું. પછી સપ્ટેમ્બરના પૂઠા ઉપર પણ લીધું. ત્યાર બાદ મુનશી પ્રેમચંદજીની 'સેવાસદન' નામની ચાલુ નવલકથાની ચિત્રમાળા પણ એમણે કરી હતી. (ચાલુ)

આગોતરી ભલામણ

આપ પૈકીના ઘણાખરાનાં લવાજમ આવતા (ડિસેમ્બર) અંક સાથે પૂરાં થશે. આ અંકની કોથળી ઉપર આપના ગ્રાહક નંબરને છેડે '૧૨'નો અંક જોઇને તેની ખાતરી કરી લેશો. અને અનુકૂળતા તથા કરકસરની દૃષ્ટિએ વી. પી.ની ખર્ચાળ પદ્ધતિ પર આધાર ન રાખતાં વહેલી તકે રૂા. ૧૯–૨૦નો મનીઑર્ડર કરવાની અગમચેતી રાખશો. એથી બંને પક્ષે નિરાંત રહેશે.

ગુલાબદાસ બ્રોકર

નવા ગગનની નીચે

૨૪ • રોમ

ઘૂમી-ફરીને ટૂરિંગ કોચમાં રોમ જોવા નીકળ્યો ત્યારે પણ એવી જ સુવાસ સદ્ભાગ્યે ભેટી ગઈ. જે જગ્યાએથી નીકળવાનું હતું તે જગ્યાએ રોમનો પ્રખ્યાત ફુવારો આવેલો હતો. કલાકારીગરીનો સુંદર નમૂનો હતો. ચારે બાજુ ગોઠવાએલાં પૂતળાંઓનાં મોંમાંથી પાણી-ની ધારા એવી રીતે નીકળતી હતી કે આખી એક અજબ જેવી ભાત ઊઠી રહે, વિશાળ એવો એ ફુવારાનો પટ એને ભવ્યતા અર્પે. અને એના સ્થાપત્યનું સૌંદર્ય! નાજુકતા! એની સાથે જલસીકરોનો સંવાદ આહ્લાદક બની રહે. થયું કે રોમે એનો સૌન્દર્યરાશિ અમારાં નયનો સમક્ષ ખુલ્લો કરવા માંડયા છે. અંગ્રેજી સમજનારા પ્રવાસીઓ જે કોચમાં ગોઠવાયા હતા તેમાં પ્રસન્ન ચિત્તે સ્થાન લીધું. મારી બાજુમાં તંદુરસ્ત મુખ અને પ્રફુલ્લ હાસ્યવાળો એક યુવાન ગોઠવાયો હતો. સ્મિતની આપલે કરી લીધી અને નગરીની નિરીક્ષા શરૂ થઈ ગઈ.

બાર્ઘેસ વિલામાં લઈ ગયા ત્યારે તો જાણે નયનો સમક્ષ એક જાદુઈ બારી ઊઘડી જતી હોય તેવું લાગ્યું. આ પહેલાં પારીસ, ફ્લૉરેન્સ, વેનિસ અને લંડનમાં આ જાતનાં સૌન્દર્યો જોયાં હતાં. છતાં દરેકે દરેક સ્થળને એનું પોતાનું આગવું કહેવાય એવું સૌન્દર્ય હતું. ઇટલીની બારૉક (Baroque) શૈલીમાં ઊતરેલી આ વિલામાંની કલાકૃતિઓને એની પોતાની મર્યાદાઓ ભલે નડતી હોય, છતાં તેનો ગુણપક્ષ પણ નાનોસૂનો નહોતો. આખા એક યુગને કલાપદ્ધતિએ આવરી લીધો હતો એ હકીકત કલારસિકોએ ભૂલવા જેવી નથી.

ત્યાંથી બહાર નીકળ્યા ત્યારે બધાંયની આંખો આહ્લાદથી ચમકતી હતી. મુખ ઉપર પણ કોઈ સ-રસ અનુભૂતિની આભા ચમકાર કરી રહી હતી. તે સ્થિતિમાં બસ આગળ ચાલી અને જ્યારે એક જગ્યા બતાવીને બસના ગાઇડે કહ્યું કે આ કવિ શેલીની આરામગાહ છે ત્યારે ડોકું કદાચ વધારે દૂર સુધી અને વધારે સમય માટે એ દિશામાં ખેંચાએલું રહ્યું હશે, કેમ કે એને સ્વસ્થાને આણી જ્યારે મેં મારી આજુબાજુ જોયું ત્યારે પેલો મારી બાજુમાં બેઠેલો પ્રફુલ્લ હાસ્ય-વાળો યુવક મારી સામે જોઈ રહ્યો હતો. અમારી નજર એક થતાં એ હસ્યો. બોલ્યો: 'વ્હોટ એ બ્યૂટીફુલ પ્લેઈસ ફૉર અ પોએટ ટુ સ્લીપ?' મેં કહ્યું: 'ઍન્ડ વ્હોટ અ પોએટ!' કે લાગલો જ એ પૂછી બેઠો: 'તમને કવિતામાં રસ લાગે છે.'

અમારી મૈત્રીની શરૂઆત થઈ ગઈ. હતો તો એ અમેરિકન મા-નસપૃથક્કરણ શાસ્ત્રી—સાઈકૉઍનૅલિસ્ટ, હેમ જિનૉટ નામનો, પણ પશ્ચિમના ઊંચી કક્ષાના લોકો સામાન્ય રીતે હોય છે તેવો બહુવિધ રસ ધરાવતો એ યુવાન હતો. યહૂદી હતો ને ઇઝરાયેલ જવાનો હતો. કૅથોલિક સંપ્રદાયના ક્રિશ્ચિયન લોકોએ સર્જેલી ઉત્તમ કૃતિઓમાં તેને કેટલો જીવંત રસ હતો તે તો વૅટિકનની અમારી યાત્રા દરમિયાન સ્પષ્ટ થઈ ગયું. રોમની મહાનગરીની ભીતર આવેલી પોપની વૅટિક-નની એ નાજુક નગરી કેટલી બધી સૌન્દર્યભરી છે તે આખું જગત જાણે છે. યુરોપના અને સમસ્ત જગતના ઉત્તમ કલાકારોમાંના કેટલાક કલાકારોએ પ્રાણ પૂરીને પોતાની કલા ત્યાં પ્રગટ કરી છે. જોઈએ નહિ ત્યાં સુધી વાતચીત, વર્ણન કે વાચન દ્વારા જેને આપણે નયન સમક્ષ તાદૃશ ન કરી શકીએ, કે જેને વિષે સાચી કલ્પના ન કરી શકીએ એટલું બધું સૌન્દર્ય તેના નાના એવા વિસ્તારમાં સચવાઇને આજે સદીઓથી પડયું છે. ભલે આપણે માઇકેલ ઍન્જેલોનાં 'ડેવિડ' કે અન્ય શિલ્પો જોયાં હોય, પણ વૅટિકનમાં તેણે સર્જેલું બધું સૌન્દર્ય જોઈએ નહિ ત્યાં સુધી એ કેવી મહાન વિભૂતિ હશે એનો કોઈ સ્પષ્ટ ખયાલ આ-પણને પૂરતા પ્રમાણમાં આવે જ નહિ. ભવ્યતા પોતામાં કેટલું બધું નાજુક સૌન્દર્ય સાચવી શકે છે, કે સૌન્દર્યની નાજુકતા પણ ભવ્યતાના કેટલા બધા અંશો પ્રગટ કરી શકે છે તેનો પૂરો ખયાલ મેળવવા તો રોમ અને તેમાં યે વૅટિકન જવું જ જોઇએ, એવું લાગ્યું—હુન્ન અને એ બધું જોયું હોય તો પણ. આ બધું જોતાં તો સાથેના જિનૉટ સા-હેબ પણ અવાક્ જેવા થઈ ગયા. એથી તો, જ્યારે એક દેવળના પેલાં પ્રખ્યાત પગથિયાં ઉપર શ્રદ્ધાળુઓને ઘૂંટણિયાંભેર ચડતાં (એ સિવાય, બેઉ પગોના આશ્રયે ચડી જોઈએ તો પૂરો ધર્મલાભ મળે નહિ એટલા ખાતર ઘૂંટણિયાભેર ચડતાં) જોયાં ત્યારે આ ધર્મવિહીન બ-નતા જતા કાળમાં પણ ધર્મ પ્રત્યેની જે ઊંડી શ્રદ્ધા જળવાઈ રહેલી દેખાતી હતી તેનો ભાવ હું મારા શબ્દો દ્વારા વ્યક્ત કરતો હતો ત્યારે મને અટકાવીને તેમણે કહ્યું: 'Blow up your religion Mr. Broker. See the beauty of these steps.' હું ચમક્યો. ધ્યાનપૂર્વક જોયું. એની વાત સાચી હતી. માત્ર પગથિયાંની જ કારી-ગરી આટલી સૌન્દર્યસમૃદ્ધ હોઈ શકે તેનો તો હું ખયાલ જ નહોતો કરતો! નાનામાં નાની કે નજીવામાં નજીવી લાગતી ચીજો પણ સાચા કલાકારનો સ્પર્શ પામી હોય તો કેવી સૌન્દર્યમંડિત બની જાય છે!

ત્યાંથી પાછા જતાં બસમાં અમે બંને એ જ ચર્ચાએ ચડી ગયા. એ રસના પ્રવાહમાં તણાતા તણાતા જિનૉટે કહ્યું: 'કાલે લંચ ક્યાં લેવાના?' મેં કહ્યું: 'દિલ ચાહે ત્યાં.'

તો કહે: 'મારી સાથે લેવાનું દિલ થશે?'

'શા માટે નહિ થાય?' હું હસ્યો: 'પણ એક શરત છે.' 'શી?'

તદ્દન શાકાહારી ખોરાક જોઈએ...ને સારો. હું ખાઉં છું ત્યાં શાકાહારી હોય છે, સારો નથી હોતો.'

'સરસ ખવડાવીશ.' 'તો સાથે ખાઈશું,'

'તો એ નક્કી. કાલે બપોરે પણ આપણે ટૂરમાં સાથે જ છીએ. સાથે જ ખાઈશું. ને પછી બસમાં સાથે જ જઈશું.' 'કબૂલ.'

'આ મુસાફરી પૂરી થાય ત્યારે આપણે એ માટે મળવાનો સમય અને સ્થળ નક્કી કરી લઈશું.' 'જરૂર.'

એમ બધું જોતાંજોતાં સાંજ પડવાને સમયે કૉલોસિયમ આગળ પહોંચી ગયા. મેં તો જોએલું હતું, પણ લોમિયાની ભાષાથી એ વિશેષ રસપ્રદ બની ગયું. જિનૉટ પણ એ જોવામાં, અને એ વિષે રસભરી વાતો અને કલ્પનાઓ કરવામાં મશગૂલ હતો. પણ ત્યાં તો—એ એવો મશગૂલ હતો ત્યાં જ—તેની આંખ એક દિશામાં ખેંચાઈ. પછી ત્યાં જ સ્થિર થઈ જતી લાગી. બેપાંચ ક્ષણ પછી એ મારી તરફ ફર્યો, એની ચપળ આંખો સવિશેષ સજીવન થઈ ગઈ હતી: 'એક્સક્યૂઝ મી.' કહીને એ બે ડગલાં ચાલ્યો. પછી તો એનો અવાજ જ મને સંભળાયો: 'હલ્લો નૅન્સી!' કહેતો. એટલો બધો ઉત્સાહભર્યો હતો એ અવાજ! સકૌતુક મેં એ દિશામાં જોયું. એક સુંદર યુવતી ઊભી હતી. સ્મિત કરી રહી હતી તેથી વળી વિશેષ સુંદર લાગતી હતી. બંને જણાં હોંશે હોંશે વાતો કરતાં હતાં. જૂનાં પરિચિતો લાગ્યાં.



ઍપોલો અને ડેફ્ને. 'બારૉક' કલાશૈલીની અસરવાળું બર્નિનીનું એક શિલ્પ. હૂબહૂ નિરૂપણમાં માધ્યમ અને શોભનનો વધુમાં વધુ ઉપયોગ એ આ શૈલીનું એક આગવું લક્ષણ છે.

ને પછી તો, જિનૅાટ મને સદંતર ભૂલી જ ગયો લાગ્યો. ફરી બસમાં બેઠાં ત્યારે મારી બાજુમાં જિનૅાટ નહોતો. બીજી જગ્યાઓ જોવા નીચે ઊતર્યા ત્યારે હું તેને જોતો હતો, પણ એ તો મને જોતો પણ નહોતો! બીજે દિવસે એની સાથે લંચ લેવાનું આમંત્રણ આપ્યું હતું એ વાત પણ એ ભૂલી ગયો લાગ્યો. હવે તો મારે મારી મેળે જ એ પતાવવાનું હતું. છતાં, એની એ મુગ્ધ પ્રસન્નતા જોઇ મને ખૂબ આનંદ થયો.

રાત પડી ત્યાં લ્યુચિયા આવી. એ જુવાન ઇટૅલીઅન સ્ત્રી સશક્ત અને સરસ હતી. મીઠી અને પ્રેમાળ પણ. કોઈક સેમિનારમાં શેષાદ્રિ સાથે એને મૈત્રી થએલી. સાથે તેનાં બેન તથા બનેવી પણ હતાં. મઝાનાં માણસો લાગ્યાં. જમવા ખેંચી ગયાં. ફરવા પણ ખરાં જ. મેં કહ્યું કે એની જરૂર નહોતી, કેમ કે દિવસભર મેં તો રોમ જોયા જ કર્યું હતું. એથી એ ત્રણે હસી પડયાં. સ્વચ્છ એટલું નિર્મળ હાસ્ય. કહે: 'રાતે રોમ જુદું હોય છે. જુઓ તો ખબર પડે.'

તેમની સાથે અને તેમની નજરે રાતનું રોમ જોયું. જાણે આખું દૃશ્ય જ બદલાઈ ગયું હતું. વેરાન વિસ્તારોમાં પણ ગયાં. એ વેરાને પણ કાયાપલટ કરી નાખી હોય તેવું લાગ્યું. સાહિત્ય વિષે વાતો કરવા લાગ્યાં. લ્યુચિયાને તેમાં વિશેષ રસ હતો. પેલાં બંને વિવેકી હતાં. છેલ્લે તેમની સાથેના ભાઈએ પૂછ્યું: 'એક પ્રશ્ન પૂછું, મિ. બ્રોકર?'

'પૂછોને, જરૂર.' મેં કહ્યું.

'મને એક કુતૂહલ થાય છે.' તેણે કહ્યું: 'તમે યુરોપમાં આટલું બધું ફર્યા, તેમાં તમને સહુથી નોંધપાત્ર બાબત કઈ લાગી હશે?'

મેં સામું પૂછ્યું: 'સાચું કહું?' ત્રણે એકીસાથે બોલી ઊઠયા: 'જરૂર, જરૂર.' ઉત્સુકતા તેમની આંખોમાં તરવરી રહી.

મેં કહ્યું. 'મારી આખી મુસાફરી દરમિયાન મને એક જ વાત અત્યંત આશ્ચર્યજનક લાગી છે.' 'શી?'

'યુરોપના લોકોનો ભારતના સાહિત્ય વિષેના કુતૂહલનો અભાવ. બધી જ વસ્તુઓ વિષે તેમ હશે, પણ હું સાહિત્યનો માણસ છું એટલે સાહિત્ય વિષે જ વાત કરી શકું, માત્ર રવીન્દ્રનાથ ટાગોરનું નામ બધાં જાણે છે, બાકી કશું જ નહિ. જાણે એ નામ આવ્યું અને પછી સાહિત્યનો આખો સ્રોત હિંદુસ્તાનમાં થીજી ન ગયો હોય!

'એવું તો નહિ, પણ......' લ્યુચિયા બોલવા ગઈ.

'એવું જ છે.' મેં કહ્યું: 'તમે જ જુઓને, આપણે આટલી બધી વાતો કરી. તમે જોઇ શકયાં હશો કે પિરૅન્ડેલો કે મોરેવિયા વિષે આપણે વાતો કરીએ છીએ ત્યારે હું તમને બહારનો માણસ નથી લાગતો. પણ તમે શું જાણો છો ભારતના સાહિત્ય વિષે? તમે એટલે તમારા જેવા ઉચ્ચ કોટિના સાહિત્યરસિકો. હું બે મહિનાથી યુરોપમાં રખડું છું. પહેલવહેલો જર્મની ગયો હતો. છેલ્લો અહીં આવ્યો છું. ત્યાં પણ મેં આ જ કહેલું, કમભાગ્યે આજે પણ એ જ કહેવું પડે છે. મારી એ પહેલી છાપ આટલા દિવસોમાં દૃઢતર બની છે, હળવી નથી થઈ. એમાં બીજું તો કશું નથી. એ મને એવું બધું ખૂંચતું પણ નથી; પણ છતાં કોઈને એ વિષે કશું કુતૂહલ કેમ નહિ થતું હોય એનું આશ્ચર્ય મને થાય છે જ.'

એ બાબતમાં તેમણે થોડો બચાવ કરવાની મહેનત કરી જોઈ, થોડો વિનોદ કર્યો અને થોડી રકઝક પણ કરી. પણ આખરે, પ્રામાણિક લોકો હતાં એટલે, તેમણે મારી વાત કબૂલ કરી. પણ ભારતના અદ્યતન કે ટાગોર પછીના સાહિત્ય વિષે—તો એક અક્ષર પણ બોલવો કે એક પ્રશ્ન પૂછવો તેમને સૂઝયો નહોતો તેનું તેમને પૂરેપૂરું ભાન હતું.

છતાં તેમનો પ્રેમભર્યો ઉત્સાહ અદમ્ય હતો. સરસ જગ્યાએ જમવા લઈ ગયાં. પછી એક મોટા ફુવારા પાસે ગયાં. રોમનો એ પ્રખ્યાત ફુવારો છે—ટ્રેવી નામનો. તેમાં બેસાડેલા ઘોડાઓનું શિલ્પ અદ્‌ભુત છે. રાતની બત્તીઓના પ્રકાશમાં પાણીની ગતિ નયનરંજક લાગતી હતી. ચારે બાજુ ઝળાંહળાં થતું હતું. આજુબાજુ હસતાં રમતાં, કિલ્લોલ કરતાં સ્ત્રીપુરુષોનાં ટોળાં જામ્યાં હતાં. થોડી વાર એ બધું જોતાં ઊભાં રહ્યાં. પછી લ્યુચિયા કહે: 'એક નાનો સિક્કો ખિસ્સામાંથી કાઢો, મિ. બ્રોકર.' મેં સાશ્ચર્ય પૂછ્યું, 'કેમ?'

'તમારી પાસે એ આમાં નખાવવો છે.' 'પણ શા માટે?'

તે હસી પડી, 'આ ફુવારામાં સત છે. આમાં સિક્કો નાખીને ગમે એક ઇચ્છા કરવાની. એ ઇચ્છા હમેશાં ફળીભૂત થાય છે, એમ કહેવાયછે.'

'હું શાની ઇચ્છા કરું?'

'પાછા રોમ આવવાની. અને એ વખતે પણ અમને મળી મિલનનો જે આનંદ તમે આ વખતે આપ્યો છે તેવો જ આનંદ ફરી વાર આપવાની. લ્યુચિયાની બહેન બોલી ઊઠી.

'આનંદ આપવાની વાતની તો ખબર નથી, પણ ફરી વાર અહીં આવવું મને જરૂર ગમશે. ને તમને મળવું તો અચૂક ગમશે જ.' કહી મેં સિક્કો ફુવારાનાં પાણીમાં ફેંક્યો.

સાત વર્ષ થઈ ગયાં એ વાતને. હજી તો એ ઇચ્છા ફળી નથી.

કલાવાર્તા

ગાંધીદર્શન


રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની જન્મશતાબ્દીની ઉજવણીમાં દેશમાં જે અનેક આયોજનો થયાં તેમાં કદાચ સૌથી મોટું અને કાયમી રહી શકે તેવું નોંધપાત્ર આયોજન તે ગાંધીજીના જીવન, કાર્ય અને ફિલસૂફીને અનુલક્ષીને દિલ્હીમાં યોજાએલું ઉપર્યુક્ત મહાપ્રદર્શન. ગાંધીજીની સમાધિ પાસે રાજઘાટ ઉપર, લગભગ ચાળીસ એકરના વિસ્તારમાં રૂપિયા એક કરોડ જેટલા ખર્ચે આયોજિત એ મહાપ્રદર્શન ગાંધી-જન્મશતાબ્દીના દિવસે બીજી ઑક્ટોબર ૧૯૬૯ના રોજ ખુલ્લું મુકાયું અને આગામી ૨૨મી ફેબ્રુઆરી—કસ્તૂરબા જયંતીદિન સુધી તે જનતા માટે ખુલ્લું રહેશે. અને તે પછી પણ એમાંના છ મુખ્ય મંડપો તો ત્યાં કાયમ ચાલુ રહેશે. આના અનુસંધાનમાં એક રેલવે ટ્રેન-પ્રદર્શન પણ યોજાયું છે, જેમાં ઉપર્યુક્ત વિષયનું નિરૂપણ કરતા ડબ્બાઓ ભરેલી એક આખી ટ્રેન દેશનાં મુખ્ય મુખ્ય સ્ટેશને થોડા થોડા દિવસો થોભીને આસપાસના વિસ્તારની જનતા માટે ખુલ્લી રહેશે.

ઉપર્યુક્ત પ્રદર્શનમાં ગાંધીજીનાં જીવનકાર્ય તથા ફિલસૂફીનું નિરૂપણ કરતા છ વિભાગોના છ પૅવિલિયન પાકાં મકાનો રૂપે નિર્માણ કરવામાં આવ્યા છે. તેનું આયોજન તે તે ક્ષેત્રના ચિંતક–કલાકારો દ્વારા થયું છે: ૧–મારું જીવન એ જ મારો સંદેશ (આયોજન: વિઠ્ઠલભાઇ ઝવેરી);૨–મારાં સ્વપ્નોનું ભારત(અદારકર): ૩–સત્યાગ્રહપ્રવૃત્તિની ઉત્ક્રાંતિ (રવિશંકર રાવળ) ૪–વસુધૈવ કુટુંબકમ્ (નૅશનલ ડિઝાઈન ઇન્સ્ટિટ્યૂટ : દશરથ પટેલ) ૫–ગાંધીજી અને માનવ-ઉત્ક્રાંતિ (મહાદેવન); ૬–રચનાત્મક પ્રવૃત્તિ (રતુભાઈ અદાણી).

આ પૅવિલિયનોની સ્થાપત્યરચનાનો સમન્વય સાધીને સમગ્ર પ્રદર્શનના સુમેળયુક્ત આયોજનનું કાર્ય જાણીતા સ્થપતિ શ્રી માનસિંહ રાણા(કચ્છના ક્રાંતિકારી શ્યામજી કૃષ્ણવર્માના સાથી, સૌરાષ્ટ્રના ક્રાંતિકારી સરદારસિંહ રાણાના આપ્તજન)ને હાથે થયું છે, અને પૅવિલિયનોની વ્યક્તિગત રચના બર્નાર્ડ કૉહ્ન, ચાર્લ્સ કોરિયા, કુ. રેને ડાસિંગ જેવાં આધુનિક અગ્રગણ્ય સ્થપતિઓએ કરી છે. પ્રદર્શનોની આંતરિક રચના, ચિત્રો તથા શિલ્પોનાં આયોજન, સુશોભનો વગેરે દેશના જાણીતા



'ગાંધીદર્શન'માં રજૂ થએલી બે કૃતિઓ: મહાત્માજીની પ્રેરણાથી શ્રી શંકરલાલ બૅંકર અને શ્રીમતી અનસૂયાબહેને ચલાવેલી મજૂર-પ્રવૃત્તિમાંથી વિકસેલા 'મજૂર મહાજન'-ની સુવર્ણજયંતીની ઉજવણી. (ચિત્રકાર: રમેશ મહેતા). નીચે: દારૂનિષેધની પ્રવૃત્તિના લાભ નિર્દેશતું આલેખન. (ચિત્રકાર: પ્રદ્યુમ્ન દવે)





વિનોબાજી પોતાના વ્યાખ્યાનમાં અવારનવાર વાપરે છે એ દુહા પરથી દાન કરવા વિષેનો બોધ આપતું ચિત્ર. (ચિત્રકાર: વિનય ત્રિવેદી)

કલાકારોને હાથે થયાં છે, જેમાં શ્યાવક્ષ ચાવડા, કૃષ્ણ હેબ્બાર, કે. જી. સુબ્રહ્મણ્યમ્, શંખો ચૌધરી બદરીનારાયણ, પરિતોષ સેન, બિરેન દે, કનુ દેસાઈ, રસિકલાલ પરીખ, શાંતિ દવે, કુમ૰ રશ્મી મંગળસિંહજી, બંસીલાલ વર્મા, શાંતિલાલ શાહ, શિવ પંડ્યા, ભીખુભાઈ આચાર્ય, કાંતિલાલ કાપડિયા, ગિરીશ ભટ્ટ, રમેશ પંડ્ય, વિનય ત્રિવેદી પ્રદ્યુમ્ન દવે, જયંત પરીખ, સનત ઠાકર વગેરેની કળા જોવા મળે છે.


આ ઉપરાંત ગુજરાત, મહારાષ્ટ્ર આદિ ભારતનાં કેટલક રાજ્યોએ તથા ઇંગ્લંડ, અમેરિકા આદિ જગતના દેશોએ પણ નિરનિરાળા મંડપોમાં પોતાના તરફની અંજલિરૂપ પ્રદર્શનો યોજ્યાં છે. રેલવે ટ્રેન પ્રદર્શનનું આયોજન કનુ દેસાઈએ કર્યું છે. પ્રદર્શનમાં કેટલી૰ ચિત્ર-શિલ્પ કૃતિઓ પ્રયોગાત્મક અમૂર્ત૰ગૂઢ સ્વરૂપની છે; તો કેટલીક ગાંધીજીનાં જીવન તથા કાર્યનું વાસ્તવરૂપમાં નિદર્શન કરાવતી ચિત્રનિરૂપણાત્મક છે, જે સામાન્ય જનતા સમજી શકે એવી છે. એમાંની થોડી કૃતિઓ આ સાથે આપી છે. અન્ય ક્રમશઃ આગામી અંકોમાં આવશે.



માનવજીવનના ઉદ્ધારનો માર્ગ શોધવા માટે પીપળાના વૃક્ષ તળે ^સી કુમાર સિદ્ધાર્થે કઠોર તપશ્ચર્યા આદરી. અનેક દિવસ બાદ એમનું તપ ફળ્યું પણ એ દરમિયાન શરીર તદ્દન કૃશ થઈ ગયું. બુદ્ધપદ પામેલા એમની તેજસ્વિતા અને ભૂખથી નબળા થઇ ગએલા શરીરને જોઈ ત્યાંથી પસાર થતી હરિજન કન્યા સુજાતાએ પોતાની પાસેની ખીર એમને ધરી અને તેનો પ્રેમ તથા સદ્‌ભાવ જોઈ ભગવાન બુદ્ધે તે સ્વીકારી અને પછી માનવ માનવ વચ્ચેના ભેદભાવ ટાળવા પ્રવૃત્ત થયા. આ અંકના મુખચિત્રમાંના 'વિશ્વમાતૃકા' શિલ્પની બેઠકની આઠ પહલૂઓ ઉપરનાં આઠ ભાસ્કર્ય પૈકીનાં બે અહીં ઉપર તથા નીચે આપ્યાં છે. બાકીનાં છ પાછળના પાના પર.

નીચે: દક્ષિણ ભારતીય મંદિરોમાં હરિજનો માત્ર દેવસ્થાનની પાછળ રહી ભગવાનની પીઠનાં જ દર્શનનો અધિકાર ધરાવતા હતા. પણ એક હરિજન ભક્તની નિયમિત નિષ્ઠાપૂર્વકની દર્શનાભિલાષાથી પ્રસન્ન થઈ એક દિવસ ભગવાને એના તરફથી પીઠ ફેરવી લઈ સંમુખ બની એને દર્શન આપ્યાં. અને પોતાને મન ઉચ્ચનીચના કોઈ ભેદ ન હોવાની પ્રતીતિ કરાવી. (બંને કૃતિનું ભાસ્કર્ય કાન્તિલાલ કાપડિયાએ કરેલ છે.)



ડાબી બાજુ: ઉચ્ચ-નીચનો ભેદ ટાળવા પુરીના જગન્નાથ મંદિરમાં ભગવાન ચૈતન્ય મહાપ્રભુએ પણ હરિજનો સાથે ભળીને કીર્તન કરેલું. એ જ રીતે (જમણી બાજુ) શ્રીમદ્ વલ્લભાચાર્યે પણ પોતાના શિષ્યગણમાં હરિજન, ચમાર, મુસ્લિમ વગેરેને અપનાવ્યા હતા.




ડાબી બાજુ: મહારાષ્ટ્રના સંત તુકારામને મન:પણ સવર્ણો અને હરિજનો માટે ભેદભાવ નહોતો તેમજ (જમણી બાજુ) ગુજરાતના સંત કવિ ભક્ત નરસિંહ મહેતાએ પણ હરિજનવાસમાં જઈ ભજનકીર્તન કર્યાની કથા જાણીતી છે.




સ્વામીનારાયણ સંપ્રદાયના પ્રસારક સહજાનંદ સ્વામીએ પણ ઉચ્ચ-નીચનો ભેદભાવ દર્શાવ્યો નથી અને (જમણી બાજુ) આ સૌ સંતોને માર્ગે ચાલી ગાંધીજીએ સાબરમતી આશ્રમમાં હરિજન કુટુંબને આવકારીને અસ્પૃશ્યતા-નિવારણ માટે પ્રયત્નો આરંભ્યા હતા. સ્પૃશ્ય-અસ્પૃશ્યના ભેદભાવનું દૂષણ ટાળવાના આ બધા પ્રયાસોના ભાસ્કર્ય દ્વારા કાંતિલાલ કાપડિયાએ અસ્પૃશ્યતા દૂર કરવાનો એક કલાત્મક બોધ આપ્યો છે.

સાહિત્યસંપર્ક

કાવ્યશાસ્ત્ર-ચર્ચા

અવલોકન : પ્રો. ડૉ. ધીરુભાઈ પરીખ

રસસિદ્ધાન્ત

ભારતીય સાહિત્યમાં કવિતાના જુદાજુદા સિદ્ધાંતોની ચર્ચા છેક વિવેચક ભામહથી શરૂ થએલી છે. એ ચર્ચામાં 'રસ'નો સિદ્ધાંત ધીમેધીમે વધુ ને વધુ મહત્ત્વ ધરાવતો થયો છે. કાવ્યભાવનમાં(કવિતાનો આસ્વાદ લેવામાં) એ સિદ્ધાંત કઈ કઈ રીતે ઉપયોગી થાય છે તે જુદીજુદી રીતે અનેક ગ્રંથોમાં તપાસવામાં આવ્યું છે. એ બધી ચર્ચા આપણા પૂર્વાચાર્યોએ પોતાના જે જે કાવ્યશાસ્ત્ર વિષયક ગ્રંથોમાં કરી છે તે સર્વને તારવીને સુગ્રથિતરીતે એક જ ગ્રંથમાં રજૂ કરવાનો એક ઘણો જ સફળ પ્રયાસ હિંદીમાં ડૉ. નગેન્દ્રે પોતાના 'રસસિદ્ધાંત' નામના ગ્રંથમાં કર્યો છે, અને એનો સરસ અનુવાદ હમણાં ગુજરાતીમાં થયો છે, જે કવિતાના બધા રસિકોએ માત્ર વાંચવા જ નહિ અભ્યાસ કરવા યોગ્ય છે.

ગ્રંથનું આયોજન કોઈ ઉત્તમ શોધપ્રબંધને અનુરૂપ છે. લેખકે એને છ અધ્યાયમાં વહેંચી નાખ્યો છે પ્રથમ અધ્યાયમાં 'રસ' શબ્દનો અર્થવિકાસ અને 'રસ'ના એ સમ્પ્રદાયની ઐતિહાસિક પૃષ્ઠભૂમિકા રજૂ કરી છે. બીજા અધ્યાયમા રસની પરિભાષા, તેનું સ્વરૂપ અને આસ્વાદ સમજાવવાનો પ્રયાસ થએલો છે. ત્રીજામાં રસની નિષ્પત્તિ અને એના સ્થાન વિષે લેખકે વિશદ ચર્ચા કરી છે. ચોથો અધ્યાય પૂર્વ અને પશ્ચિમની ચર્ચાને આધારે ભાવોની છણાવટ કરે છે,તેમજ એના ઉત્તરાર્ધમાં 'રસભેદ' અને 'એક મૂળ રસની કલ્પના' આદિનું વિવેચન કરેલું છે. પાંચમો અધ્યાય 'રસોનો પરસ્પર સંબંધ', 'અંગીરસ', 'રસધ્વનિ' અને 'રસાભાસ'ને આવરી લે છે અને છઠ્ઠો અધ્યાય ઉપસંહારાત્મક છે, જેમાં રસસિદ્ધાંતની શક્તિમર્યાદા, રસનો સાચો અર્થ, ભારતીય તેમજ પાશ્ચાત્ય કાવ્યશાસ્ત્રની દૃષ્ટિએ રસ રસસિદ્ધાંત સામે થએલા વિવિધ આક્ષેપો અને એનું સમાધાન જોવા મળે છે. આમ છએ અધ્યાયમાં થઈને લેખકે રસસિદ્ધાંતને સમગ્રતયા ચકાસ્યો ને મૂલવ્યો છે.

ભારતીય કાવ્યાચાર્યોના કાવ્યશાસ્ત્રગ્રંથોનો આ સિદ્ધાંતાનુલક્ષી સાર સુશ્લિષ્ટ સ્વરૂપે

શબ્દકથા : કિંવદંતી. કિન્નર

ભાષા, સ્વરૂપે અને સ્વભાવે, બહુમુખી હોઇને પૃથક્કરણ અને વર્ગીકરણનાં ચુસ્ત ચોકઠાંને તે અવારનવાર અવગણતી દેખાય છે. ધાતુ, સાદું અંગ, સમસ્ત અંગ, રૂપ, શબ્દ, શબ્દગુચ્છ એવાં ખાનાંમાં ભાષાસામગ્રીને ગોઠવતાં કેટલીક શેષ એવી રહે, જે બે ખાનાંની વચ્ચે જ ક્યાંક ગોઠવાવાનો આગ્રહ રાખે. શબ્દગુચ્છ કે વાક્યખંડમાં લગોલગ વપરાતા શબ્દો સમય જતાં એકબીજા સાથે સંધાઇ, રેણાઇને એકાત્મક બની જતા હોય છે. વચગાળામાં તેમને 'શબ્દ' અને 'શબ્દગુચ્છ'ની વચ્ચે ક્યાંક મૂકી શકાય : ત્યારે નથી હોતા તે શબ્દ, કે નથી હોતા શબ્દગુચ્છ. આનાં ઉદાહરણો સંસ્કૃત, પ્રાકૃત ને ગુજરાતીમાંથી પણ સહેજે ચીંધી શકાય છે.

'કિંવદંતી' (=અફવા, લોકવાર્તા) શબ્દ લઈએ. 'જનાઃ કિંવદંતિ' (=લોકો શું કહે છે?) એ વારંવાર વપરાતા રૂઢ પ્રશ્નવાક્ય પરથી 'કિંવદંતી' શબ્દ બન્યો. આ પ્રકારના પ્રશ્નમાં અમુક વિશિષ્ટ ધ્વનિ પણ હોઈ શકે. 'એ તે શું રાજા છે?' એવો પ્રશ્ન વિશિષ્ટ કાકુ સાથે પૂછાતાં, 'તે રાજા નથી', 'તે રાજા નામને પાત્ર નથી', 'તે નકામો કે ખરાબ રાજા છે' એવો આશય વ્યક્ત થતો હોય છે. આથી 'કિંરાજન્' એટલે 'ખરાબ રાજા', 'કિંપ્રભુ' એટલે 'ખરાબ સ્વામી', 'કિંસખા' એટલે 'ખરાબ મિત્ર', 'કિંદેવ' એટલે 'હલકો દેવ' વગેરે સંસ્કૃતમાં પ્રચલિત બન્યા.

કિન્નરનું સ્વરૂપ અર્ધું નર અર્ધું અશ્વનું કલ્પેલું હોઇને 'આ તે શું નર છે?' (કિંનરઃ?) એવા પ્રશ્ન પરથી 'કિન્નર' અને તે જ પ્રમાણે 'કિંપુરુષ' સમજી શકાય. અને 'કિં કરોમિ' ('હું શું કરું?') એમ વારંવાર પૂછે તે 'કિંકર'. આ પ્રમાણે શબ્દગુચ્છ કે વાક્યમાંથી બનેલા સામાસિક શબ્દોના બીજા કેટલાક પ્રકારો હવે પછી જોઈશું.

હરિવલ્લભ ભાયાણી

સંસ્કૃતના કાવ્યશાસ્ત્ર વિષયક ગ્રન્થો નહિ વાંચી શક્યાનો અફસોસ ટાળી દે એવો એક ખાસ અભ્યસનીય ગુજરાતી અનુવાદ

અહીં રજૂ થયો છે. પરિણામે એ મૂળ ગ્રંથો નહિ વાંચ્યાનો અફસોસ વાચકને રહેતો નથી. આમાં પૂર્વાચાર્યોના એ સિદ્ધાંતનું માત્ર શુષ્ક જડ ભાષ્ય જ નથી કર્યું, પરંતુ એ સિદ્ધાંત પરત્વેનું પોતાનું સ્વતંત્ર દૃષ્ટિબિંદુ પણ લેખકે યથાસ્થાને પ્રદર્શિત કરીને ચર્ચાને સજીવ બનાવી છે. આજના યુગના સંદર્ભમાં આ પ્રાચીનશ્રેષ્ઠ રસસિદ્ધાંતનું મૂલ્ય સમજાવીને એમણે આ ગ્રંથમાં એની મહામૂલી પ્રતિષ્ઠા કરી છે. તેમાં યે છેલ્લા અધ્યાયમાં એમણે રસસિદ્ધાંત સામે થએલા વિવિધ આક્ષેપો રજૂ કરીને એનું જે સમાધાન કર્યું છે તે ખૂબ પ્રતીતિકર છે. સૌષ્ઠવવાદ, ઉલ્લાસવાદ, આદર્શવાદ, વાસ્તવવાદ, અભિવ્યંજનાવાદ, પ્રભાવવાદ, પ્રતીકવાદ આદિ પશ્ચિમના જુદાજુદા વાદો કાવ્યાસ્વાદને અને કાવ્યના માહાત્મ્યને સમગ્રરીતે સમજાવી શકે તેમ નથી એમ કહીને લેખક નિર્ભીકપણે કહે છે કે "મારી ધારણા પ્રમાણે 'રસસિદ્ધાંત' જ એક એવો વ્યાપક સિદ્ધાંત છે કે જેમાં આ વાદોનો વિરોધ શમી જાય છે, જે બધાને અનુકૂળ પડે છે ને બધાનો પોતાના સ્વરૂપમાં સમાવેશ કરે છે."

આવા મહત્વપૂર્ણ સિદ્ધાંતની શાસ્ત્રીય છણાવટ કરતા, અત્યંત ઉપયોગી હિન્દી ગ્રંથનો આપણા બે જાણીતા પ્રાધ્યાપકો શ્રી ચંદ્રકાન્ત મહેતા અને શ્રી મહેન્દ્ર દવેએ ગુજરાતીમાં સમુચિત અનુવાદ કરીને ગુજરાતી વાચકોને મોટો લાભ કરી આપ્યો છે. અત્યારે આપણી યુનિવર્સિટીઓમાં વિવિધ કક્ષાએ કાવ્યશાસ્ત્રનો વિષય અભ્યાસક્રમમાં હોય છે ત્યારે આ ગ્રંથ અધ્યાપકો અને વિદ્યાર્થીઓને ઘણો ઉપયોગી થઈ પડશે. ઉપરાંત પ્રત્યેક સાહિત્યરસિકને પણ રસસિદ્ધાંત સમજવામાં આ ગ્રન્થ ખૂબ જ સહાયરૂપ નીવડે તેવો છે.–મૂળ લેખક ડૉ. નગેન્દ્ર · અનુવાદકો : ચંદ્રકાન્ત મહેતા, મહેન્દ્ર દવે · પ્રકાશક : સરદાર પટેલ યુનિવર્સિટી (વલ્લભ વિદ્યાનગર)ના આશ્રયે નૅશનલ પબ્લિશિંગ હાઉસ, ૨/૩૫ અનસારી રોડ, દરિયાગંજ, દિલ્હી, મોટું (રૉયલ આઠપેજી) કદ, ૪૧૨ પાનાં, પાકું પૂઠું, રૂા. ૨૦.

'અરૂઝ'

ગઝલનું શાસ્ત્ર

પરભાષામાંથી આપણે ત્યાં ઘણાં સાહિત્યસ્વરૂપો આકર્ષણ જમાવીને દૃઢમૂલ થયાં છે. અંગ્રેજી સાહિત્યમાંથી જેમ સૉનેટે પોતીકું ઘર કરી લીધું છે તેમ ફારસીમાંથી ગઝલે આપણે ત્યાં પોતાનો પાયો મજબૂત કરી લીધો છે. આવા પરભાષાના સાહિત્યસ્વરૂપનો જ્યારે પ્રચાર થાય છે ત્યારે મોટે ભાગે એની મુખ્ય લાક્ષણિકતાઓ પકડી લઇને ચલાવી લેવામાં

આવે છે. પછી એ ફેલાવો વધતાં અનેકોના એની સાથે ચેડાં શરૂ થાય છે. આમ કરતાં ક્યારેક એ સ્વરૂપ વણસે પણ છે.

આપણે ત્યાં ગઝલનું આકર્ષણ છેક 'પંડિત યુગ'થી રહેલું છે. બાલાશંકર–મણિલાલ–કલાપીની ગઝલોએ લોકોને ઠીકઠીક ડોલાવેલાં. ત્યારથી શરૂ કરીને અદ્યાપિ પર્યંત એ પ્રકાર નવી નવી રીતે ખેડાતો રહ્યો છે. વિષય-વૈવિધ્યથી માંડીને તે એની સ્વરૂપગત લાક્ષણિકતાઓમાં અવનવા પ્રયોગો થતા રહે છે.

આવા પ્રિય કાવ્યસ્વરૂપને સમજાવવાનો પ્રયાસ આપણા જાણીતા ગઝલ કવિ શ્રી 'શૂન્ય' પાલનપુરીએ અરૂઝ (ફારસી કાવ્ય-કલા)ની એક પુસ્તકશ્રેણીમાં સરસરીતે શરૂ કર્યો છે. એની આ પ્રથમ પુસ્તિકામાં એમણે શેરની સ્વરૂપચર્ચા કરી છે. પુસ્તકને એમણે ૧) શેરની અગત્ય, ૨) અર્થ અને વ્યાખ્યા, ૩) શેરનાં અંગો, ૪) છંદસ્વરૂપ, ૫) શેરના રંગો, ૬) વિચારોની અભિવ્યક્તિ ને ૭) શેરના પ્રકારો, એમ સાત પ્રકરણોમાં વહેંચ્યું છે. આમ આ શાસ્ત્રીય ચર્ચાનું પુસ્તક બની રહે છે.

શેરની વ્યવસ્થિત શરૂઆત ક્યાંથી થઈ અને કોણે કરી, એની અગત્ય શી અને એના પ્રકારો તથા બંધારણ કેવાં છે તેની સૂઝપૂર્વકની ચર્ચા કરીને દરેક વખતે ચર્ચાના મુદ્દાને સુસ્પષ્ટ કરવા વિવિધ શેરનાં દૃષ્ટાંતો રજૂ કર્યાં છે. આ દૃષ્ટાંતો પણ સમજપૂર્વક મુકાયાં છે અને કોઈ કોઈ સ્થાને એમણે પોતાનું સ્વતંત્ર ભાષ્ય પણ આપ્યું છે.

શેરની મૂળ વ્યાખ્યા આ પ્રમાણે આપી છે: 'ઈરાદાપૂર્વક લખાએલી સ માપ પ્રાસ-યુક્ત વાણી'. આ વ્યાખ્યાની વિગતે ચર્ચા કરીને લેખકે એમાં ઉમેર્યું છે કે શેરનો પ્રાણ 'ચોટ' છે. વળી, વ્યાખ્યાના 'સ-માપ' શબ્દને સમજાવતાં લખે છે: 'સ-માપ' શબ્દનો અર્થ–અપાએલા માપ-વજન પ્રમાણે શબ્દોનું 'લય-બદ્ધ સંયોજન' એવો કરવો જોઈએ. આ અને આવા બીજા મુદ્દા જોતાં એની પ્રતીતિ થયા વગર રહેતી નથી કે લેખકને શેરના સ્વરૂપનો તલસ્પર્શી અભ્યાસ છે.

તો શેરમાં શબ્દ-સુમેળની ચર્ચા કરતાં અત્યારના ગઝલકારો સામે એમણે લાલ બત્તી ધરી છે અને ખેદ વ્યક્ત કર્યો છે કે 'દુર્ભાગ્યે કેટલાક ગુજરાતી ગઝલકારો ભાષાને સાચવવાની અરૂઝની ખૂબી પ્રત્યે જોઈએ તેટલા સજાગ નથી.' શેરોની ભાષા ફારસીમય જ હોવી જોઈએ એવી વાડાબંધીનો વિરોધ કરીને

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનનાં ઉપાસકોના ઉત્તરો : ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર ચંપકલાલ મહેતા



શ્રી અંજલિ મેઢ

જન્મ: સુરતમાં ૧૧ સપ્ટે૦ ૧૯૨૮. અડ્યારની કલાશાળામાં નૃત્ય, કર્ણાટકી સંગીત, તમિળ સંસ્કૃત ને અંગ્રેજી ભાષા, ચિત્રકળા, રંગભૂમિ ને પ્રકાશ-આયોજનનો અભ્યાસ કર્યો. ત્રણસો ઉપરાંત નૃત્યોમાં અગ્રગણ્ય ભાગ ને સોથી યે વધારેનું સંયોજન. ૧૯૬૦થી વડોદરા યુનિ૦માં નૃત્યનાં મુખ્ય પ્રાધ્યાપિકા. ૧૯૬૧થી ગુજરાત રાજ્ય સંગીત-નાટ્ય ઍકેડેમીમાં સભ્ય. ૧૯૬૬માં વડોદરા યુનિ૦ની સેનેટમાં. ૧૯૫૩માં યુનિ૦ના ભૂસ્તરશાસ્ત્રના પ્રા. ડૉ. સુકુમાર મેઢ સાથે લગ્ન.

૧ નર્તનકલા એટલે?

ઉ. શિસ્ત સાથેની તાલબદ્ધ કલા. જીવનમાં પણ એ શિસ્ત ને તાલ આણે છે. એ વિનાનું જીવન અકુદરતી લાગે છે; એની સાથેનું જીવન સંસ્કૃતિના કલામય પ્રતીક સમું બની રહે છે.

૨ કલા સંબંધી તમારી શી માન્યતા છે?

ઉ. કલા એ સંસ્કૃતિનું દર્પણ છે. અંતરની ઉચ્ચ ઊર્મિઓ તેમાં વ્યક્ત થાય છે. યોગસાધના જેવી એ એક સાધના જ છે, જેના દ્વારા કલાકાર પ્રભુ સાથે તન્મયતા અનુભવે છે.

૩ જીવનને તમે કયા દૃષ્ટિકોણથી જુઓ છો?

ઉ. મારે મન જિંદગી એટલે અનંતતાના અનેક દિવસોમાંનો એક દિવસ. મારે માટે એ નર્તનકલાના શિક્ષણાર્થે ઊગ્યો છે. એટલે નર્તનકલા એ જ મારી જિંદગી છે, પણ અન્ય કર્તવ્યોથી સભાન રહી કાર્ય કરવામાં મને વધુ આનંદ આવે છે.

૪ તમારા ખાસ શૉખ?...

ઉ. નૃત્ય જ. પણ એને હું શૉખ કરતાં વધુ તો જીવનનું ધ્યેય ગણું છું. આ ઉપરાંત, સંગીત, ઈતર કલાપ્રવૃત્તિઓ, થીઑસૉફીનું વાચન અને પાકશાસ્ત્રમાં પણ મને રસ છે.

૫ ...અને પ્રિય રાગ તથા વાદ્ય?

ઉ. સુંદર રીતે સમયાનુસાર ગવાતા બધા રાગ મને ગમે છે, છતા 'ભૈરવી' વધુ ગમે. વાદ્યમાં દક્ષિણ ભારતની વીણા મને વધુ ગમે છે.

અંજલિ મેઢ

કહે છે 'ફારસી પ્રકારની કવિતાને ભાષાનાં આવાં બંધનો નથી. ગમે તે પ્રકારની ભાષા હશે તો પણ એ દીપી ઊઠશે. એકરૂપ થઈ ગએલી ભાષાના આમ વિભાગો પડે એ ઇચ્છનીય નથી.' આમ લેખકે કેટલેક સ્થળે પોતાનાં સ્પષ્ટ મંતવ્યો પણ રજૂ કર્યાં છે. જોકે બહુધા તો એમણે શેરના મૂળ સ્વરૂપને જ વળગી રહેવાનું મુનાસિબ માન્યું છે. 'શેરની અગત્ય' પ્રકરણમાં કહે છે: 'અત્રે એ પણ દર્શાવી દેવું જોઈએ કે કવિતામાં લેવાતા વિચારો અને લાગણીના આવેગોની એક મર્યાદા હોવી જોઈએ. અત્યંત નિરાશાવાદી સૂર જિંદગી પર ઝેર જેવી અસર કરે છે. જો શાયરીનો ઝોક એ તરફ વળે તો પ્રજા સુસ્ત અને ગમગીન બની જાય ને એની કાર્યશક્તિમાં શિથિલતા આવે.' લેખકનો આ અભિપ્રાય અંગત છે. આમ તો આવો અભિપ્રાય સાહિત્યના કોઈ પણ સ્વરૂપ પ્રત્યે હોઈ શકે.

કેટલેક સ્થળે લેખકે શબ્દોનો અનુચિત ઉપયોગ કર્યો છે. જેમકે પૃ. ૧૨ પર છેલ્લા ફકરામાં 'પૂર્વાર્ધ'ને સ્થાને ઉત્તરાર્ધ પૃષ્ઠ ૩૨ પર 'અર્થઘન' શબ્દ 'શબ્દાડંબર'ની અર્થછાયામાં વપરાયો છે. એ જ રીતે પૃ. ૩૩ પર છેલ્લા પરિચ્છેદમાં 'તીવ્ર' ને સ્થાને 'કઠોર' શબ્દ વધુ ઉચિત ગણાય. ઘણે સ્થળે વાક્યરચનાઓ કઢંગી બની ગઇ છે.' 'ક્રૂર' 'મૂકાય' 'શૈલિ' 'ઉર્વી-કરણ' 'ન્યુનતા' જેવી જોડણી પણ ખૂંચ્યા વગર રહેતી નથી. પરંતુ આ બધું બાદ કરીએ તો આ રસ્તે પગ માંડનારાઓ તેમજ આ કવિતાસ્વરૂપ સમજવા ઇચ્છનારાઓ માટે શેરના સ્વરૂપનો યોગ્ય અભ્યાસ કરવામાં આ પુસ્તિકા ખૂબ જ સહાયરૂપ થાય તેવી છે. એ શ્રેણીનાં અન્ય પ્રકાશનો વધુ સારી લખાવટ અને વિશદ ચર્ચા સાથે મળે તેવી અપેક્ષા રાખીએ. (શૂન્ય પાલનપુરી ૩૩/૮૩૧ નેહરૂ નગર, કુર્લા, મુંબાઈ–૭૦.

ઊર્મિની ઓળખ

નામી ગુજરાતી ગઝલકારોનાં જીવન અને કવનનો પરિચય

—[૨]— કરાવનાર · જલન માતરી



ગઝલ-બુલબુલ
ગની દહીંવાલા

પોતાની તરફ હસતાં પુષ્પોને જોઇને ભૂતકાળના રંગીન પ્રસંગોને યાદ કરતા, થોડાંક ખીલીને ખરી પડેલાં પુષ્પોને પોતાના ઉમંગો સાથે સરખાવતા, 'મદમસ્ત યુવાનીની શિક્ષા ઘડપણને મળે, એ ન્યાય નથી' એમ કહીને એના સંદર્ભમાં હૃદય ઝૂમી ઊઠે એવી દલીલ કરતા શ્રી અબ્દુલગની અબ્દુલકરીમ દહીંવાલાને ગુજરાતની ગઝલપ્રેમી જમાત ગની દહીંવાલાના પ્રિય નામથી ઓળખે છે.

ગનીભાઈ ગુજરાતી ગઝલ ઉપવનના બુલબુલ છે. સુંદર કવિતા સાથે ઈશ્વરે એમને હલકભર્યો કંઠ પણ બક્ષ્યો છે. ઉંમર આશરે ૬૨ વર્ષની. અત્યાર સુધી બે ગઝલસંગ્રહો બહાર પડી ચૂક્યા છેઃ 'ગાતાં ઝરણાં' અને 'મહેક'. ત્રીજાની તૈયારી આરંભાઈ ચૂકી છે.

ગુજરાતી શાયરોની પંગતમાં ગનીભાઈ માનવંતું સ્થાન ધરાવે છે. એમની કલમ ખરેખર કસબી છે. દૃષ્ટિ સામે દેખાતી વસ્તુને ગનીભાઈ એવી રીતે ઉપાડીને શે'રમાં ઢાળી દે છે કે એ લોકજીભે આપોઆપ રમતો થઈ જાય છે. કોઈક શે'ર તો એવા છે કે કહેવત-ના રૂપમાં પણ વાપરી શકાય. શ્રી શૂન્યની જેમ શ્રી ગનીભાઈ પણ હિંદુ સંસ્કૃતિની છાયા હેઠળ છે. કનૈયો, રાધા, શંકર વગેરે પ્રતીકો એમની કલમમાંથી સહજરીતે ટપકે છે

વાસ્તવિક દુનિયા સાથે કદમ મિલાવવા એ રમત વાત નથી, એ હકીકત તરફ ઈશારો કરતાં સૂર્ય, ચંદ્ર અને તારાઓને શ્રી ગનીભાઈ કહે છે કે 'તમે આ ધરતી ઉપર ચાલી તો જુઓ જ્યાં હું સાંજ-સવારે ચાલું છું!' કાળના સંતોષ ખાતર એના ઈશારા ઉપર તલવારની ધારે ચાલતા આ શાયરના શે'રોને માણીએ :

જિંદગી

જિંદગીનો એ જ સાચેસાચ પડઘો છે 'ગની',
હોય ના વ્યક્તિ, ને એનું નામ બોલાયા કરે.

જીવાડયો મન મૂકી,
તો યે જુઓ ઉપકારની અવધિ :
થયું મરવાનું મન તો
જિંદગી પોતે કઝા થઈ ગઈ!

જિંદગાનીને દુલ્હનની જેમ શણગારી 'ગની',
એને હાથોહાથ સોંપી જેમના ઘરની હતી

હૃદય

સુખી કરવાહ તો હૈયે વસેલા એક તિખારાને
ભરી દીધી હૃદયમાં આગ દુનિયાભરની લાવીને.

જો હૃદયની આગ વધી 'ગની',
તો ખુદ ઇશ્વરે જ કૃપા કરી
કોઇ શ્વાસ બંધ કરી ગયું,
કે પવન ન જાય અગન સુધી.

હૈયે 'ગની' સંભળાય છે પગરવ તો, પરંતુ
પાછો વળે મેળેથી સમુદાય એ રીતે.

અમે એમ દુનિયામાં જીવ્યા કે જાણે
ખટકતી કોઇ વાત શંકિત હૃદયમાં.

સૂરજ

સૂરજની જેમ કદી તપ નથી જતું નિષ્ફળ,
ઢળી પડો, તો ગગન રંગદાર થઈ જાયે.

હતો હું ય સૂર્ય, કિન્તુ ન હતી તમારી છાયા,
ઘણી વાર ભર બપોરે અહીં આથમી ગયો છું.

તમે અને અમે

તમે ઓઢી લીધાં મોઢા ઉપર આકાશનાં ઓઢણુ
અમારી દર્શનાતુર આંખ પથરાઇ ધરા થઈ ગઈ.

તમે રાજરાણીનાં ચીર સમ,
અમે રંક નારની ચૂંદડી,
તમે બે ઘડી રહો અંગ પર,
અમે સાથ દઇએ કફન સુધી.

લઈ લો રૂપ મારૂં આપની સૂરત મને આપો,
તમે તરણું ઉપાડી લો અને પર્વત મને આપો.

વસંત

ભર વસંતે કોણ રાગી કોણ વૈરાગી હશે?
પ્રકૃતિએ પારખું કરવા શરમ ત્યાગી હશે.

યૌવનનો ભાર ફૂલડાં ઝીલી નહિ શક્યાં,
ડાળી રહી શકી નહિ અણનમ વસંતમાં.

આંખ

તમે દિલમાં અને આ મૂર્ખ આંખો છે પ્રતીક્ષામાં
ગયું કોઈ નથી, ને થાય છે પાછું ફરે કોઈ

આંખ સામે આંખડી મંડાય જો સદ્ભાવમાં
રૂઝ આવી જાય આ દુનિયા સરીખા ઘાવમાં.

મારી સામે જોવું ને મુખ ફેરવી લેવું અને
પૂછવું પરને 'ગની' કાં આજ દેખાતા નથી?

દલીલ

મદમસ્ત યુવાનીની શિક્ષા
ઘડપણને મળે એ ન્યાય નથી,
તોફાન થયું છે ભર દરિયે
અફળાય કિનારો શા માટે?

ફોરમ

મહેંકો એમના સાન્નિધ્યમાં,
હે શ્વાસ-ઉચ્છ્વાસો,
પવન ફોરમ બને છે,
પુષ્પની નજદીક આવીને.

જીવન

જીવન જાણે રાધાની મટકી સમું છે,
અને ભાગ્ય છે કૃષ્ણની કાંકરી સમ;
રસીલી રમત છે; કોઈ સાચવે છે
કોઈ ભાંગવાના પ્રયત્નો કરે છે.

શૈલી-સભાન કવિતા

સૂર્ય રોજ ઊગે છે, રોજ આથમે છે. અ-સંખ્ય આંખો એ જુએ છે, અસંખ્ય જીવો એ અનુભવે છે. પણ કવિજીવને તો આદિ કાળથી એનું વિશિષ્ટ આકર્ષણ રહ્યું છે. એ સૂર્યને એક નવા કલ્પન તરીકે 'બીજો સૂર્ય' નામક કાવ્ય-સંગ્રહમાં (એ જ નામની કૃતિમાં) એના કવિએ ઉપયોગમાં લીધો છે. કવિનો એ બીજો સૂર્ય કયો? 'તે રક્તની ધારા મહીં આળોટતો તે સૂર્ય/ બીજો' ડાર્વિનીક પિસ્તુષ્ટિથી તે આજ સુધી વિકસેલી 'માનવ'સૃષ્ટિ ઉપર પહેલો સૂર્ય તો પ્રકાશી રહ્યો છે; પણ કવિને રસ છે પેલા 'બીજા' સૂર્યમાં—ચેતનામાં. આ અનુભૂતિની અભિવ્યક્તિ મહેશ દવેએ આ કાવ્યમાં નૂતન રીતે કરી છે. અને એવી જ બીજી અનુભૂતિઓ પણ આ સંગ્રહની ઘણીખરી રચનાઓમાં 'નૂતન' રીતે અભિવ્યક્ત થએલી છે.

આ 'નૂતન' રીત કઈ? પાબ્લો પિકાસોએ આ સદીના પહેલા દશકમાં જે ચિત્રશૈલી અજ-માવી તે 'ક્યૂબિઝમ'ની અસર તે પછી કેટલાક સાહિત્યસર્જકો પર પણ પડી. જોકે પિકાસોએ તો પાછળથી એ શૈલી પણ છોડી દીધેલી, પરંતુ ભગિની લલિતકલા 'સાહિત્ય' માટે એ નવું આકર્ષણ બની રહી. આપણે ત્યાં એ ક્યૂબિઝમ

શૈલી શ્રી મહેશ દવેના કાવ્યસંગ્રહ 'બીજો સૂર્ય'માં જોવા મળે છે—'અક્ષરો પર ચોંટેલી સંવેદના', 'ઓગણીસમો અધ્યાય', 'નાસ્તિ', 'બીજો સૂર્ય', 'ધ્વનિ', 'રુરુદિષા', 'એક ક્યુબિસ્ટ કાવ્ય' આદિ કાવ્યકૃતિઓમાં.

આ સઘળી કૃતિઓમાં કવિનો એ શૈલી પ્રત્યેનો સભાન પ્રયત્ન જણાઈ આવે છે. આમે ય પરંપરાથી જુદા તરવામાં સભાનતા અપેક્ષિત છે; પણ એ સાપેક્ષ નાવીન્ય તો અહીં શૈલી પરત્વેનું જ છે. અને શૈલી એ કંઈ કાવ્યનો આત્મા નથી. કવિ પોતાની અભિવ્યક્તિની તીવ્રતા પ્રમાણે, તો ક્યારેક કેવળ નાવીન્યને ખાતર નાવીન્ય અજમાવતો હોય છે. કોઈ પણ પ્રયોગ અત્યાવશ્યકતામાંથી જ જો જન્મે તો જ એ જીવંત બની રહે છે, અન્યથા નહિ. હા, નવીનતાને લઈને એ આકર્ષણ જન્માવે છે ખરો, પણ ચિરાયુ કેટલો તે તો સમય જ નક્કી કરે છે. અહીં રજૂ થએલી આ સભાન વૈચિત્ર્યની શૈલીમાં કેટલીક જગ્યાએ અભિવ્યક્તિએ ધારી તીવ્રતા મેળવી છે. 'નાસ્તિ' અને 'ઓગણીસમો અધ્યાય' જેવી કૃતિઓ એની સાખ પૂરે છે. તો ક્યારેક કૃતિના પ્રસ્તારને લઈને અસહજ આયાસ પણ ખુલ્લો પડી જાય છે. 'રુરુદિષા' અને 'ધ્વનિ' જેવી કૃતિઓમાં આવું પણ બનવા પામ્યું છે.

ચિત્ર અને સાહિત્યના માધ્યમમાં મૂળભૂત ફેર હોઈને એક કલાની શૈલી ત્યાં જેટલી ઉપકારક અને અસરકર્તા નીવડી હોય તેટલી બીજી કલામાં નીવડે કે કેમ એ પ્રયોગ અને અનુભવનો વિષય છે. ચિત્રમાં રેખા ને રંગથી અસર ઉપજાવવાની હોય છે. વળી, એ ચક્ષુની કલા પણ ખરી, જ્યારે સાહિત્યમાં માત્ર શબ્દથી જ અસર જન્માવવાની હોય છે. આથી ક્યૂબિઝમ શૈલી કાવ્યરસિક પાસે થોડી વધારે અપેક્ષા રાખે છે. એક ક્યૂબ અને બીજો ક્યૂબ તારવીને પકડવામાં તેમજ એ ક્યૂબની શૃંખલા જોડવામાં ભાવકે પોતાની કલ્પનાશક્તિ અને બુદ્ધિમત્તાને ખૂબ જ સાવધ રહીને કામે લગાડવાની હોય છે. ક્યૂબ–ક્યૂબના અનુસંધાનથી કવિની અપેક્ષિત આકૃતિ ગ્રહણ કરવામાં ભાવકે ઘણો માનસિક વ્યાયામ કરવો પડે છે. જેમ કે 'ઓગણીસમો અધ્યાય' કાવ્યના આરંભમાં જ ગીતાના અઢાર અધ્યાયનું સૂચન, 'નાસ્તિ'માં ભમરાની સાથે કર્ણનો અને તાંદુલ સાથે સુદામાનો સંદર્ભ, 'રુરુદિષા'માં 'વીંછણનાં બચ્ચાં વીંછણને ફોલી ખાતાં/મન્વન્તરનો નિયમ' એ બે પંક્તિમાં જે વિચાર-ક્યૂબ રજૂ થયો છે તેના પછીની પંક્તિઓમાં આવતો જુદો જ ક્યૂબ : 'પિંજરથી છૂટનારા પિંજર ઝંખે,/ઝંખના એક અમર પરવાનો/ત્રાપો નદી પાર કરવાનો.' એકમાં 'જીવો જીવસ્ય જીવનમ્' તો બીજા ક્યૂબમાં ઝંખનાથી જીવનનદી પાર કરવા મથતો અને એથી જ માયાથી છૂટેલો ફરી માયામાં બંધાતો જીવાત્મા! આ યુગજૂની વાતને અહીં નવી શૈલીમાં નવી અભિવ્યક્તિ કવિ આપે છે; પણ આ રીતે આ શૈલીને માણવા પણ એક પ્રકારની વિશિષ્ટ રુચિ અને માનસિક ભૂમિકા તૈયાર કરવાં પડે છે. આવી જ ચોટદાર અભિવ્યક્તિ 'જેવી રીતે કે સૂર્યમાં પણ સૂર્ય તો હોતો નથી/જેવી રીતે બ્રહ્માંડમાં બ્રહ્માંડ પણ હોતું નથી' (ઓગણીસમો અધ્યાય, પૃ. ૫); 'સાંજ અને સવારની નીવિ કોઈ ઢીલી કરે/એને અંધારાનું આપી દો ઈનામ!' (ધ્વનિ પૃ. ૧૬); 'આધ્યાત્મિકતાની ખીંટીએ જાતને ભરાવ્યા પછી /કાં તો મૃત્યુ થાય કે જન્મ' (રુરુદિષા, પૃ. ૨૫) વગેરે કાવ્ય પંક્તિઓમાં અનુભવવા મળે છે.

કવિએ 'નાસ્તિ' જેવી કૃતિમાં હોડીના કલ્પનને અનુરૂપ એક પરંપરિત લય સમગ્ર કાવ્યમાં લીધો છે તે પણ એમની અભિવ્યક્તિને ઉપકારક થઇ પડે છે. એવો જ લયનો સમુચિત પ્રયોગ 'ખીણ ખીણમાં નગર નગરના' (પૃ. ૧૫)ની આરંભની પંક્તિઓમાં પણ જોવા મળે છે. વિચિત્ર કલ્પનાલંકારો દ્વારા પણ ક્યારેક સુંદર અભિવ્યક્તિ સધાઇ છે : જેમકે 'રુરુદિષા'માં 'અત્તરનાં છે વન/વનમાં સર્પોનાં વૃક્ષો ઊગ્યાં છે/ઘટાદાર સર્પોનાં વૃક્ષો' તો 'રિમાઈન્ડર નંબર એક' નામક કાવ્યમાં '...આ ઉપર/દેખાય છે તે આકાશ નથી પણ વિરાટ–વિશ્વરૂપદર્શન–હિપ્પોપોટેમસ/છે.

નવીન શૈલીપ્રયોગની સભાનતામાં કેટલેય સ્થળે બાની મિશ્ર બની ગઇ છે. સંસ્કૃતની સાથે તળપદા, બોલચાલના, અંગ્રેજી, ફારસી વગેરે શબ્દપ્રયોગો એનો એક પુરાવો છે. 'ધ્વાન' કાવ્યમાં 'કવેસાર્સ' સાથે 'પરથમી' શબ્દ, તો 'શૂન્યવાદ'માં 'કૂવડ અમર્ષનાં ફેન ફૂંકું' જેવી પંક્તિમાં 'અમર્ષ' જેવા તત્સમની સાથે 'કૂવડ' જેવો શબ્દ, વગેરે ઘણાં ઉદાહરણો મળી આવે છે. 'રેસ્ટોરાં' અને 'રેસ્તૂરાં' એ એક જ અંગ્રેજી શબ્દના બે ભિન્ન ઉચ્ચારો, પૃ. ૧૦ પર 'શય્યા'ને સ્થાને વપરાએલો 'શૈયા' શબ્દ, પ્રથમ કાવ્યની પ્રથમ પંક્તિમાં જ 'તરતા પીંછા'માં રહી ગએલાં (જો છાપભૂલ ન હોય તો!) અનુસ્વારો વગેરે નિવારી શકાયાં હોત. પૃ. ૩ પરની કૃતિમાં 'તેં ઍન્ટીફાયર ગ્લોવ્ઝ પહેર્યા નથી, સ્નેહા—' જેવી ગદ્યાળુ પંક્તિ (અને અભિવ્યક્તિ પણ) પછી તરત જ આવતી કાવ્યમય પંક્તિ 'પછી સ્પર્શનું કૂજન ક્યાં?' જેવાં ઉદાહરણો સભાનતાનાં માઠાં પરિણામો ગણાવી શકાય. સંગ્રહમાં પૃ. ૧૯ પરની રચના, 'મૃત્યુ' આદિ સામાન્યતરંગકક્ષાની કૃતિઓ પણ જોવા મળે છે.

એકંદરે 'બીજો સૂર્ય'ની રચનાઓમાં કવિતાની આબોહવાનો આહ્લાદ થાય છે, છતાં ય પ્રત્યેક પ્રયોગ કરનારે એ માટે સભાન અને સાવધ રહેવું ઘટે કે શૈલીને કબજે કરવા જતાં ક્યાંક કવિતા જ છટકી ન જાય!

(પ્રકાશક : રૂપાલી પ્રકાશન, અમદાવાદ-૪. પાકું પૂઠું, પૃ. ૭૨, કિં. રૂ. ૨-૫૦).

નવાં નાટકો

અવલોકન: પ્રાચાર્ય બહાદુરશાહ પંડિત

વીજલ: કૈવલ્ય-વીજલના માનસિક કજોડાને સ્પૉટલાઈટ કરતા, શ્રી શિવકુમાર જોશીના ચતુરંકી આ નાટકમાં હેમા-નિત્યાનંદ અને કૈવલ્ય-વીજલનાં વણસેલાં દામ્પત્યજીવનોની વેદના આલેખાઇ છે. કેવળ ભૌતિક સંપત્તિમાં રાચતો કૈવલ્ય વીજલને પતિ તરીકે સહચાર આપી શકતો ન હોઈ એ કવયિત્રી, પતિના જ મિત્ર કવિ નિત્યાનંદનો સહચાર શોધે છે. હેમા મારફત આ વાત જાણતાં ગુસ્સે થએલો કૈવલ્ય નિત્યાનંદને લાકડીથી ફટકારી ઘાયલ કરે છે એ જાણતાં અગાઉથી પુત્રી બિંદી સાથે પિયર ગએલી વીજલ ઘેર પાછી આવે છે. ફરી કૈવલ્યના ગુસ્સાથી કટોકટી સર્જાય એ પહેલાં નિત્યાનંદ વીજલને, એને સ્નેહથી પશુ બનતો અટકાવવાની સલાહ આપી ચાલ્યો જાય છે. આમ અંતમાં પણ નિત્યાનંદ કૈવલ્યને હાર આપે છે.

ઘમંડી કૈવલ્ય, કવિહૃદયી નિત્યાનંદ, નિર્દોષ, સ્નેહાળ અને માતાની પ્રતિકૃતિ સમી બિંદી, કવયિત્રી ને સ્નેહસભર જાજ્વલ્યમાન વીજલ, વ્યવહારદક્ષ વિનોદરાય ને ભૌતિક સુખસગવડમાં રાચતી ને એથી પતિની મહત્તા ન સમજી શકતી હેમા ઈત્યાદિ નાટકનાં પાત્રો સુરેખ ને વાસ્તવિક લાગે છે. કૈવલ્ય-હેમા અને નિત્યાનંદ-વીજલની ભાવનાઓ, જીવનસૂઝ ને આદર્શો વચ્ચેનો વિરોધ નાટક માટેનો ઉચિત સંઘર્ષ પૂરો પાડે છે. તેમ છતાં આખા નાટકના સંસ્કારી વાતાવરણમાં કૈવલ્યનાં નિત્યાનંદ પરનો હુમલો જચતો નથી. (વોરા ઍન્ડ કંપની, ગાંધી ચેમ્બર્સ, ગાંધી

માર્ગ, અમદાવાદ-૧, પૃ. ૧૩૪, કાચું પૂઠું, રૂા. ૩-૫૦.

બારને ટકોરે: ભલા ભોળા ને અત્યંત પ્રેમાળ ધનિક અશ્વિન સાથે પરણેલી, રૂપાળી ચબરાક ને મહત્ત્વાકાંક્ષી યુવતી રેવતી એક ધારાસભ્ય રોહિત તરફ આકર્ષાય છે કારણ કે એ પોતાના પતિ સાથેના એકધારા દામ્પત્ય-જીવનથી કંટાળી ગઈ છે અને રોહિત એનામાં જીવનની અનેક મહત્ત્વાકાંક્ષાઓ જગાડે છે. પતિથી છૂટાછેડા મેળવવાના કારણમાં પોતે બીજા સાથે આડો સંબંધ રાખે છે એ બતાવવું જરૂરી હોઈ સતીશ નામના એક જિંદગીની ઠોકરો ખાઈ ચૂકેલા બાહોશ યુવાનને ડમી પ્રેમી તરીકે રેવતીના ઘેર પૈસા આપી મોકલવાની ગોઠવણ મહેશ જોશી નામના લગ્ન-સલાહકારની સહાયથી થાય છે. સતીશ અશ્વિનની જાગીરમાં આનંદથી દિવસો પસાર કરે છે ત્યાં એના સંસ્કારી વર્તનથી રેવતીની બહેન દક્ષા એના તરફ આકર્ષાય છે. રાતે દક્ષાના અણધાર્યા આગમનથી રોહિતની આખી ગોઠવણ પલટાઈ જાય છે, અને એના સુંદર વાળ એ તો માત્ર બનાવટી 'વિગ' છે એ પણ રેવતીની નજરે પકડાઈ જાય છે. પહેલો અંક બાદ કરતાં બાકીના ભાગમાં એક પછી એક બનતા બનાવો, પાત્રોની ઝડપી આવજા ને સંવાદોની ચમક નાટ્યક્ષમ સામગ્રી પૂરી પાડે છે અને તખ્તા પર નાટક ઠીક જામી શકે એમ છે. કર્તાએ પરદેશી 'થીમ' લઈ, એની આસપાસ, એમની 'આગવી રીતે અંતે વિકસાવીને ને મઠારીને, બે ગુજરાતણો અને ત્રણ ગુજરાતીઓના જીવન-પ્રસંગોની ગૂંથણી કરી છે' પણ વાતાવરણમાં પરદેશી હવા પકડાયા વિના રહેતી નથી. (લેખક પરમસુખ પંડયા પ્રકાશક: એન. એમ. ત્રિપાઠી, પ્રા. લિ. મુંબાઈ-૨, પૃ. ૨૦૮, પાકું પૂઠું, રૂા. ૩-૬૦.)

અંતર્યામી: શ્રી રંભાબહેન ગાંધીના આ નાટ્યસંગ્રહમાં બે દ્વિઅંકી અને ત્રણ એકાંકી નાટકો છે. જેના પરથી સંગ્રહનું નામકરણ થયું છે એ 'અંતર્યામી'માં વૈજ્ઞાનિક ભાવેશ મનની વાત જાણનાર મશીનની શોધ કરી રહ્યો છે એથી એ પત્ની મનીષાને સહચરનો લાભ આપી શકતો નથી. મનીષા એના સાથી સલિલના પ્રેમમાં પડે છે. ભાવેશ પોતાની શોધનો પ્રથમ પ્રયોગ સલિલ પર કરે છે. ગભરાએલો સલિલ પ્રેમપ્રપંચ પકડાઈ જવાની બીકે પ્રેમનો એકરાર કરી આપઘાત કરે છે. નાટકની ચમત્કૃતિ એ છે કે મશીન બરાબર ચાલ્યું જ નહોતું; અને ધ્વનિ તો સ્પષ્ટ છે કે–

'અંતર્યામીથી નથી અજાણ્યું,
મન પડે તેમ મહાલો;
પાપ-પુણ્યના બે રસ્તા છે,
ઠીક પડે તે ચાલો.'

નાટકની આ મુખ્ય ઘટનાની પૂર્વભૂમિકા રચવા માટે આખો પહેલો અંક લખાયો છે, જે આખા નાટકની સુશ્લિષ્ટતા ઘટાડી દે છે. સંવાદો કરકસરથી ઓછા કરી શકાયા હોત.

બીજા દ્વિઅંકી નાટક 'કલ્પના કોની ?'માં પોતાનાં ભાઈબહેન અજય-લીનાથી રંગે જુદી પડતી કલ્પના માનસશાસ્ત્રની શોખીન બહેનપણી નૂતનના કહેવાથી પોતાને આ કુટુંબની આશ્રિત હરિજન કન્યા માની બેસીને પીડાય છે અને અંતે ફોઇ તથા કાકાના ખુલાસાથી માનસશાસ્ત્રીય ભ્રમ દૂર થતાં ખુશ થાય છે, એ ઘટનાનું નિરૂપણ છે. લીનાનો નાટયશૉખ અને અજયનું પ્રણયપ્રકરણ હાસ્યસામગ્રી પૂરી પાડે છે, પણ નાટકની કેન્દ્રવર્તી અસરને શિથિલ બનાવે છે.

ત્રણ એકાંકી પ્રહસનો પૈકી 'જેવા સાથે તેવા' ભોળા ભટ્ટના ભોપાળાની અસર બતાવે છે, 'માશીની માળા'માં સંવાદપ્રધાનતા વિશેષ ને અભિનયક્ષમતા ઓછાં છે, અને 'નિર્ભેળ સત્ય'નું વસ્તુ ખૂબ ચલણી થઈ ગએલું છે. ત્રણેમાં હાસ્ય ઉત્પન્ન તો થાય છે પણ કેટલીક વાર જાણીતા હાસ્યટુચકાઓનો ઉપયોગ તેની મૌલિકતા હણી નાખે છે. એકંદરે પાંચે નાટકો વાચનક્ષમ છે. (સ્વાતિ પ્રકાશન, સૅમ્યુઅલ સ્ટ્રીટ, મુંબઈ, પૃ. ૨૦૨, પાકું પૂઠું, રૂ. ૫-૫૦.)

રમકડાંની દુકાન: ઈ. ૧૯૩૪માં પ્રસિદ્ધ થએલા શ્રી ચંદ્રવદન મહેતાના બાળનાટકનું આ બીજું સંસ્કરણ આજે યે એટલું જ તાજગીભર્યું લાગે છે. બાળકોને બહુ ગમતાં રમકડાંની દુકાનના માલિક હુસેનચાચા અનાથ આશ્રમનાં સારસ ને પારસ નામનાં બે બાળકોને લાવીને ઉછેરતા હોય છે. એમની પાસેની જાદુઈ ઢીંગલીએ એમને સંપત્તિવાન બનાવ્યા છે. કંજુસ ધનપાળ શેઠની પુત્રી શોભા એ રમકડું લેવા ઇચ્છે છે, પણ એની કિંમત એક હજાર રૂપિયા હોવાથી શેઠ લેતા નથી. અંતે હુસેનચાચા એ રમકડું શોભાને ભેટ આપે છે. નાટકમાં ભિખારણનું પાત્ર એનાં ગીતો ને ભાવનાથી, હુસેનચાચાનું પાત્ર એમના બાલપ્રેમી સ્વભાવથી અને પારસ-સારસ એમની અંતે સુધરી જતી ખોડખાંપણથી બાળકો માટે આહ્લાદક વાતાવરણ ખડું કરે છે. શોભાના સ્વપ્નવાળો બીજો અંક નજાકતથી અને બાળસૃષ્ટિને ખયાલમાં રાખી



માનવીના ચંદ્રવિજયને બિરદાવતી ભારતની ખાસ ટપાલ-ટિકિટ. આ માસની ૧૫મી તારીખે એ બહાર પડશે.

લખાયો છે. લોકોને ભજવવું ને માણવું ગમે એવું આ નાટક મોટેરાંની પણ આંખ ઉઘાડે એવું છે. બાલગોવિંદ પ્રકાશન, ગાંધીમાર્ગ, અમદાવાદ-૧, પૃ. ૫૩, કાચું પૂઠું, રૂા. ૧-૫૦.

જનમના વેરી: મૅક્સિમ ગૉર્કીના આ ત્રિઅંકી નાટકમાં ઝારના આપખુદ અમલ દરમિયાન રશિયામાં કામદારો પર મૂડીવાદીઓ અને એમની પડખે રહેતી સરકારનો કેવો ત્રાસ હતો એનું ચિત્ર આલેખાયું છે. ઝખાર બાર્દિન અને મિખાઈલ સ્ક્રોબોતોવની ભાગીદારીમાં ચાલતા કારખાનામાં કામદારો હડતાલ પાડે છે, ઝખારની ઉદાર નીતિ અને મિખાઈલની કડકાઇને લીધે એ બેની વચ્ચે અણબનાવ થાય છે. ઉશ્કેરાએલા કામદારોમાંથી એકની ગોળીનો ભોગ બની મિખાઈલ મૃત્યુ પામે છે. લશ્કર આવે છે. કામદારો પર કેસ ચાલે છે, પણ ઝિંદાદિલ કામદારો દબાતા નથી. અંતે કામદારોમાં ભભૂકેલી આગનું દર્શન કરાવતાં નાટક પૂરું થાય છે.

ઝખારનો દારૂડિયો ભાઈ યાકોવ, એની પત્ની તાત્યાના પોલિનાની ભાણેજ નાદ્યા, નિવૃત્ત જનરલ પેચેનેગોવ ઇત્યાદિ પાત્રોમાં વ્યક્ત થએલું પ્રકૃતિવૈવિધ્ય નાટકને આહ્લાદક બનાવે છે. ગૉર્કીના જોરદાર કટાક્ષો અને હળવી રમૂજ સાથે કામદારોનાં સંગઠન અને એકબીજા માટે બલિદાન આપવાની વૃત્તિનું નાટકમાં તાદૃશ દર્શન કરાવવામાં આવ્યું છે. એ યુગની આવી સુંદર (પણ આજે તો પ્રચારલક્ષી લાગતી) કૃતિનો ભાઈ અતુલનો અનુવાદ અભિનંદનપાત્ર છે. (પ્રગતિ પ્રકાશન, મૉસ્કો, પૃ. ૧૧૬, પાકું પૂઠું, કિં. છાપી નથી.)

ધૂમકેતુના જીવનઘડતરની વાતો ભા. ૧૧: સ્વ. ધૂમકેતુના જીવનના પ્રેરણાદાયી પ્રસંગોની એમનાં પુત્રીએ તૈયાર કરેલી માળાની ૧૧મી પુસ્તિકા પૃ. ૭૪, કાચું પૂઠું, રૂ. ૧.

ચન્દ્રવદન મહેતાની

કુસુમ-કઝિન મડોરી

અંતરગઠરી · ૨૩

આ યુનિવર્સિટી એટલે જાણે એક નાનકડું ગામ. લંબચોરસ: બે માઈલ આમ અને ત્રણ માઈલ આમ. એમાં થીએટર ત્રણ! પાંચછ મજલાની લિફ્ટ સાથેની મોટી લાયબ્રેરી, દેવળ, ટાવર, બેઈઝબૉલ-ફુટબૉલ રમવાનાં સ્ટેડિયમો ને ફક્ત સિત્તેર-એંશી હજાર પ્રેક્ષકો બેસી શકે એવડી જગ્યા! ત્રણચાર રેસ્ટોરાં, સંખ્યાબંધ વિદ્યાર્થીઓને રહેવાના હૉલ્સ (એટલે કે હોસ્ટેલો), મ્યૂઝિક હૉલ, યુનિવર્સિટીની પોતીકી દૂધ-દહીં-માખણ-ચીઝ માટેની ડેરી, મોટરો ખડકાવવાની માળવાળી ઈમારત, પોસ્ટ ઑફિસ, બાગ, બોટ-ક્લબ, સ્કેઈટિંગરિંગ, પેટ્રોલપંપ, ઠેકઠેકાણે ટેલિફોન અને કૅમ્પસમાં એક વર્ગમાંથી બીજી ફૅકલ્ટીના વર્ગમાં જવા માટે પોતીકી બસવ્યવસ્થા —જે દર સાત કે દસ મિનિટે આવે અને જાય, એનું ટાઈમટેબલ અને આ કૅમ્પસમાંથી લાન્સિંગ શહેરમાં જવું હોય તો તે બસ જુદી, અને અહીંથી ન્યૂ યૉર્ક કે શિકાગો કે ઍરિઝોના જવું હોય તો તેનું બસ-મથક પણ અહીં નિકટમાં જ. ઉપરાંત આ ક્ષેત્રની આસપાસના રસ્તાની પેલી પાર ફોટોગ્રાફર, ધોબી, હજામ, આંખના ડૉક્ટર, છાપાંચોપાનિયાંના અડ્ડા, બે સિનેમા, બે જુદી બૅંકો, મોટી માળીની દુકાન અને ત્રણચાર સારા સ્ટોર—નાના તે તો જુદા—, ચોપડીઓ વેચનારાઓની દુકાનો અને બે મિનિટને રસ્તે કૉલેજ ટ્રાવેલ એજન્સીમાં જઈ ઊભા રહો, અને ગજવામાં ડૉલર ખદબદતા હોય તો ત્યાંથી પાંચ જ મિનિટમાં મુંબાઈની, તોકિયોની, લંડનની, મેક્સિકોની—માગો ત્યાંની ટિકિટ ફાડી આપે! ટ્રાવેલર્સ ચેક પણ કાઢી આપે. માત્ર તમારો રૂટ લખીને ચાલ્યા જાઓ, સાંજે ઘેર ટિકિટ મોકલાવી આપે, જવાને વખતે – ઘેર ગાડી ન હોય તો – ટૅક્સી મોકલી આપે, વહેલી સવારે ઊપડવું હોય તો, કહો તો, ટેલિફોનથી તમને જગાડી પણ દે.

યુનિવર્સિટી કૅમ્પસમાં યુનિવર્સિટીનાં સિનેમા તો ખરાં જ. લાન્સિગનું પોતાનું છાપું પણ નીકળે. એમાં, બહાર જગ્યા ભાડે જોઇએ તો તે, તમારી થીસિસ ટાઈપ કરવી હોય તો તે, કલાક બે કલાક માટે સ્ટેનોટાઇપિસ્ટ જોઈએ તો તે, અને દુનિયાભરની ખબરનો સાર મેળવવો હોય તો તે – બધી માહિતી છાપું તમને પૂરી પાડે. યુનિવર્સિટી છાપું મફત ચલાવે. શનિવારે કો'ક બસો માઈલ એકલા મોટરમાં જવાના છે, કોઈક શિકાગો જવાના છે, તમારે સાથે જવું છે—મફત, યા પેટ્રોલના ભાગમાં, કે કઈ રીતે – એની જાહેરખબર વાંચી એના નંબરે ફોન કરી નક્કી કરી લ્યો. આવી શેઠાઈની સગવડો મહાલવાની આ યુનિવર્સિટી. એમાં ૫૫ હજાર વિદ્યાર્થીઓ સવારના આઠ વાગ્યાથી વર્ગોમાં જાય તે છેક રાતના દસ વાગ્યા સુધી વર્ગો ચાલે! કારણ ઈસ્ટ લાન્સિંગ યુનિવર્સિટીમાં ૨૨૦૦ વિષય શીખવવામાં આવે છે! અને છતાં ઈસ્ટ લાન્સિગ તો હજી 'ગામડું' કહેવાય છે!

મારા મકાનની બહાર નીકળું કે સામે પોલીસનો ચોક; અને એના ચોગાનમાં હજારો સાઈકલોનો ઢગલો પડેલો જોયો. ફાર્લી લગભગ રોજ મને એની મોટરમાં લઈ જાય-લાવે. એને પૂછું છું કે 'આ યુનિવર્સિટીમાં સાઇકલોનો વેપાર ચાલે છે?' 'હા.' આગળ એ સમજાવે છે: 'ટર્મ પૂરી થઈ, ને હવે નવું વર્ષ શરૂ થયું છે એટલે જે સાહેબજાદાઓ અહીં ચારપાંચ વર્ષ ભણી, અહીંથી પરવારી ચાલ્યા ગયા તે પોતાની સાઈકલો અહીં મૂકતા ગયા! એ લફરું સાથે ક્યાં લઇને જાય? લઈ જવી પણ ન પરવડે. પાંચસાત ડૉલરની સાઈકલ; સારી હોય તો દશની. અને આની હવે હરરાજી થશે. તમારે જોઈતી હોય તો આમાંથી એકાદી લઈ લ્યો – એકાદ ડૉલરમાં મળશે!' ખરેખર; કિસમકિસમની, નાની મોટી રંગબેરંગી સાઈકલો. પછી તો એમ પણ ખબર પડી કે સાઈકલ શું, સો-બસો ડૉલરમાં તો કામચલાઉ અને કામ આપે એવી મોટર પણ મળે! માનો કે તમે એક સારી મોટર લીધી, અને એને ક્યાંક અકસ્માત થયો, ગોબા પડ્યા, તો એ મોટર સમરાવવી મોંઘી પડે; એને બદલે એના વીમાના પૈસામાંથી બીજી ન લે? અને પેલી આપણા જેવાને વેચી ન દે? અને એને કામચલાઉ – વર્ષ બે વર્ષની સલામતીની ગેરંટીથી મરામત કરી આપનાર નાનાં કારખાનાવાળા પણ અહીં તૈયાર!

ફાર્લીએ મને અમારા ખાતાના વડા ડૉ. ઑાયર પાસે લઈ જઇને એમની – મારી ઓળખાણ કરાવી ડૉ. ઑાયર, દેવળના ભલા પાદરી સાહેબ થવાને બદલે ભૂલમાં 'સ્પીચ અને ડ્રામા'માં અધિકારી થઈ ગયા હોવા જોઇએ, એવો પહેલી મુલાકાતનાં પ્રગટેલો ખયાલ આખા વર્ષ દરમ્યાન – અને હજી પણ વધારે ને વધારે – દઢતર થયો. સંબંધ ગાઢ થતાં, વારતહેવારે એમને ત્યાં વારંવાર જમવા જતાં, ક્યાંક દૂર જવાનું હોય તો પોતે યા એમનો સોહામણો હાઇસ્કૂલમાં ભણતો દીકરો જો એમની મોટરમાં લઈ જવા તત્પર એવી નિકટતા આવતાં, એક વાર મેં, શરૂઆતની ઓળખાણ વખતે મને આવેલો આ પાદરીસાહેબવાળો ખયાલ એમની અને એમના કુટુંબ આગળ રજૂ કરેલો. ત્યારે એમણે કબૂલ કરેલું કે એ વાત સાચી. થોડા મહિના પાદરી થએલા, પણ કિસ્મતે અને પોતાના મનના બલવત્તર વલણે એ શિક્ષણના ક્ષેત્રમાં આવેલા. ચ્હેરેમ્હોરે પાદરી જ: દયાથી નીતરતું મોં; સ્પીચના વડા એટલે કોઈ પણ ભાષાના શબ્દો એટલી શુદ્ધિથી અને ચીવટથી બોલે કે આપણે એ સાંભળી છક થઈ જઇએ. અને ભાષાશુદ્ધિ માટેની પોતાની લૅબોરેટરી એમણે બતાવી ત્યારે ત્યાં સામાન્ય ઉચ્ચારભૂલ સુધારવાનાં સાધનો તથા જીભે કરવાની કસરતોથી માંડીને તોતડા, અચકાતા, ડચકિયાં ખાતા, બોબડા, અમુક જ વ્યંજનો બોલી શકે એવા, અમુક વ્યંજનો ન જ બોલી શકે એવા, જરાજરામાં તત-પપ થઇ જનારા, કર્કશ અવાજવાળા, અમસ્થા ઘાંટાપાડુઓ જેવા, લચકતી જીભવાળા —એવીએવી ભાષા-ઉચ્ચારની ખામીઓ દુરસ્ત કરવાનાં સાધનો–યોજનાઓવાળી એમની પ્રયોગશાળામાં થોડા કલાકો બેસી ઘણું જાણીલીધું.

બહુ મોટા અધિકારી, પણ પહેલી મુલાકાતે તરત ઊભા થઈ જઈ, થોડી વાતચીત કરી, પોતાના આખા સ્ટાફના અધિકારીઓ પાસે લઈ જઈ પિછાન કરાવી, સાંજે ચાની પાર્ટી રાખી બધા સાથે પાકી ઓળખાણ કરાવી દીધી; પોતાના સેક્રેટરીઓને મારું કોઈ પણ કામ તરત કરી આપવાની તાકીદ કરી; અને મારે ક્યાં, કઈ રીતે, કિયા કિયા વર્ગો લેવાના છે એની છાપેલી યાદી હાથમાં આપીને એમાં કંઈ ન ફાવતું હોય તો તે જોઈ વિચારી કહી દેવાની એમણે વિનતિ કરી. અને અમે છૂટા પડ્યા—ના છૂટા નથી પડ્યા. દસ મહિનામાં એ વ્યક્તિએ મારા મન ઉપર વિવેકની, જ્ઞાનની, સૌજન્યની, સમજણની, ચબરાક બુદ્ધિની, નમ્રતાની હમેશની છાપ પાડી છે, કદી ન વિસરી શકાય એવો

અનુભવ કરાવ્યો છે. પોતાનું ઘર સારું, ઠીકઠીક મોટું. ત્યાં ગરીબ વિદ્યાર્થીઓને રાખે. એમાં બે તો હિન્દી ભાઈઓ રહી ગએલા. હિન્દીઓ સાથે સંબંધ બંધાવા માંડયો, એટલે એમનાં વહુ–મિસિસ જેઈન ઑયરે યુનિવર્સિટીમાં શીખવાતા હિન્દુધર્મ–હિન્દુઈઝમ–ના નિયમિત વર્ગોમાં દાખલ થઈ એ વિષય શીખી લેવા નક્કી કર્યું કંઇ સમજણ ન પડે તો સીધી મારે ત્યાં–ટેલિફોનથી ઍપૉઈન્ટમેન્ટ લઈ–પૂછવા દોડી આવે. ભલો વર, એનાથી ભલી બાઈ; અને મીઠો સેવાતત્પર દીકરો. ડૉ. ઑયર બેત્રણવાર હિન્દ આવી ગયા છે. આવ્યા છે ત્યારે અમે મળ્યા વિના રહ્યા નથી. હિન્દમાં બેત્રણ ઠેકાણે અવાજ સુધારવાનાં, મૂગાઓને બોલતા કરવાનાં ક્લિનિકો (અમેરિકન ભંડોળમાંથી) ઊભાં કરવાના કામસર આવે છે–જાય છે. હજી તો એમને આપણે બહુ વાર મળીશું. ત્યાંથી વિદાય લેવાનો મારો સમય આવ્યો તે અરસામાં મારી મા જેવી પદ્મા અને વસંત શાહ મને મળવા લાન્સિગ આવ્યાં હતાં ત્યારે એ બંને લગભગ એમનાં જ મહેમાન હતાં! પણ એ બધા પ્રસંગો યથાકાળે આપણે માણીશું.

કૅમ્પસ મને ઘણું ગમ્યું, બેત્રણ દિવસમાં રસોડું સજાવી દીધું. વેલણ તો હું અહીંથી લઈ ગયો હતો. તુવેરની દાળનાં નિયમિત પારસલ કીકાભાઇ ધીઆને ત્યાંથી આવતાં. બાસમતી ચોખા જ્યારે જોઈએ ત્યારે અને જોઈએ એટલો બાજુના સ્ટોરમાંથી મળતો. આ તો 'ગામડું', તોયે—આદુ લસણ કોથમરી ધાણાજીરું હળદર હીંગ સિવાય બધા જ મરીમસાલા મળતા. અને ન મળે તો શિકાગો કે ન્યૂ યૉર્કમાં બાજરીથી માંડી એશિયાની જે કૈં મનગમતી ધાન્યની જણસ જોઈએ તેની દુકાનોની મને જાણ હતી, ત્યાં ટેલિફોન ખખડાવ્યો કે બીજે યા ત્રીજે દિવસે જ ચોખ્ખો માલ હાજર! વેંગણ, કોળું, વટાણા, કોબી, કૉલીફ્લાવર, ભીંડા અને બટાટા;—પછી શું જોઈએ.

અરે ભલા પણ વાસણકુસણનું શું? હું મારા ઍપાર્ટમેન્ટમાં રહેવા ગયો તેને બીજે જ દિવસે બેત્રણ મૅડમો ટપકી પડી. તેઓ વળી મારે માટે થોડું ઘણું જાણે. 'અમે તો તમારી જ રાહ જોતાં હતાં.' ઓત્તારીની! 'યુ સી; અમારું એક મંડળ છે. અમે અહીંના પ્રોફેસરોની વહુઓ છીએ, અને આ જ મકાનમાં નીચે ભોંયરામાં બે મોટા રૂમમાં અમારું દફતર છે. બાજુના ઘરમાં નીચે એ જ પ્રમાણે બીજા બે મોટા ઓરડાઓ છે. હવે તમારે શું શું જોઈએ તે કહો. આ યાદી. ચમચા, કોકરી, પ્લેટ, રાંધવાનાં વાસણો, છરીકાંટા, ચાની કિટલી, ગરણી... તમે જો કૃપા કરી–પ્લીઝ–અમારી સાથે આવો તો અમારો આખો ખજાનો તમે નજરે જ જોઈ લ્યો, અને એમાંથી તમને મનગમતી અને ખપજોગી વસ્તુઓ પસંદ કરી લ્યો. તમે એકલા છો, એટલે ત્રણ જણ જમે એટલો સેટ અમે આપી શકીએ, તમારાં ધણીઆણી સાથે હોય તો ચાર જણનો સેટ અમે આપીએ.' દરમ્યાન અમે વાતો કરતાં નીચે–ને ત્યાંથી બાજુના બંગલાના ભોંયરામાં. એક નાનકડો પણ ચિત્રવિચિત્ર વસ્તુઓનો આખો ભંડાર—અલાઉદ્દીનનો અજાયબ દીવો જ સળગવો બાકી! 'જી; અમે આમાંથી ભાડે આપીએ છીએ, એક વર્ષ માટે; બીજું વર્ષ રહેવાના હો તો ફરીથી એક વર્ષનું ભાડું.' મારા મનમાં કે ખપ પૂરતી જ ચીજો લેવી, કારણ ભાડામાં સોરાટી નાખે તો ભારે પડે. પણ એ ભલી બાઇઓએ પોતાની રીતે, ત્રણ જણની ગણતરી પ્રમાણે, ટોપલો ભરીને વસ્તુઓ કાઢી, પોતે જ પેલા ફારમમાં લખી દીધી અને મને સહી કરવા કાગળિયું આપ્યું. જોતાં મારી આંખ માને જ નહિ! બુદ્ધિ ચકરાવે ચડી: 'મૅડમ! વૉટ? વર્ષભરનું આ બધાંનું ભાડું ફક્ત એક ડૉલર જ?' 'જી; ટોકન. વાત એમ છે કે આ સંસ્થા શરૂ કરી ત્યાર બાદ અમારા ખજાનામાં વસ્તુઓ ભાંગીતૂટીને ઘટવાને બદલે વધવા માંડી છે! કારણ, તમે પાછા જશો ત્યારે તમે પણ વરસ દરમ્યાન બજારમાંથી બે નવા ગ્લાસ લાવશો કે એવું કંઈ વાપરવા લાવશો તે અહીં આ ભેગા જ આપતા જશો. એમ આજ દસપંદર વરસથી જાતજાતનો સામાન વધતો જાય છે. આપ તો હિન્દી છો; પણ જાપાનીઝ હોત તો, અમારી પાસે અઢળક જાપાનીઝ સામાન છે, એમાં વધારો થાત. કારણ ઘણા વિદ્વાનો અહીં ભણવા-ભણાવવા આવી ગયા તેમાંના કેટલાક તો પોતાના દેશથી ખરીદેલા બહુ સુંદર ચાના સેટ અહીં રાખીને જ ગયા છે.' હું બહાર નીકળ્યો ત્યારે મને પેલી સાઈકલના ભંડારની વાત યાદ આવી.

ત્રીજે દિવસે સવારે મિસિસ ઍયરનો ટેલિફોન: 'ડૉ. મહેતા! તમને નીચેના ભોંયરામાંથી પ્રોફેસર્સ વાઇફ્ કલબમાંથી જરૂરની બધી વસ્તુઓ મળી?' મેં થૅંકસ માની હા કહી. પણ એ ભલી બાઈ આગળ ચલાવે છે: 'ના, એમ નહિ. હવે તમને કંઇ ખૂટતું હોય,—કોઈ વાસણ, કોઇ ખાસ ફ્રાઇંગ પૅન, ઓવનમાં રાંધવાનો ઍરટાઈટ ડાબડો કે પુડિંગ બનાવવાનો વાટકો—તો હું મારે ત્યાંથી હમણાં જ ચિરંજીવી જો સાથે મોકલાવી આપું.' મારે જવાબમાં કહેવું પડયું: 'મોટીબેન! પેલી ત્રણ બાઈઓએ તમારી સૂચનાથી મારી સાત પેઢી ચાલે એટલો સામાન આપ્યો છે, અને છતાં કદાચ ખૂટશે તો હું તમને કહીશ.'

ટેલિફોન મૂક્યો અને બારણાની ઘંટડી વાગી. બારણું ખોલું છું તો સામાન્યરીતે ન જોવામાં આવે એવી ઊંચી જાપાનીઝ બાઈએ ડોકિયું કર્યું. મારો નંબર ૮૦૨; એનો ૮૦૧. સામસામે રહીએ. અને એની અટક મિસિસ બાટિસિની. નામ ઉપરથી ઈટાલિયન હશે એમ મેં માન્યું હતું, પણ જોઉં છું તો જાપાનીઝ. 'આવો.' 'ના, ના, હું તમને જરા પણ ખલેલ કરવા માગતી નથી. તમે મારા પડોશી થયા છો એટલે પૂછું છું કે શું ખાશો, શું પીશો, તમારે શું શું જોઇએ, એ બધું મને કહો. આજે રાતે હું મારી રીતે જાપાનીઝ ભોજન બનાવીશ. તમે આઠેક વાગ્યે આવશો? આવજો જ. ત્યારે આપણે વિગતવાર વાતો કરીશું. મારું નામ મડોરી. અટકની ભાંજગડમાં ના પડતા. મારી પાસે સરસ જાપાનીઝ સાકે છે. (સાકી યા સાકે = ચોખામાંથી બનાવેલો આસવ.) તમે ચાખ્યો તો હશે જ. આવજો! હું તમને મહેતા નહિ કહું; સી. સી. સરસ ઇનિશિયલ્સ છે. હવે તમે તમારું કામ કરો. હું જાઉં છું. આમે ય તમારે મને મળવું જ પડશે, કારણ હું લાયબ્રેરીમાં કામ કરું છું, આવજો—બાઈ બાઈ—આઠ વાગ્યે.'

અનેક નવા સંબંધોમાં હજી એક નવો ઉમેરો જાણવો જરૂરી છે. અલબત્ત, એ માટે પણ કાર્લીનો જ આભાર. સાઉથ એશિયન અભ્યાસકેન્દ્ર એ ઘણી યુનિવર્સિટીઓમાં એક ખાસ અલાયદું ખાતું હોય છે. અહીં એમાં એક ઘણા ઊંચા, મળતાવડા ડૉ. વિલિયમ રૉસની સાથે ઓળખાણ કરાવી. પહેલા અઠવાડિયામાં જ એમને ત્યાં જમણની મોટી પાર્ટી હતી. સરસ, શુદ્ધ, સ્વચ્છ અંગ્રેજીના બોલનાર તરીકે અને પોતાના ઘરમાં જાતજાતની ભારતીય મૂર્તિઓના સંગ્રહ કરનાર તરીકે એની મારા મન ઉપર સુંદર છાપ પડી. એ ઊંચા એટલી જ એની વહુ નીચી! બંનેની જુગતે જોડી! રૉસસાહેબ હિન્દુસ્તાન કરતાં પાકિસ્તાનને વધારે જાણે—કરાચીમાં એકાદ બે વર્ષ શાહનવાઝ ભુટ્ટોના હાથ તળે કામ કરી આવેલા એટલે. થોડુંઘણું ઉર્દૂ બોલે. નેપાળમાં રહેલા, હિન્દમાં પણ ફરેલા, અને યુનિવર્સિટીમાં ચારેકોરની નજર રાખનારા, ઘણું જાણનારા, અને એક વાર જીવ મળી ગયો તો મુસીબતોમાં ખભેખભો મિલાવી ઊભા રહેનારા. એમણે પણ પોતાને ત્યાંથી તકિયા–જાજમનો અસબાબ મોકલાવી આપ્યો. રૉસસાહેબ તો વળી

હાર્ટ ઍટેક

હૃદયરોગનો હુમલો થાય ત્યારે ડૉક્ટર આવતાં પહેલાં તાત્કાલિક કરવાની સારવાર. . . ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

પ્રાથમિક સારવાર કરનારે ચાર પ્રકારના હાર્ટઍટૅક વિષે થોડુંક જાણવું જોઈશે: 'સ્ટ્રોક્સ-ઍડમ્સ'ના હુમલામાં હૃદયના ધબકારા મિનિટના દસ જેટલા સુધી ઘટી જાય છે; પરિણામે મગજને પૂરતો પ્રાણવાયુ ન મળવાથી રોગીને મૂર્છા આવે છે. આવે સમયે તેને સુવાડી દેવો અને વિનાવિલંબ દાક્તરને બોલાવવા.

'એન્જાઈના પેક્ટોરીસ': કેટલાકને ચાલીસની ઉંમર બાદ શારીરિક શ્રમ કે લાગણીના ઉશ્કેરાટ પછી આ પ્રકારનો હુમલો આવે છે. એમાં લોહીની નળીઓ સંકોડાવાથી હૃદયને પૂરતા પ્રમાણમાં પ્રાણવાયુ મળતો અટકે છે. આથી પૂરતું લોહી ન પામવાને કારણે હૃદયની માંસપેશીઓ શ્રમિત થઇ છાતીમાં હૃદયશૂળની તીવ્ર વેદના ઊપડે છે. આ પીડાથી રોગી સ્થિર બની જઈ એનો ચહેરો ફિક્કો પડી જાય છે અને શ્વાસોચ્છ્વાસ ઝડપી બને છે. રોગી લોહીના ઊંચા દબાણથી પીડાતો હોવાનાં લક્ષણો જોવા મળે છે.

આ પ્રમાણે અવારનવાર થતું હોઈ સમજુ રોગી દાક્તરની સૂચના હેઠળ ટ્રીનીટ્રીનની ગોળી કે એમાઈલ નાઇટ્રેટની કૅપ્સ્યુલ હમેશાં પાસે રાખે છે. રોગીને આ ગોળી ચૂસવા આપવી અગર તો એમાઈલ નાઈટ્રેટની કૅપ્સ્યુલ રૂમાલમાં મૂકી ભાંગી નાખી, એ રૂમાલ તેને સુંઘાડવો. રોગીને આરામમાં બિસાડવો કે સુવાડવો. જો તેને ચેન ન પડે તો તાત્કાલિક વૈદકીય સારવારની વ્યવસ્થા કરવી.

'કૉરૉનરી થ્રૉમ્બૉસિસ': મોટે ભાગે પ્રાણઘાતક નીવડતો હૃદયરોગનો આ ત્રીજા પ્રકારનો હુમલો આ જમાનાના એક શાપ રૂપ છે. આમાં હૃદયને લોહી પૂરું પાડતી કૉરૉનરી આર્ટરી (ધમની)ઓમાંની એકમાં લોહીનો ગઠ્ઠો બાઝે છે, જેના પરિણામે હૃદયની માંસપેશીને પ્રાણવાયુ અને પોષણ મળતાં બંધ થઈ છાતીના મધ્યભાગમાં ઓચિંતી તીવ્ર વેદના થઈ આવે છે. આ સ્થિતિ પ્રાણઘાતક છે. પિસ્તાલીસની વય ઉપરના રોગીની છાતીની વેદના એક કે બન્ને હાથ કે ગળા ભણી જાય છે અને તે ઘણી તીવ્ર હોય છે. ચહેરો ફિક્કો યા કાળો પડી જાય છે. રોગીને પુષ્કળ હાંફ ચડે છે. આ વેદના અપચાને લીધે હોવાનું કદી ધારવું નહિ. શંકા પડે તો યે અપચો તો કદી ધારવો નહિ.

રોગીને જ્યાં આવી વેદના ઊપડે ત્યાં જ તેને તુરત સુવાડી દેવો. તેને પથારીમાં લઈ જવાનું ઉતાવળિયું પગલું ન ભરવું. એમ કરવામાં તેનું મૃત્યુ થવાનો ભય રહેલો છે. રસ્તા વચ્ચે આવો હુમલો આવ્યો હોય તો યે તેને ત્યાં જ સુવાડી દેવો અને તુરત ઑસ્પિટલમાં ખસેડવાની વ્યવસ્થા કરવી. તેને બેઠો પણ થવા દેવો નહિ. જો પ્રાપ્ય હોય તો તેને ગાર્ડીનલ કે ટ્રાન્કવીલાઇઝરની એકબે ગોળી આપવી. ઊબકા-ઊલટી થતાં હોય તો બરફનું પાણી પીવા ન આપવું. હા, બરફનો ટુકડો ચૂસવા આપવો. ઠંડી ઋતુમાં ઓઢાડવું. ઉનાળાના બફારા વખતે હાથપંખા કે વીજળીના પંખાથી હવા નાખવી. પુષ્કળ હાંફ વખતે પીઠ પાછળ તકિયા કે ઓશીકાં મૂકી તેને થોડો બેઠો બનાવવો. આ હુમલા વખતે તાત્કાલિક દાક્તરી સારવારનો પ્રબંધ કરવો જ.

'હાર્ટ ફેઈલ્યોર' એ હૃદયરોગના હુમલાનો ચોથો પ્રકાર છે. એમાં રોગીને હાંફ ચડી એના મોં પર કાળાશ પથરાઈ જાય છે. પગે પાણીના સોજા આવે છે. રોગી અરધી બેઠેલી સ્થિતિમાં રહે એવી રીતે તેની પીઠ પાછળ તકિયા કે ઓશીકાં ગોઠવવાં ને દાક્તરને તેડાવવા.

કાર્ડિયાક ઍરેસ્ટ (હૃદય એકદમ બંધ પડવું): એન્જાઈના પેક્ટોરીસ, કૉરૉનરી થ્રૉમ્બૉસીસ, માયોકાર્ડિયલ ઈન્ફ્રારક્શન વખતે રોગીનું હૃદય ઓચિંતું બંધ પડે છે. વીજળીનો આંચકો, ડૂબવું, શ્વાસાવરોધ, અકસ્માત કે વેદનાભર્યું વાગવાને લીધે પણ આવું બને છે. રોગીના શ્વાસોચ્છ્વાસ બંધ પડે છે. નાડી બંધ પડે છે. ડાબી છાતી ઉપર કાન મૂકી જોતાં હૃદયના ધબકારા સંભળાતા નથી. છતાં ત્વરિત સારવાર આપવાથી જિંદગી ઘણી વાર બચી જાય છે.

પ્રથમ તો શ્વાસમાર્ગ ચોખ્ખો કરવો. મોંમાં ઊલટી હોય તો સાફ કરવી. જડબું ઊંચું પડતું કરવું. માથું સહેજ પાછળ ઢળતું રાખવું જેથી ફેફસાંમાં હવા જવાનો માર્ગ સીધો થાય. પછી રોગીના મોંમાં ચારપાંચ વાર શ્વાસ પૂરવા (માઉથ ટુ માઉથ રેસ્પિરેશન). આ પછી હૃદય ઉપર માલિશ કરવું. છાતીના હાડકાના નીચલા ભાગ ઉપર હથેલીનો છેડો આવે એવી રીતે છાતી ઉપર હાથ ગોઠવવો. તેના ઉપર બીજો હાથ મૂકવો, ને દબાવવો. આવું મિનિટમાં સિત્તેર વાર કરવું. હથેલી દબાવીને છાતી ઉપરથી બન્ને હાથ ઊંચકી લેવા. આમ કરવાથી છાતી મૂળ સ્થિતિમાં આવી જાય છે. આ વખતે હૃદયનું વિસ્તરણ થવાથી મોટી શિરાઓમાંથી લોહી શોષાય છે.

જો સહાયક હોય તો તેને છાતીના દબાણ દરમિયાન રોગીના મોંમાં શ્વાસ પૂરવા કહેવું. જો કોઈ સહાયક ન હોય તો દર અરધી મિનિટે રોગીના મોંમાં શ્વાસપણ પૂરતા જવા, પણ છાતી ઉપર માલિશ વખતે કોઈ મોંમાં શ્વાસ પૂરનાર હોય એ ઈચ્છનીય છે. છાતી ઉપર તાલબદ્ધ દબાવવામાં તાકાતની કસોટી થાય છે, એટલે થાક લાગતાં બીજો સહાયક હોવાની આવશ્યકતા છે. છાતી ઉપર માલિશ અને મોં વાટે શ્વાસ પૂરવાથી ઓચિંતું હૃદય બંધ પડયાના ઘણા જીવ બચ્યા હોવાના અહેવાલ છે. માલિશ દરમિયાન દાક્તરી સારવારની કે ઍમ્બ્યુલન્સ ગાડી મંગાવવાની વ્યવસ્થા પણ કરવી જ. (ચાલુ)

પૂછતા જ નથી — મોકલવાની જ વાત!

ડૉ. હર્બર્ટ ઍાચરથી માંડી ડૉ. રૉસ સુધીનાં અડોશીપડોશીની શરૂઆતમાં દેખભાલ જોઈ જાણી મને ન્યૂ યૉર્ક અને મિશિગન બે વચ્ચે સરખામણી કરવાનું મન થયું. એક મથાળું ટપકાવ્યું. 'વલ્ગૅરિટી વર્સસ કાઇન્ડનેસ.' ત્યાં કરોડની વસ્તીનું શહેર—કોઇને કશી પડી નથી; આ ૫૦–૬૦ હજારની વસ્તીનું ગામડું—ભલમનસાઈનો પાર નથી. પણ આ ફરક પૃથ્વીપટ ઉપર સૌકોઈ શહેર-ગામડામાં નથી? એમાં આ તો વળી યુનિવર્સિટીકેન્દ્ર એટલે અહીં ભાવઊમળકાનું પ્રમાણ વધારે હોય એ દેખીતું જ છે. કહે છે કે ઘાસની એક ગંજીમાંથી અહીં ઍગ્રીકલ્ચરની યુનિવર્સિટી કાઢવાનો કોઈ ને મનસૂબો થએલો. ત્યારે પચાસ પૂરાપાધરા વિદ્યાર્થીઓ નહિ. એમાંથી સો વર્ષ બાદ આજે ૫૫ હજારની સંખ્યા, હૉલ ઉપર હૉલ, અને જુદા જુદા ૨૨૦૦ વિષયો શીખવવાનો પ્રબંધ! માનશો? પોતાનું છાપખાનું તો જાણે હોય, પોતાની ઑસ્પિટલ પણ હોય, પણ આ મિશિગન સ્ટેટ યુનિવર્સિટીનું પોતાનું એરોડ્રોમ અને એરપૉર્ટ પણ છે! વિદ્યાર્થીઓ ત્યાં કામ શીખે, અને જાહેર જનતાને કામકાજ હોય તો ત્યાંથી ઊડે પણ.

હવે આના અનુસંધાનમાં આપણે ત્યાંની એક અવળચંડાઈ તાજેતરની—૧૯૬૯ના વર્ષની પ્રજાને જાણવા જેવી જાણો: મારા એક મિત્ર અમેરિકાથી હિન્દ આવ્યા હતા. એમને જોધપુર જવું હતું અને મારે એમને દિલ્હીમાં ફરી મળવાનું હતું; અને જોધપુરથી ટ્રેઇનની અથડા-

મણમાંથી બચવા એ મને પૂછે છે કે જોધપુરથી દિલ્હી જવાનો કોઈ સતરો ઍરરૂટ નથી? અમે કીકાભાઈ ધીઆને ત્યાં તે સાંજે જમવાના હતા. ત્યાં 'ટ્રેડ વિંગ્સ'ના કર્તાહર્તા સુમન શેઠ પણ સાથે જમવામાં હતા. એમને પૂછ્યું તો એમણે તરત ગજવામાંથી ટાઈમટેબલ કાઢી બતાવ્યું કે ઇંડિયન ઍર લાઈન્સનું કોઈ વિમાન જોધપુર જતું નથી, અને ત્યાંથી પૅસેન્જર સર્વિસ છે જ નહિ. મારા પેલા અમેરિકન મિત્ર જોધપુર પહેંચ્યા. ત્યાં એમના મિત્રમંડળે કહ્યું હશે કે ઍર સર્વિસ છે, એટલે એમણે મને દિલ્હી તાર કર્યો કે પ્લેનમાં હું આઠ વાગ્યે પહોંચું છું. હું ટેલિફોનથી આપણી ઍર સર્વિસને પૂછું છું તો 'ના' ને 'ના' જ કહે છે. છતાં હું મારા મિત્રે જણાવેલા ઍર પોર્ટ સફદરજંગ ઉપર ગયો, અને મારા મિત્ર બરાબર આઠ વાગ્યે જોધપુરથી ઊપડી દીલ્હી પહોચ્યા ને મળ્યા! પછી આ બાબતનો મને ચણચણાટ, તે ખબર કાઢી; તો 'જામ ઍર લાઈન્સ' નામની આ સર્વિસ જોધપુરથી, જયપુરથી, કોટાથી દિલ્હી એમ ક્યારની ચાલે છે! એમના અધિકારીઓને પૂછ્યું કે તમે જાહેરાત કેમ કરતા નથી? તો કહે 'અમને જાહેરાત કરવાની મનાઈ છે!' ધંધો કરો, પણ જાહેરાત ન કરો! સાંભળ્યું છે આવું કદી? એમની જાહેરાત કરવાથી ઇંન્ડિયન ઍર લાઇન્સનું પોતાનું વિમાન જોધપુર જતું હોય તો એમની આવકમાં ગાબડું પડે એ સમજી શકાય, પણ ત્યાં નથી જતું છતાં, જામ ઍર લાઈન્સ જાહેરાત ન કરી શકે! એ સાંભળી—અને એ બાબત ઇન્ડિયન ઍર લાઈન્સના અમલદારો સાથે વાતચીત કરી ખાતરી કર્યા બાદ—હું તો છક્કડ જ ખાઈ ગયો! મૂર્ખાઈની હદ હોઈ શકે? કોઈ પરદેશીને જોધપુર જવું હોય, અને એને જો સદ્ભાગ્યે આ સર્વિસની ખબર હોય તો એ બંને ઍર લાઈન્સની ટિકિટ લે; નહિ તો વાત પડતી જ મૂકે! લાઇસેન્સ આપવામાં આ જાતની શરતો રાખવી, એ સામાન્ય બુદ્ધિમાં ઊતરે એવી વાત નથી. કંઇક વહીવટી કારણો હશે, પણ એનો શો અર્થ?

બરાબર આઠને ટકોરે મડોરી બાઈના ફ્લૅટનું બારણું ખખડાવ્યું, તો એ મડોરી જ નહિ! સવારે હતો નોકરી ઉપર જવાનો અમેરિકન પહેરવેશ અને અત્યારે પાકો જાપાનીઝ વેશ!

એક જરા ઊંડી મોટી સપાટ તાસકમાં ટામેટાથી માંડી જેટલી વસ્તુ આધીઆધી રાખીને તળાય એટલી મૂકીને માખણમાં તળવાની, ફેરવતા જવાની, ખાતા પણ જવાની! સુકીયાકી કે એવું જ કંઈ નામ. એની રાંધણકળામાં મડોરીબાઇ તલ્લીન. એ પૂરું કરી અમે વાતે વળગ્યાં. મડોરીને ત્યાં જમી એના ટેબલ ઉપરની ચોપડીઓ ઉથલાવવા માંડી. એમાંથી બે પુસ્તકો મેં બાજુ પર કાઢયાં. એ જોઈ મડોરી મલકી ઊઠી: 'ફૂલની ગોઠવણી ઉપર આ એકબે પુસ્તક નથી. ફૂલ-ગોઠવણીની બાબતમાં, તમે હિન્દમાં ફિલસૂફીના જેટલા ફાંટા પાડયા છે એ કરતાં વધારે અમે જાપાનીઝમાં ફૂલસજાવટ ઉપર પુસ્તકો લખ્યાં છે.'

'મડોરી! મને એની કંઇક જાણ છે, પણ એમાંની મહત્ત્વની શૈલી યા સજાવટ વિશે કંઈ કહી શકાશે?'

'સી. સી.! દસ વાર મારે પેટે જનમ લો, અને ગર્ભવાસમાં તમે હો ત્યારથી હું શીખવાડવા શરૂ કરું, તોપણ આ અમારા શાસ્ત્રનો તાગ ન નીકળી શકે! અલબત્ત, હું અમારી જાપાનીઝ ઢબે અતિશયોક્તિ કરું છું, પણ સૈકા સૈકાની આ પ્રણાલિકાઓ છે. વળી ચૌદમા-પંદરમા સૈકામાં તો દરેક સૈકામાં પણ પલટા આવ્યા છે. રાજકારણ કે ધર્મભાવના બાજુએ રાખીએ તોપણ, ફૂલના રંગ, એની જુદાજુદા ઘાટની પાંખડીઓ, એનાં પાંદડાં, એની ડાળખીઓ એ એક વાત છે. બીજી, એ ફૂલને ક્યાં દીવાનખાનામાં, રસોડામાં, બારીમાં, લટકતાં કે નીચે, કઠેરામાં, ગૅલેરીમાં, ચાના ટેબલ પર કે ખાવાના ટેબલ પર, શિયાળા કે ઉનાળામાં કે વરસાદમાં, જન્મદિવસે કે બુદ્ધ ભગવાનના મહોત્સવ નિમિત્તે, મંગળ અવસરે, નાના કુટુંબમાં કે વરવહુ અને બે બાળકો ઉપરાંતના મોટા કુટુંબમાં, કેવા ઘર સ્થાનમાં એની ગોઠવણી કરવાની છે, એનો પહેલાં વિચાર કરી, એને ક્લાસિકલ રીતે એટલે કે ગૌરવવાળી સજાવટમાં કે રોમાન્ટિક-રોમાંચક સજાવટમાં (જરા લહેરીપણાનો, ઉપભોગનો ખયાલ આપે એમ), કે કેવળ ભક્તિની ભાવના ફલિત થાય એમ, કે કેવળ શૂન્ય સ્વરૂપે (એની સજાવટ જોઈ સંસારમાં આ જ છે, ઉપરાંત કશું છે જ નહિ એવો વૈરાગ્ય પેદા કરવો હોય એ રીતે), એકધારા એક જ રંગી, કે સજાવટ જોતાં જ તમારું મન પ્રફુલ્લ થઈ થનગન થનગન નાચવા મંડી પડે એવી ભાવના પેદા કરે એવી, આમ વિવિધ હેતુસર, અનેકવિધરીતે ફૂલોની સજાવટ થઈ શકે છે.

જુઓ આ ગોઠવણ; ને હવે આ પ્રકરણ જુઓ. અમારે ત્યાં જેટલાં ફૂલો ઊગે છે તેના આ કલર ફોટોગ્રાફ; જેટલાં અમે જાપાન બહારથી લાવી રોપી ઉગાડયાં એના આ ફોટોગ્રાફ. આ ઘર, દીવાનખાનાં, રસોડાં, જાળીઆં-માળીઆં, બારી-ગોખલા...જોતા જ જાઓ. અને એ બધાંના પ્રમાણમાં, મેં આગળ કહ્યું તેમ, આ જુદીજુદી ધ્યેયલક્ષી ગોઠવણો. હવે આ જુઓ: આ અઢારમી સદીની વાત, અને આ પાનામાં આજના મૉડર્ન—નવી ઢબનાં બંધાએલાં ઘરોમાં ફૂલ સજાવટની વાત. આ બે એક જ રંગનાં ફૂલોની; આ બાર જુદાજુદા રંગની. વળી ગોઠવણમાં આ ડાળી એમ નીચે વળી તો એનું રહસ્ય, આ ઊંચે જતી ગોઠવી તો એ ઊર્ધ્વગામી થઈ કહેવાય, એ એનું રહસ્ય. હવે ફૂલદાનો જુઓ: પવાલાં, કોઠા, કાચના કે માટીના, લાકડાના કે પથ્થરના, ચીતરેલા કે સાદા, વિવિધ ઘાટના—એ બધાં ક્યાં, શામાં ગોઠવવા યોગ્ય છે એની નુકતેચીની.

'મડોરી! તમને આ દરેક ફૂલનાં નામ યાદ છે?'

'દરેકનાં, દરેક રંગનાં, દરેક છોડનાં, દરેક મોટે ભાગે ક્યાં સારામાં સારાં ઊગે છે એ પ્રાંતનાં, અને અમુક સજાવટ-શૈલી કોણે શોધી એના શોધકના, જમાને જમાને કઈ કઈ શૈલી આદરને પામી એ શૈલીનાં ને એની સજાવટોનાં. જુઓ, આ મારો કિમોનો મેં પહેર્યો છે, એ પોશાકનાં બાળકનાં, કિશોરનાં, કિશોરીનાં, કુંવારીનાં, પરણેલીનાં, તાજી પરણેલીનાં, બીજી વાર પરણેલીનાં, ઉમર પ્રમાણે, ખાનદાન પ્રમાણે... અને કિમોનોના કાપડનાં એની સિલાઈની ઢબનાં, એની બાંયની લંબાઈ-ટૂંકાઇનાં દરેકનાં જેટલાં નામો છે, તે મને જેમ યાદ છે એમ આ ફૂલનાં નામો પણ યાદ છે...ચાલો, મોડું થયું છે ને તમને તમારા ઍપાર્ટમેન્ટે મૂકવા આવું. તમને અમારો સાકે ચડયો લાગે છે.'

'મડોરી! સાકે તો બહુ નરમ—અમારા દ્રાક્ષાસવ કરતાં પણ મુલાયમ છે; પણ તમારા આ શાસ્ત્રે મારું મસ્તક ભ્રમણમાં રમણે ચડયું છે.'

'એટલે જ, કાલે રવિવારે સાંજે ચાર વાગ્યે, સામા-હૉલના ઑડિટોરિયમમાં જાપાનીઝ ફૂલ-સજાવટ ઉપર એક પ્રૅક્ટિકલ ડેમૉન્સ્ટ્રેશન ડૉ. રૅાસે ગોઠવ્યું છે, ત્યાં હું તમને લઈ જઈશ. ત્યાં હવે તમે નિષ્ણાતમાં ખપો તો નવાઈ નહિ. મારે જ કાલે આ વિષય પર ભાષણ કરવાનું છે, એટલે હું તો અત્યારે મારું રિહર્સલ જ કરી ગઈ. કેટલી પાકી છું નહિ? આમ, આ સામે બારણે. તમે તમારા રૂમને ચાવી તો મારતા જ નથી, એટલે ખુલ્લું જ હશે. ઊભા રહો, હું બત્તી કરી આપું. ગુડ નાઈટ.'

મડોરીની મૈત્રી આજ દિન સુધી ટકી છે. અને એ કાગળો લખે છે. એમાં ડીઅર સી. સી. નથી લખતી, ડીઅર કઝીન લખે છે. હું એનો કઝીન કેમ બન્યો એ વળી એક નવા અનુભવની વાત છે. (ચાલુ)

કર્ક રેખાની જબાની

બાપુની કહાની-૨

અમૃતલાલ વેગડ



મકર રેખાની વાત તમે સાંભળી. દક્ષિણ ગોળાર્ધમાં જે સ્થાન મકર રેખાનું છે, એ જ સ્થાન ઉત્તર ગોળાર્ધમાં મારું છે. અને મજાની તો વાત એ છે કે બાપુના જીવનમાં જેવું મહત્ત્વનું સ્થાન એનું છે, એવું જ મારું છે.

બાપુનું જન્મસ્થાન પોરબંદર. એમનું શરૂનું ભણતર રાજકોટમાં. દક્ષિણ આફ્રિકાથી આવીને એ રહ્યા શાંતિનિકેતનમાં. આ બધાં સ્થળો મારી જ આસપાસ છે, છતાં કંઈક દૂર છે. એથી એમનાં નામનો ઉલ્લેખ કરીને જ હું સંતોષ લઈશ, પણ બે સ્થાન એવાં છે, જે મારી બહુ નજીક છે, ને જેમનું બાપુના જીવનમાં અનેરું સ્થાન છે. એ છે અમદાવાદ અને નોઆખાલી. એમની જ વાત હું કરીશ.

દક્ષિણ આફ્રિકાથી આવ્યા બાદ રહેવા માટે બાપુએ અમદાવાદ પસંદ કર્યું. એમના આગમનથી અમદાવાદ આન્તરરાષ્ટ્રીય ખ્યાતિનું શહેર બની ગયું. અહીં ૧૯૧૫માં બાપુએ સાબરમતી નદીને કિનારે પોતાના આશ્રમની સ્થાપના કરી. આજે તો એ આશ્રમ શહેરનો જ એક ભાગ લાગે છે, પણ બાપુએ જ્યારે એની સ્થાપના કરી હતી, ત્યારે વાત એવી ન હતી. શહેરથી ૪ માઈલ દૂર, એક વેરાન ભૂમિ પર એની શરૂઆત થઈ. હા, પાસે જ એક જેલ છે. બાપુ માટે એથી વધુ સારો પાડોશ બીજો કયો હોઈ શકે?

શરૂમાં સૌ તંબૂમાં રહ્યા. ચોમાસું માથે હતું. સાપનો ડર હતો. આશ્રમવાસીઓએ આ મુસીબતો હસતે મોઢે ઝીલી. જોતજોતાંમાં નવી વસાહત થઈ. વણાટનું કામ શરૂ થયું. બાદમાં રેંટિયો મળ્યો, એટલે કાંતણનું કામ પણ જોરશોરથી ચાલ્યું. મહેનત મજૂરીનું દરેક કામ આશ્રમવાસી જાતે કરતા. સવારસાંજ પ્રાર્થના થતી. અને દિવસભરની સખત મહેનત બાદ રાત્રે સૌ ઘસઘસાટ ઊંઘી જતા.

આ આશ્રમ આધુનિક ભારતની તપોભૂમિ બન્યો. દરેક આશ્રમવાસીને અમુક વ્રતો લેવાં પડતાં. એ વ્રતોનું સખત પાલન કરવું પડતું. તેઓ સંયમ, ત્યાગ ને સેવાનું જીવન ગાળતા. ભારતના લગભગ દરેક પ્રાંતના વાસીઓથી આશ્રમ વાજતો રહેતો, અહીંથી પ્રેરણા લઈ તેઓ પોતપોતાના પ્રાંતોમાં જઈ બાપુના સંદેશવાહક બની જતા. આ આશ્રમ એક આકાશદીપ સમો હતો જ્યાંથી સારાયે ભારતને પ્રકાશ મળતો.

આશ્રમના શરૂના દિવસોની વાત છે. એક હરિજન કુટુંબ અહીં રહેવા આવ્યું. બાપુ બહુ ખુશ થયા. પણ જે ધનિકોની એમને મદદ મળતી હતી, એમણે પૈસા આપવા બંધ કર્યા, પૈસાના અભાવે બાપુ આશ્રમને બંધ કરવાનું વિચારી રહ્યા હતા, ત્યાં એક શેઠે આવીને એમના હાથમાં તેર હજાર રૂપિયા મૂક્યા. આશ્રમ બંધ ન થયો.

એક વાર બાપુ એટલા બીમાર પડ્યા, કે બચવાની આશા ન રહી. ડૉક્ટરનું કહેવું હતું કે બાપુ જો દૂધ પીએ તો બચે. બાપુની પ્રતિજ્ઞા હતી કે દૂધ નહિ લઉં કસ્તૂરબાએ માર્ગ કાઢ્યો. કહ્યું: તમે ગાયભેંસનું દૂધ ન પીવાની પ્રતિજ્ઞા કરી છે, બકરીનું દૂધ લેવામાં શો વાંધો? આખરે બાપુ માની ગયા. આમ આ આશ્રમમાં–અને બાપુના જીવનમાં–બકરીએ પ્રવેશ કર્યો.

કેટલાય સત્યાગ્રહ બાપુએ આ આશ્રમમાં રહેતાં કર્યા. એક લડાઈ એમણે અમદાવાદના મિલમાલિકો સામે પણ લડી. મજૂરોની ગરીબી જોઈને એમણે એમની કાઠિયાવાડી પાઘડી છોડી ને એને ઠેકાણે ખાદીની ટોપી અપનાવી. આમ ગાંધી-ટોપીનો જન્મ થયો. ખેડા અને બારડોલી સત્યાગ્રહનું સંચાલન એમણે અહીં રહીને જ કર્યું. 'યંગ ઇંડિયા' ને 'નવજીવન'નું પ્રકાશન કરીને પત્રકાર પણ અહીં જ થયા.

બાપુ પર કેસ પણ આ જ અમદાવાદમાં ચલાવવામાં આવ્યો. એમના પર લોકોને સરકાર વિરુદ્ધ ઉશ્કેરવાનો આરોપ હતો. કોર્ટમાં બાપુએ જ્યારે પ્રવેશ કર્યો ત્યારે એમના માનમાં સૌ ઊભા થઈ ગયા. એમણે ત્યાં જે બયાન આપ્યું, એ ઇતિહાસમાં અમર રહેશે, જજે બહુ આદરથી કહ્યું કે જે સજા મારે આપને આપવી પડે છે એ જો ઓછી થઈ જશે, તો સૌથી વધુ આનંદ મને જ થશે.

બાપુને અંગ્રેજોએ જેલમાં કેટલી યે વાર બંધ કર્યા, પણ એમના પર કેસ માત્ર બે જ વાર ચલાવ્યો: એક જોહાન્સબર્ગમાં, બીજો અમદાવાદમાં. એક મકર રેખા પર, બીજો કર્ક રેખા પર!

આ આશ્રમનું છેલ્લું સંભારણું હું કેમ વીસરું? ૧૨ માર્ચ ૧૯૩૦. અહીં બાપુનો એ છેલ્લો દિવસ હતો. તે દિવસે આશ્રમ એક છાવણી જ બની ગયો હતો. નમક-સત્યાગ્રહ માટે દાંડીયાત્રાએ નીકળતાં પહેલાં એમણે કહ્યું: 'કાગડા કૂતરાને મોતે મરીશ, પણ સ્વરાજ લીધા વિના આશ્રમમાં પગ નહિ મૂકું.' એમની આ પ્રતિજ્ઞાએ આખાયે દેશને હચમચાવી મૂક્યો. જે આશ્રમને બાપુએ પોતાના બાળકની જેમ ઉછેર્યો હતો અને જ્યાં તેઓ ૧૫ વરસ રહ્યા હતા, એને તેઓ હંમેશને માટે છોડી રહ્યા હતા. સાઠ વરસના બાપુ જ્યારે એમના સાથીઓ જોડે તે જ કદમોથી સમુદ્ર તરફ ચાલી નીકળ્યા, ત્યારે હું એમને બસ જોતી જ રહી ગઈ.

આના ૧૬ વરસ બાદ બાપુની આવી જ મહાન યાત્રા જોવાનો અવસર ફરીને મને જ મળ્યો. આઝાદી પહેલાં પૂર્વ બંગાળના મુસ્લિમ બહુમતીવાળા નોઆખાલી જિલ્લામાં હિંદુઓ પર વ્યાપક હુમલા થયા. પાશવતાએ માઝા મૂકી. બાપુથી રહેવાયું નહિ ત્યારે પોતાનાં સઘળાં કામ છોડીને વૃદ્ધ ને કમજોર શરીરે અહીં આવ્યા, ને ગામડેગામડે પગપાળા ફર્યા યાત્રા બહુ કઠણ હતી. ડગલે ને પગલે મોતનો ડર હતો. પણ મોતનો ડર તો બાપુ ક્યારના છોડી ચૂક્યા હતા. એમની યાત્રાનો વિસ્મયજનક પ્રભાવ પડ્યો. હુલ્લડો શાંત થઈ ગયાં. જ્યાં ગુંડારાજ કાયમ હતું, ત્યાં ભરીભરી જિંદગી લહેરાવા લાગી. ત્યાર બાદ આવો જ ચમત્કાર એમણે કલકત્તામાં કરી બતાવ્યો. તે વેળાના વાઈસરૉયે કહ્યું પણ ખરું, કે પંજાબમાં જે કામ સેનાના પંચાવન હજાર જવાન ન કરી શક્યા, એ કામ બંગાળમાં એકલા બાપુએ કરી બતાવ્યું.

જે દિવસે ભારત આઝાદ થયો તે દિવસે બાપુ દિલ્લીમાં નહિ, પણ મારી પાસે કલકત્તામાં હતા. જે યજ્ઞનો આરંભ એમણે સુદૂર મકર રેખાથી કર્યો, એની પૂર્ણાહુતિ એમણે મારે ત્યાં જોઈ. અને ભારત આઝાદ થયો '૪૭ માં. જરા મારા અક્ષાંશને બેવડાવી જુઓ તો!

મારા માટે બાપુનું આ અંતિમ દર્શન હતું. ઘણાં વરસો પહેલાં રાજકોટમાં મેં એમને એક સાધારણ બાળકના રૂપે જોયા હતા. અહીં મેં એમને મહાનતાના ઉચ્ચતમ શિખર પર જોયા.

પચ્ચીસ વર્ષ પહેલાં

કુમાર

નવેમ્બર ૧૯૪૪

અંક ૨૫૧

આજે જે પાકિસ્તાનમાં ગુજરાતી પત્રકાર છે તે, ત્યારના એક આશાસ્પદ કવિ શ્રી હૈદરઅલી જીવાણીની, પચીસ વર્ષ પહેલાંના અંકમાં આવેલી વાર્તા : 'વિજયોત્સવ'



શરદની એક ઊઘડતી સંધ્યાએ કવિએ ગીત ગૂંથ્યું. રાજા એ રચના પર મુગ્ધ બની ગયા. કવિ રાજાના પ્રીતિપાત્ર બની ગયા.

ચિંતારહિત કવિ ક્યારેક સરિતાને તીરે, ક્યારેક ખુલ્લા વિશાળ ઉપવનમાં પોતાની રચનાઓને છંદમાં બદ્ધ કરતા. રાજપ્રજા સૌ આદરપૂર્વક એ સાંભળી રહેતાં.

એક દિવસ કવિએ સાંભળ્યું કે રાજા યુદ્ધમાં ગયા છે. રાજા વિજયી બની આવ્યા. શત્રુ પ્રદેશને ઉજ્જડ કરી એક હજાર સૈનિકોને સેનાપતિ સહ બંદી બનાવી સાથે લાવ્યા. રાજાજ્ઞાથી નગરમાં વિજયોત્સવ ઊજવાઈ રહ્યો.

શા માટે અને કોની સાથે યુદ્ધ ચાલતું હતું એ પણ જેઓ નહોતા જાણતા એ લોકો ય સામુદાયિક ઉત્સવમાં કુતૂહલથી ભાગ લઇ રહ્યા હતા. તે દિવસે દરબારમાં સૌ પ્રજાજનને આવવાનું જાહેર નિમંત્રણ હતું. લોકોનાં ટોળાંની સાથે કવિ પણ દરબારે પહોંચ્યા.

રાજા દરબારમાં આવ્યા. ઉત્સવમાં શોભે એવો એમનો પોશાક હતો. એમની ચાલમાં વિજેતાનો ગર્વ હતો. મંદ મંદ સ્મિત વેરતી આંખોમાં પરાજિતોનો ઉપહાસ હતો.

સભાજનોએ જયનાદથી એમનું સ્વાગત કર્યું. પછી પરાજિત સેનાપતિને બોલાવવામાં આવ્યા. નીચે મસ્તકે એ આવ્યા. રાજાએ કહ્યું, 'નાસી છૂટેલા તમારા રાજાને લાવી આપો. અમારી સત્તા સ્વીકારો. નહિ તો તમારો વધ કરવામાં આવશે. આજ્ઞા સ્વીકારો છો ?'

સેનાપતિએ ધીરા મક્કમ અવાજે કહ્યું:'ના'.

ક્રોધથી રાજાએ આજ્ઞા કરી; 'મંત્રી, આ એક હજાર બંદીનો વધ કરો. વિજેતાની આજ્ઞાની અવગણનાનું શું પરિણામ આવે છે તે એ બધાને સમજવા દો.'

સભા સ્તબ્ધ હતી. રાજાની આજ્ઞાનો વિરોધ કરી શકે એવું કોઇ નહોતું. એક ખૂણે દૂર ઊભેલા કવિએ ઊંડો નિ:શ્વાસ નાખ્યો. રાજાની દૃષ્ટિ એના પર પડી. પોતાના પ્રિય કવિને જોઈ એને હર્ષ થયો ને પાસે બોલાવ્યો.

'કવિ, આજના ઉત્સવે અમે તમારી વાણી સાંભળવા આતુર છીએ. આવો, આ વિજયોત્સવને તમારી કવિતા વડે ધન્ય બનાવો.'

કવિ આવ્યા. બોલવા જાય છે પણ કંઠમાંથી શબ્દ નીકળતો નથી. રહી રહીને એક ઊંડો નિ:શ્વાસ જ નીકળે છે.

રાજાએ કહ્યું: 'આ પ્રસંગે તમે ઉદાસ છો ? આજે તમારા દેશનો, તમારા રાજાનો મંગલ દિન છે ત્યારે તમારા હૃદયમાંથી ગીતની ધારાને બદલે શોકનો નિ:શ્વાસ કેમ નીકળે છે, કવિ? એવું શું દુ:ખ છે તમને?'

ધીરેધીરે મસ્તક ઊંચું કરી, રાજા પર દૃષ્ટિ ઠેરવી કવિએ કહ્યું: 'મહારાજ, તમારા વિજયને આ દિને એક હજાર નિ:શસ્ત્ર બંદીઓની શોણિતધારા વહેશે. મારી કવિતા ને કલ્પના એમાં અત્યારથી જ ધોવાઈ રહી છે. વસંતની એક નાનીશી મંજરી કાવ્ય જન્માવી શકે છે, પણ તમારો આ વિજય કે તમારી સેનાનો પ્રતાપ અત્યારે મારા હૃદયમાં એક શબ્દ પણ સ્ફુરાવી શકે તેમ નથી.'

રાજાએ ક્રોધિત સ્વરે કહ્યું: 'શું? રાજાનું અપમાન? આવડો દેશદ્રોહ? મારો શત્રુ મળી આવે તો પછી શું મને કાંઈ માણસો મારવાનો શોખ છે?'

'આજ સુધી હું ભ્રમમાં હતો. આજે તમે એ ભ્રમ ભાંગ્યો છે, રાજન્.' કવિ દૃઢતાથી બોલ્યા: 'હવે મારો રાજા તો અખિલ વિશ્વનો પાલક છે. એ એક હજારની સાથે મારો વધ કરવાની આજ્ઞા કરો, તમારો આ વિજયોત્સવ જો એથી શોભે એમ હોય તો.'

સૌ કવિને જોઈ રહ્યા. સભાને છેડે પ્રજાજનોની પાછળ ઊભેલો એક માણસ પણ ઊંચોનીચો થઈ રહ્યો. રાજા શી આજ્ઞા કરે છે એ સાંભળવા બધા આતુર બની રહ્યા હતા.

રાજા બોલવા જતા હતા ત્યાં કવિ બે ડગલાં આગળ આવ્યા. ચારે બાજુ જોઈ એમણે પોતાનું ગીત આરંભ્યું. એમાં વિજેતાના બળનું વર્ણન હતું, એનાં પરાક્રમોનું વર્ણન હતું, પણ એથી યે હૃદયદ્રાવક તો પરાજિત અને ભયગ્રસ્ત પીડિતોનું વર્ણન હતું. ઊંચે સ્વરે પોતાના હૃદયના ભાવોને વ્યક્ત કરતા કવિની વાણી પરાજિત પ્રજાની વેદનાઓ આલેખી રહી. રાજપ્રજા સૌ મુગ્ધ બની સાંભળી રહ્યાં. કાવ્યને અંતે એમણે એવી પંક્તિઓ મૂકી કે વિજય એટલે શું? રાજાએ વિજય મેળવ્યો એટલે હજારોનાં ખૂન કરવાનું કાર્ય પ્રાપ્ત કર્યું એ જ ને?

કવિની વાણીના પ્રવાહમાં ડૂબી ગયા હોય એમ રાજા સ્તબ્ધ બની ગયા. સૌની પાછળ ઊભેલો માણસ મહામહેનતે માર્ગ કરી આગળ આવ્યો. એ પરાજિત રાજા પોતે જ હતો.

એણે રાજા પાસે આવીને કહ્યું: 'મારી જ આપને જરૂર હતી ને? મને એકને બચાવીને હું હજારને મરવા દઉં તો મારો અપરાધ એનો વધ કરનાર કરતાં જરા પણ ઓછો ન હોય.'

રાજાના મુખમાંથી ઘણી વાર સુધી એક પણ શબ્દ ન નીકળ્યો. રહીરહીને આખરે આતુર સભાજનોએ સાંભળ્યું: 'ઉત્સવની ખુશાલીમાં સર્વે બંદીઓને છોડી મૂકવામાં આવે છે.'

સભાજનોએ જયઘોષ કર્યો. વિજયોત્સવ ધન્ય બની ગયો.

સુરેશ શાહ

આઠમી નૅશનલ ચૅમ્પીઅનશિપ

બૅંગલોરમાં રમાએલી નેશનલ 'બી' ટુર્નામેન્ટનું પરિણામ તેમજ તેમાંની એક રમત આપણે અગાઉ જોઈ ગયા છીએ. સપ્ટેમ્બર માસમાં બૅંગલોર ખાતે ૮મી નૅશનલ 'એ' ચૅમ્પીઅનશિપ રમાઈ હતી, તેમાં મદ્રાસના મૅન્યુઅલ આરોન ૧૩માંથી ૮½ પોઈન્ટ મેળવી વિજેતા બન્યા છે. ટુર્નામેન્ટનું પૂરું પરિણામ નીચે પ્રમાણે છે:

		૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	કુલ	એસ.બી. સ્કોર
મૅન્યુઅલ આરોન	૧	×	૧	½	½	૧	૧	½	૦	½	૦	૧	૧	½	૧	૮½	
નસીર અલી	૨	૦	×	૦	½	½	½	૧	½	½	૧	૧	૧	૧	½	૮	
શ્રીકૃષ્ણ સાખળકર	૩	½	૧	×	½	૦	½	½	½	½	½	½	૧	૦	૧	૭	૪૫¾
શમસુલ હસન	૪	½	½	½	×	½	½	½	½	½	૦	૧	૧	½	½	૭	૪૪¾
નસીરુદ્દિન ગાલિબ	૫	૦	½	૧	½	×	½	½	½	½	½	૧	½	½	½	૭	૪૪¾
સુરેશ શાલિગ્રામ	૬	૦	½	½	½	½	×	½	½	½	૧	૧	½	૦	૧	૭	૪૩¾
મહમ્મદ હસન	૭	½	૦	½	½	½	½	×	½	½	૧	૦	૧	૧	½	૭	૪૩¼
ફારુક અલી	૮	૧	½	½	½	½	½	½	×	½	૧	૦	૦	½	૦	૬	૪૧½
મેહરોજ વારછા	૯	½	½	½	½	½	½	½	½	×	½	૦	૦	૧	½	૬	૩૯¾
રામચંદ્ર સપ્રે	૧૦	૧	૦	½	૧	½	૦	૦	૦	½	×	૦	½	૧	૧	૬	૩૮¾
એમ. આર. વાહી	૧૧	૦	૦	½	૦	૦	૦	૧	૧	૧	૧	×	½	૧	૦	૬	૩૬¾
કે. કે. શુક્લ	૧૨	૦	૦	૦	૦	½	½	૦	૧	૧	½	½	×	૧	½	૫½	
રવિ હાંડેકર	૧૩	½	૦	૧	½	½	૧	૦	½	૦	૦	૦	૦	×	૧	૫	૩૩¾
શિવચરણ દેવગણ	૧૪	૦	½	૦	½	½	૦	½	૧	½	૦	૧	½	૦	×	૫	૩૨¾

આ કોઠો જોતાં જણાઈ આવશે કે આ વખતની ટુર્નામેન્ટ બહુ રસાકસીભરી હતી. ૯૧ રમતમાંથી ૪૭ રમત ડ્રૉ ગઈ હતી. કોઈ પણ ખેલાડી અન્ય બધા ખેલાડી કરતાં બહુ આગળ નીકળી જાય એવું બન્યું નથી. એનો અર્થ એ કે લગભગ બધા ખેલાડીની રમતનું સ્તર લગભગ એક સરખું હતું તેથી કોણ જીતશે તે કહેવું લગભગ છેલ્લે સુધી અશક્ય હતું.

મૂળ ૧૬ રમનારામાંથી દિલ્હીના આર. કે. ગુપ્તા ને પશ્ચિમ બંગાળના ડી. સેટ નાદુરસ્ત તબિયતના કારણે ટુર્નામેન્ટ પૂરી કરી શક્યા નહોતા. આથી દરેક ખેલાડીને ૧૩ રમત રમવાની હતી તેમાં અર્ધોઅર્ધ પૉઈન્ટ ૬½ થાય. તેનાથી ½ પોઇન્ટ વધારે મેળવનાર ત્રીજું ઈનામ મેળવી શકે. અને ½ પૉઇન્ટ ઓછું મેળવનારનો નંબર છેક અગિયારમો જાય. આ હકીકત રમતના સ્તર વિષે મેં લખ્યું તેનું સમસમર્થન કરે છે.

ભારતના એક માત્ર આંતરરાષ્ટ્રીય ઉસ્તાદ (ઈન્ટરનૅશનલ માસ્ટર) મૅન્યુઅલ આરોનનો રાષ્ટ્રીય ટુર્નામેન્ટમાં આ ત્રીજો વિજય છે. તેઓ ૧૯૫૭માં બીજી રાષ્ટ્રીય ટુર્નામેન્ટથી રમતા આવ્યા છે. આ સાત ટુર્નામેન્ટમાં એમણે ત્રણ વખત પહેલું, બે વખત બીજું અને એક વખત ત્રીજું ઈનામ મેળવ્યું છે. ફક્ત એક જ વખત તેઓ ઈનામ મેળવી શક્યા નહોતા. રાષ્ટ્રીય ટુર્નામેન્ટ ઉપરાંત આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે



મૅન્યુઅલ આરોન

પણ તેમણે પોતાની સુંદર રમતનો પરિચય આપ્યો છે. ઈ. ૧૯૬૦માં સબ-ઝૉનલ ટુર્નામેન્ટમાં મંગોલિયામાં સુરેન મેમોને હરાવી અને આગળ જતાં ઝૉનલમાં ઑસ્ટ્રેલીઆના સી. જે. એસ પર્ડીને હરાવી ઈન્ટરઝૉનલમાં રમવાને તેઓ હકદાર બન્યા. આ સાથે તેમને આંતરરાષ્ટ્રીય ઉસ્તાદની પદવી મળી. ઈ. ૧૯૬૨માં ભારત સરકારે અર્જુન ઍવૉર્ડ આપી એમનું બહુમાન કર્યું હતું.

તેઓ ૧૯૬૦, ૬૨, '૬૪માં ઑલિમ્પીઆડમાં ભારતની ટીમમાં તેઓ હતા, ત્યાં પણ તેમણે ગ્રાન્ડમાસ્ટર બીઝગિયર, પોર્ટિશ (બે વાર), ઉલમાન અને ડૉ. મેક્સ યુ (ભૂતપૂર્વ વિશ્વવિજેતા)ને હરાવ્યા હતા.

તેઓ ભારતના સૌથી પ્રતિભાશાળી ખેલાડી છે, અને હવે આંતરરાષ્ટ્રીય ટુર્નામેન્ટમાં ભારતની ટીમનું નેતૃત્વ લેશે એ એક આનંદની વાત છે. સાતમી તેમ જ આઠમી ટુર્નામેન્ટનાં પરિણામ બારીકીથી જોતાં એમ લાગે છે કે તેઓએ સારા ખેલાડીઓ સામે સારો દેખાવ કર્યો છે, પણ એક બે નબળા ખેલાડીઓ સામે હારી જતાં તેમનો સરવાળો જોઇએ તેટલો અધ્ધર નથી દેખાતો. આ ટુર્નામેન્ટમાં પહેલાં છ ખેલાડીઓ સામેનો તેમનો સ્કૉર ૮૦% છે. નાસીરઅલીનું તેનાથી ઊલટું છે. સારા ખેલાડીઓ સામે બધી રમતો જીતીને તેઓ પોતાનો સરવાળો વધારી દે છે. નાસીરઅલી નૅશનલ ટુર્નામેન્ટમાં હજી ત્રણ જ વાર રમ્યા છે, જેમાં ૧૯૬૩માં ચોથું, ૧૯૬૭માં પહેલું અને આ વર્ષે બીજું ઈનામ મેળવ્યું છે. આ બે ખેલાડીઓ આ માસ-નવેમ્બરમાં સિંગાપુર ખાતે રમાનારી ઝૉનલ ટુર્નામેન્ટમાં ભારતના પ્રતિનિધિ તરીકે જશે.

આ સિવાય મુંબાઈના શમસુલ હસન તથા હૈદ્રાબાદના નસીરૂદ્દીન ગાલીબ એકંદરે સારું રમ્યા હતા. તેઓ: ફક્ત એકેક જ રમત હાર્યા હતા. ગાલિબ તો છેલ્લા રાઉન્ડ સુધી અણનમ હતા. અને તેમની મૅન્યુઅલ આરોન સામેની રમત અધૂરી મુકાઈ ત્યારે એ સહેજ તેમની તરફેણમાં પણ હતી. માનસિક ખેંચાણ અને સમયના દબાણને લીધે તેઓ તે હારી ગયા હતા. ઇનામ ન જીતનાર ખેલાડીઓમાં રાવ હાંડેકરનો દેખાવ સારા ગણાય. પહેલા છ ખેલાડીઓ સામે તેમને ૩½ પોઈન્ટ મળ્યા હતા. તેમણે સાખળકર અને શાલિગ્રામને હરાવ્યા હતા, અને ગાલિબ, હસન, આરોન સામે ડ્રૉ મેળવી હતી. જે ટુર્નામેન્ટમાં અર્ધીથી વધુ રમત ડ્રૉમાં ગઈ હતી ત્યાં વાહીની આક્રમક શૈલીની રમત જુદી તરી આવતી હતી, તેઓ પાંચ રમત જીત્યા હતા, ફક્ત આરોન જ એમના કરતાં એક રમત વધુ જીત્યા હતા.

આ ટુર્નામેન્ટમાં પહેલા છ ખેલાડીઓ નવમી રાષ્ટ્રીય 'એ' ટુર્નામેન્ટમાં સીધા રમી શકશે અને ૭ થી ૧૦ ખેલાડીઓ નવમી રાષ્ટ્રીય બી ટુર્નામેન્ટમાં રમી શકશે. એ સિવાયના ખેલાડીઓને પોતપોતાના રાજ્ય તરફથી રાષ્ટ્રીય 'બી' ટુર્નામેન્ટમાં રમવા જેટલો વિકાસ સાધવો પડશે.

ઠક્કરબાપા (અનુસંધાન પૃષ્ઠ ૪૩૮થી) એ અનાથોનાં આંસુ લૂછીને તેઓ 'ઠક્કરબાપા' બન્યા. રાહતકાર્યની પ્રવૃત્તિથી પરવારીને તેઓ બેસી ન રહ્યા. ભીલ જનતાના ઉદ્ધારાર્થે તેમણે સાથીઓ સાથે મળીને તેમણે 'ભીલ સેવામંડળ'નું આયોજન કર્યું. આવતી પેઢીને તૈયાર કરવા દાહોદ નજીક મીરાખેડી અને કથલામાં 'ભીલ કુમાર આશ્રમો'ની અને ઝાલોદમાં 'શબરી કન્યાશ્રમ'ની સ્થાપના કરી.

બાપાનું કાર્ય પછી તો ગુજરાતની સીમાઓ ઓળંગીને સમગ્ર ભારતમાં વિસ્તર્યું અને 'આદિમ જાતિ સેવાસંઘ' જેવી વિશાળ સંસ્થાની સ્થાપના થઈ. તે દ્વારા ગુજરાત અને મધ્ય પ્રાન્તના ભીલ, ઓરિસ્સાના ઉડિયા, બંગાળના સાંથાલ, આસામના નાગ અને ખાસી, મદ્રાસ તરફના વારલી, યુક્તપ્રાન્તના ગઢવાલી વગેરે જંગલવાસીઓની તેમણે સેવા કરી. સરકારી નોકરો અને શાહુકારો ભોળી અને અજ્ઞાન ભીલ જનતાને લૂંટે નહિ એવી તાલીમ આપવા માંડી. આની સાથોસાથ 'અંત્યજ સેવામંડળ' દ્વારા બાપાએ હરિજનોની સેવા પણ ચાલુ રાખી.

ત્રીજી બાજુ બાપાએ મજૂર-પ્રવૃત્તિ પણ કરવા માંડી. જમશેદપુરમાં સહકારી મંડળીઓ શરૂ કરીને મજૂરોને સસ્તા દરે જરૂરી વસ્તુઓ મળે એવી ગોઠવણ કરી અને તેમનું દેવું ભરપાઈ કરાવી દીધું. સૌરાષ્ટ્રમાં રેંટિયાઉદ્યોગનું સંચાલન કર્યું. ભાવનગરમાં 'મહિલા વિદ્યાલય' સ્થાપ્યું. તદુપરાંત ખાદીકામ, શિક્ષણ, દારૂબંધી, દુકાળ અને રેલનાં રાહતકાર્યો વગેરે અનેક પ્રવૃત્તિઓમાં તે ફાળો આપતા રહ્યા.

ઈ. ૧૯૩૦ની સાલના રાષ્ટ્રવ્યાપી આંદોલનના સમયથી તો બાપા સેવાકાર્યમાં એવા ગરક થઈ ગયા કે તેમણે પોતાની જાતનું વિલોપન કરી દીધું. ૧૯૩૪માં યરવડાના ઉપવાસ પછી ગાંધીજીએ હરિજન-પ્રવૃત્તિ અંગે આખા દેશનો પ્રવાસ કર્યો ત્યારે બાપા પણ એમની સાથે ફર્યા. છ માસના ગાળામાં તો દેશભરમાં 'હરિજન સેવકસંઘ' દ્વારા ઠેરઠેર સેવાકેન્દ્રો સ્થાપ્યાં અને લાખો રૂપિયાનું ફંડ એકઠું કર્યું. ગાંધીજીએ એ રકમ બાપાના હાથમાં સોંપી અને તેમને 'હરિજન સેવક સંઘ'ના મુખ્ય મંત્રી તરીકે નીમ્યા.

૧૯૪૪માં રાષ્ટ્રમાતા કસ્તૂરબાનું અવસાન થતાં, એમના સ્મારક માટે ફાળો ઉઘરાવવાનું કાર્ય બાપાએ ઉપાડી લીધું. તેઓ 'કસ્તૂરબા સ્મારક ફંડ'ના મંત્રીપદે નિમાયા. રૂપિયા સવા કરોડથી યે વધુ રકમનું ફંડ એકઠું થયું, તે આદિવાસીઓ, હરિજનો અને સ્ત્રીઓની સેવાના કાર્યમાં વાપરવામાં આવ્યું. એ ત્રણે ય વર્ગની સેવા માટે દેશના ખૂણે ખૂણે સેંકડો સંસ્થાઓ કાર્ય કરતી થઈ ગઈ.

જ્યાંથી દુઃખદર્દનો પોકાર ઊઠે, દુકાળ કે રેલસંકટની ચીસો સંભળાય, ભૂખનો ચિત્કાર થાય કે અન્યાય સામે આર્તનાદ ઊઠે, ત્યાં ત્યાં કર્મયોગી બાપા તરત પહોંચી જતા. નાત-જાત, ગામ-ઠામ, જંગલ કે પહાડ, રણ કે દરિયો, રાત કે દિવસ, ટાઢ કે તાપ, વરસાદ કે વાવાઝોડું એમાંનું કશું જ ગણકાર્યા વિના ભારતના એક ખૂણેથી બીજે ખૂણે એ પહોંચી જતા અને દીન-દુઃખી, નમાયાં-નિરાધાર એ સૌની વાત્સલ્યભાવે સેવા કરતા.

બાપા જ્યાં જતા ત્યાંના લોકો જેવા થઈ રહેતા. સૌના ભેગા રહે, સૌની સાથે કામ કરે, ભોંય પર સાદડી પાથરીને સૂએ, અંધારામાં રહે અને આછીપાતળી રાબડી કે મકાઈ-જુવારના રોટલા ખાય. ભૂખ કે થાકની પરવા નહિ. રોજ દસપંદર કિલોમીટર ચાલવું એ તો જાણે રમત વાત. ગાંધીજી કહેતા કે 'બાપાને પગે તો પૈડાં છે.'



ગાંધીજી સાથે (ફોટો · કનુ ગાંધી)

બાપાને સિત્તેર વર્ષ પૂરાં થયાં ત્યારે દિલ્હીના હરિજનો અને કેટલાક મિત્રોએ તેમને સાત હજાર રૂપિયાની થેલી અર્પણ કરવાનો વિચાર કર્યો. ગાંધીજીએ 'હરિજનબંધુ'માં એ અંગે લેખ લખ્યો: 'ઘરડે ઘડપણ પણ જુવાનને શરમાવે તેવું કામ કરનાર, હરિજનો અને ભીલોના આ મહાન સેવક માટે આટલી નાની રકમ ન શોભે. એમને માટે ઓછામાં ઓછા સિત્તેર હજાર રૂપિયા ભેગા કરવા જોઈએ.' પછી તો બાપાને રૂપિયા એક લાખ અને સત્તર હજારની ગંજાવર રકમની થેલી અર્પણ થઈ, અને દિલ્હીમાં એમનું બહુમાન થયું. બાપાએ એ બધી જ રકમ દેશના આદિવાસીઓ અને હરિજનોની સેવા માટે આપી દીધી.

ઈ. ૧૯૪૯માં બાપા ૮૦ વર્ષ પૂરાં કરી ૮૧મા વર્ષમાં પ્રવેશ્યા ત્યારે સમગ્ર ભારતે એમનો જયંતી ઉત્સવ ઊજવ્યો. સરદારશ્રીના પ્રમુખપદે તેમને અભિનંદનગ્રંથ અને માનપત્ર અર્પણ કરવામાં આવ્યાં.

૮૦ વર્ષની ઉંમર પછી બાપા નિવૃત્ત થઈને વતન ભાવનગર ગયા. ૧૯૫૧ની ૧૯મી જાન્યુઆરીએ આ સન્નિષ્ઠ લોકસેવકનું અવસાન થયું. નિષ્કામ કર્મની જીવંતમૂર્તિ સમા બાપા પાસે એ વેળા પૂરા સાઠ રૂપિયા પણ નહોતા! પણ જીવનના છેલ્લા શ્વાસ લગીના સેવાયજ્ઞ દ્વારા દેશની અનાથ, ગરીબ અને પછાત પ્રજાના કલ્યાણ અર્થે એ જે કાર્ય કરી ગયા તેનું મૂલ્ય તો કરોડોની મૂડી કરતાં ય વધારે છે.

'શ્રી ઉમાશંકર જોષી–અખિલ ગુજરાત–નિબંધસ્પર્ધા'

ગુજરાતના ખ્યાતનામ કવિ શ્રી ઉમાશંકર જોશીને ગયે વર્ષે ભારતીય જ્ઞાનપીઠનું પારિતોષિક એનાયત કરવામાં આવ્યું હતું, તે પ્રસંગને અનુલક્ષીને ચારુતર વિદ્યામંડળે શ્રી ઉમાશંકર જોશીના નામ સાથે સંકળાએલી એક કાયમી નિબંધસ્પર્ધા સને ૧૯૬૯-૭૦ના અભ્યાસવર્ષથી શરૂ કરવાનું ઠરાવ્યું છે. તેમાં બે વિભાગો રહેશે: (૧) સ્નાતક કક્ષા સુધી અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે (૨) અનુસ્નાતક કક્ષામાં અભ્યાસ કરનારા માટે. નિબંધો અંગે કોઈ કદમર્યાદા નથી. પહેલા વિભાગ માટે અનુક્રમે રૂા. ૧૦૧ અને રૂા. ૭૫નાં પ્રથમ અને દ્વિતીય પારિતોષિકો, જ્યારે બીજા વિભાગ માટે રૂા. ૧૦૧નું એક પારિતોષિક નક્કી કરવામાં આવ્યું છે. નિબંધો સ્વીકારવાની છેલ્લી તારીખ ૩૧મી ડિસેમ્બર ૧૯૬૯ રાખવામાં આવી છે. વિશેષ માહિતી માટે લખો: ચારુતર વિદ્યામંડળ, પોસ્ટ બૉક્સ નં. ૨૨, વલ્લભવિદ્યાનગર (જિલ્લો ખેડા).

કંકાવટી

સાહસમૂર્તિ સતી

કૅનેડાની આના એડસન ટેલરના પતિને ક્ષય લાગુ પડયો. ડૉક્ટરે ઍરિઝોનાના સુક્કા પ્રદેશમાં લાંબો સમય હવાફેર માટે ગાળવા જવાની સલાહ આપી. પણ એટલું બધું ખર્ચ કરવાનું એ દંપતીનું ગજું નહિ હોવાથી આના મૂંઝાતી હતી. એવામાં એના વાંચવામાં આવ્યું કે જાણીતા સરકસવાળા મિ. બાર્નમે, પીપમાં બેસીને નાયગરાનો ધોધ વટાવનાર માટે ૨૦૦૦ પૌંડનું ઈનામ જાહેર કર્યું હતું,—અને એ પ્રસ્તાવ સ્વીકારનાર એક સાહસિકે પોતાનો જાન પણ એમાં ગુમાવ્યો હતો!

ખડતલ શરીર અને એથી યે ખડતલ મન ધરાવતી આના પતિને જીવલેણ રોગમાંથી બચાવવાના નિરધાર સાથે એ કપરા સાહસ માટે તૈયાર થઈ. ખૂબ સમજાવટ છતાં એ અફર રહી ત્યારે એની માગણી સ્વીકારવામાં આવી અને એક પીપમાં બેસાડી પીપ વહેતું મૂકવામાં આવ્યું. વહેતું વહેતું પીપ ધોધની ધારે આવ્યું અને પ્રેક્ષકોની ભયજનક ચિચિયારી વચ્ચે ધોધપ્રવાહ સાથે નીચે ખાબક્યું. પંદરેક મિનિટ બાદ એ પીપને વહેતા પ્રવાહમાંથી તારવી લઈને એક હોડીમાં ઊંચકી લઈ ખોલવામાં આવ્યું તો એમાં ભયભીત દશામાં પણ જીવંત આના સલામત હતી. આમ આ વિક્રમનાં નાણાંથી એણે પતિને રોગના પંજામાંથી બચાવ્યો.

મારાં પત્નીને ઝાડા થઈ ગયા. ઘણા ઘણા ઉપચારો કર્યા. ડૉક્ટરોની છેલ્લામાં છેલ્લી મળી શકતી બધી જ ટ્રીટમેન્ટ કરી પણ જેટલી જલદ ટ્રીટમેન્ટ એટલું જ તેનું રીઍક્શન. એમનું શરીર ઘસાવા લાગ્યું. ચિંતા વધી પડી.

મારા પિતાજીના એક વયોવૃદ્ધ કારકુન હતા. તેમણે કહ્યું, મારી વાત સાંભળો તો હું પણ કંઈક દવા કરું. અમે હા કહી. તરત જ એ ઘરના બગીચામાંથી જાંબુના ઝાડ પરથી, નહિ કાચાં કે નહિ પાકાં તેવાં કૂણાં અઢી પાન લાવ્યા. સહેજ સિંધાલૂણ તેમાં મેળવી તેને વાટીને બે ગોળીઓ બનાવી. રાતનો સમય હતો. એક ગોળી રાતે ખવડાવી. પછી સૂચના કરી કે જરૂર પડે તો સવારે બીજી આપજો.

આશ્ચર્યની વાત છે કે જે ઝાડા અનેક કિંમતી દવાઓ અને મોટા ડૉક્ટરનાં નિદાન-ચિકિત્સા કાબૂમાં ન લાવી શક્યાં તે જાંબુના સવા પાનની ગોળીએ તદ્દન મટાડી દીધા. સવારે ન હતું દર્દ કે ન હતા ઝાડા. આ વાતને સહેજે ૨૬-૨૭ વર્ષ થઈ ગયાં, પણ ત્યાર બાદ નથી તેમને ઝાડાનો વ્યાધિ થયો કે નથી પેટની પણ કોઈ પણ જાતની ફરિયાદ રહી. (ગુજરાતના રાજ્યપાલ શ્રીમન્નારાયણ)

એક શ્રીમંત કુટુંબની મૉડર્ન કૉલેજકન્યાના પત્રમાંથી:

'એક્સ્કર્ઝનમાંથી વળતાં મારી ફ્રેન્ડને આપેલા વાયદા મુજબ રાત્રે દસ વાગ્યે એને ગામ ઊતરી. એની મધરે ગરમ પાણી અને પૂરી શાક તથા દૂધ તૈયાર રાખ્યાં હતાં. જૂની બાંધણીના બાથરૂમમાં પણ ક્લીનલીનેસ અને ઍકોમૉડેશન સરસ હતાં, એટલે ધૂળિયા પોળને જોઇને થએલો કચવાટ ઓસરી ગયો, અને નાહ્યા પછી નાસ્તો કરીને સૂતી એવી જ ઘસઘસાટ ઊંઘી ગઈ. એ ઊંઘમાં કોઈક ધીમો રિધ્મિક મીઠો અવાજ સંભળાવા લાગ્યો. એના સુખમાં અરધી જાગીને થોડી વાર તો બિછાનામાં જ પડી રહી. પછી જોયું તો મારી ફ્રેન્ડ તો ઊઠી ગઈ હતી, પણ એનાં મધર કામ કરતાં શ્લોકો બોલતાં હતાં તેનો એ અવાજ હતો. પડયાંપડયાં ચારે તરફ નજર ફેરવી તો એ નાનું કૉમનપ્લેસ ઘર પણ ખૂબ ક્લીન ને સોઈવાળું હતું. થાક પછીનો રાતનો ગરમ બાથ, સાઉન્ડ સ્લીપ અને એમાંથી જગાડનારા શ્લોકથી જામેલા ઍટમૉસ્ફીઅરથી મન પર એવી ચોટ વાગી ગઈ કે આજ સુધી પ્રાર્થના અને શ્લોકને હું જે હંબગ માનતી હતી તેણે જ ફ્રેન્ડ પાસે થોડા શ્લોકો ઉતરાવી લીધા છે તે આવીને તને બતાવીશ.'

આ પત્રના અનુસંધાનમાં એક શ્લોક:

> **વિષ્ણુર્વા ત્રિપુરાન્તકો ભવતુ વા બ્રહ્મા સુરેન્દ્રો થવા,**
> **ભાનુર્વા શશલક્ષણોથ ભગવાન્બુદ્ધો થ સિદ્ધો થવા;**
> **રાગદ્વેષ વિષાતિમોહ રહિતઃ સત્ત્વાનુકમ્પોદ્યતે,**
> **યઃ સર્વૈઃ સહ સંસ્કૃતો ગુણગુણૈસ્તસ્મૈનમઃ સર્વદા.**

[વિષ્ણુ હોય કે શંકર, બ્રહ્મા હોય કે ઈન્દ્ર, સૂર્ય હોય કે ચન્દ્ર, બુદ્ધ હોય કે મહાવીર—એ જે કોઈ રાગદ્વેષ રૂપી ઝેરના મોહથી મુક્ત હોય, જીવમાત્ર પ્રત્યે અનુકમ્પાવાળા હોય, સર્વ ગુણસંસ્કારથી મંડિત હોય તેને સદા નમસ્કાર હો.]

વાળ શત્રુ

આજે દિવસે દિવસે આપણા પોશાકમાં, આભૂષણમાં, વાળ ઓળવાની ઢબમાં, દરેકમાં પશ્ચિમનું અનુકરણ વધતું જ જાય છે. વાળ એ તો સૌન્દર્યનું એક અંગ છે પણ આજકાલ યુવતીઓ ફૅશનમાં તેનું ખૂબ ઓછું જતન કરે છે. મોટા ભાગની યુવતીઓ કોરા વાળ રાખે છે. તેને લીધે વાળને પોષણ મળતું નથી, મગજના જ્ઞાનતંતુઓ નબળા પડી જાય છે, માથું દુખવાની ફરિયાદ વધતી જાય છે, ઉનાળામાં ગરમી માથે ચઢી જાય છે, ને કોરા વાળ તૂટી પણ ખૂબ જાય છે, તેનો વિકાસ થતો નથી તેથી તેનું સૌન્દર્ય નષ્ટ થાય છે. વળી લાંબા વાળને બદલે ટૂંકા વાળની જે ફૅશન વધતી જાય છે તેમાં વાળ છૂટા રહેતા હોવાથી તેનો વિકાસ અટકે છે. આમ ફૅશનથી આરોગ્યને થતું નુકસાન ધ્યાનમાં રાખવું જોઈએ.

બજારમાં મળતાં જાતજાતનાં તેલ, ક્રીમ, હેર-શૅમ્પુ, હેર ડાઈ, હેર સ્પ્રેને લીધે થોડી શોભા વધે છે પણ લાંબા ગાળે નુકસાન થાય છે. વાળ ભૂખરા કે ધોળા થઈ જાય છે. હું મારા સંબંધીને ત્યાં લગ્નમાં ગઈ હતી ત્યાં બધાએ 'બુફે' સ્ટાઇલનું માથું ઓળ્યું હતું, ઊંચા ઊંચા અંબોડા લીધા હતા. પણ બીજે દિવસે માથું છોડયું ત્યારે વાળમાંથી ખૂબ જ ગૂંચો નીકળી અને વાળ ખૂબ તૂટી ગયા.

વાળ એ તો શરીરનું સૌંદર્ય છે. તેનું જતન કરવું જોઈએ. દર અઠવાડિયે અરીઠાના પાણીથી વાળને ધોવા જોઈએ. પાંથીએ પાંથીએ તેલ ઘસવું જોઈએ. તેલમાં બ્રાહ્મી, નાગરોલ, ગુલાબ, ભાંગરો જેવી વનસ્પતિ નાખી બનાવવું જોઈએ. આ તેલ ખૂબ ગુણકારી રહે છે, મગજને ઠંડક આપે છે. વાળને બંધનમાં રાખવા જોઈએ. મોટા અંબોડાથી મુખમુદ્રા શોભી ઊઠે છે ને વાળનું આયુષ્ય વધે છે

—ઇન્દુબેન કૉન્ટ્રૅક્ટર


ગૃહિણી: બોલ, કેટલો પગાર લઈશ?

નોકર: બજારમાં શાકપાંદડું લેવા મારે જવાનું હોય તો મહિને ૩૦ રૂપિયા; ને એ તમે કરવાનાં હો તો ૪૦ રૂપિયા.

કેટલાક માણસો પ્રસન્નતાનું કારણ તો બને જ છે: ભલે પછી એ આવે ત્યારે, કે જાય ત્યારે.

> સ્ત્રીનું હથિયાર જીભ છે,
> અને તેને એ કદી કાટ
> ચડવા દેતી નથી.

૧૭મી સદી આખરનાં વહાણો પર એક દૃષ્ટિપાત કરીએ :





હલેસાંવાળાં 'ગૅલી'નો વપરાશ હવે ઘટી ગયો હતો, છતાં પાછળના કાળમાં એના રૂપ-રંગની ભભક વધી હતી. બીજી બાજુ હલેસાં મારવા સાંકળે બાંધી રખાતા ગુલામોવાળા એના અંદરના ભાગમાં અંધિયારપણાને લીધે એમના પરસેવા વગેરેની દુર્ગંધ અસહ્ય બની રહેતી. અહીં આવજા કરતા અમલદારો પોતાની લાકડીના અત્તર લગાડેલા છેડા નાક આગળ ધરીને ફરતા.

એ કાળે નૌકાયુદ્ધોમાં એક નવી યુક્તિ અજમાવાતી. કાઢી નાખવા જેવાં વહાણમાં સળગી ઊઠે એવા પદાર્થો ને દારૂ ભરી, અનુકૂળ પવન જોઈને એમને આગ ચાંપી દુશ્મન કાફલાભણી રેઢાં ધકેલી દેવાતાં. એવી જ રીતે તોપના ઘન ગોળાને બદલે દારૂગોળા (બૉમ્બશેલ)નો ઉપયોગ પણ હવે વધવા લાગ્યો હતો.

૧૮મી સદીના આરંભમાં ભૂમધ્યસાગરની કંઠારોમાં કેટલાંક નવાં નાનાં વહાણો પણ વિકસ્યાં. એમાંનાં ચાર: 'પૉલકે', 'ફેલુકા', 'ફ્લ્યુટ' અને 'યાચ'. આમાંથી પૉલકેનું ચિત્ર નીચે આપ્યું છે.

લાંબી દરિયાખેડ માટે તે કામ લાગે એવાં નહોતાં પણ કંઠારની નજીક રહીને જળમાર્ગો ખેડવામાં એ ઘણાં સલતભર્યાં બની રહેલાં.





માર્થી રહું આજ વરેણ્ય ભર્ગને,
મારા જ કે વા મુજરૂપ અન્યના
બુઝાઈ જાતા ઉર-ભાવ-દીપને,
—ભલે નહિ તેજભર્યા પ્રદીપથી—
શ્રદ્ધા તણી નાનકડી સળીથી,
સંકોરીને જો ફરી પેટવી શકું,
હું અલ્પ કાજે નહિ અલ્પ એટલું. —ઉપેન્દ્ર પંડ્યા

ગાંધીજીના સહાધ્યાયી

આ વર્ષમાં ચાર ગૌરવવંતા ગુજરાતીઓની જન્મશતાબ્દી આવી ગઈ: આચાર્ય આનંદશંકર ધ્રુવ (જાન્યુ. ૨૨), મહાત્મા ગાંધીજી (ઑક્ટો. ૨), પ્રો. બલવંતરાય ઠાકોર (ઑક્ટો. ૨૩) અને ઠક્કરબાપા અમૃતલાલ વિઠ્ઠલદાસ (નવે. ૨૯). એમાંના વચલા બે–ગાંધીજી અને પ્રો. ઠાકોર રાજકોટમાં સાથે ભણેલા. પરંતુ અહીં એમની વાત નથી કરવી. આ લેખ જેમનો પરિચય આપે છે તે તો હતા, કપરી ગરીબીમાંથી સ્વાશ્રય અને બુદ્ધિથી આગળ વધીને ગોંડલ રાજ્યના નાયબ દીવાનપદ સુધી પહોંચેલા અને પોતાના નિખાલસ તથા મધુર સ્વભાવથી નાના-મોટા સૌમાં 'જોશીસાહેબ'ના વહાલસોયા નામથી જાણીતા, પણ જાહેર જગતને બહુ ઓછા જાણીતા, એક અભિજાત પુરુષાર્થી શ્રી પ્રાણશંકર ભવાનીશંકર જોશી. એમણે સ્વહસ્તે પોતાના ગાંધીજી સાથેના અભ્યાસકાળનાં સ્મરણો લખેલાં છે તેમાંથી થોડો ભાગ જોઈએ :

"ઈ. ૧૮૮૪માં ગોંડલમાં અંગ્રેજી ધોરણ ત્રીજું પૂરું કરી રાજકોટ બેલગાડીમાં ગયો અને ત્યાંની આલ્ફ્રેડ હાઈસ્કૂલમાં ચોથા ધોરણમાં દાખલ થયો. પ્રિય ભાઈશ્રી મોહનદાસ મારી પાછળ એકાદ ધોરણ હતા. તે વખતે ફૂટબૉલ રમવાનો હાઇસ્કૂલના વિદ્યાર્થીઓમાં ઘણો શૉખ હતો. ભાઈશ્રી મોહનદાસને રમતનો બહુ શૉખ નહોતો.

ઈ. ૧૮૮૮ની પહેલી ટર્મમાં અમે બંને રાજકોટથી પગરસ્તે સાંઢિયા (ઊંટ) ગાડીમાં ભાવનગર સામળદાસ કૉલેજમાં જવા સાંજે નીકળી બીજે દિવસ પ્રભાતમાં જેતપુર ધર્મશાળામાં પહોંચ્યા. રેલવેસ્ટેશન લગભગ અરધો માઈલ દૂર હતું અને ભાવનગર જવાની ગાડી લગભગ આવી પહોંચવાની હતી, તેથી અમે બેઉ ધર્મશાળામાંથી દોડ્યા. મારી પાસે કપડાં-ચોપડીનું કંતાનનું પાકીટ હતું, તે મારાથી ઊપડી શકે તેમ ન હોવાથી ભાઈ મોહનદાસે પોતે ઉપાડયું. તેના પગમાં સપાટ પહેર્યા હતાં, છતાં દોડતાં હાંફતાં ગાડી જેવી પોરબંદરથી આવી કે અમે પહોંચી ગયા. મારા પર ભાઇશ્રીનો ઘણો સ્નેહ હતો અને તે આખી જિંદગી ટકાવી રહ્યા હતા.




ભાવનગરમાં વડવા પરામાં રામમંદિરમાં ભાઇ મોહનદાસ રસોયા સાથે રહેતા હતા... કૉલેજમાં મૅથમૅટિક્સના પ્રો. ફરદુનજી મેરવાનજી દસ્તુર અમને ગણિત શીખવતા. વિદ્યાર્થીઓ પ્રત્યે અતિશય પ્રેમ રાખતા. આલજિબ્રાના દાખલા પાટિયા ઉપર વિદ્યાર્થીઓ પાસે ગણાવતા. દરરોજ તેઓ ભાઈ મોહનદાસને પાટિયા પાસે આવવા કહેતા અને તે તેમ કરવા ના પાડતા. તે કહેતા : 'સાહેબ, આલજિબ્રા આવડતી નથી અને હું દાખલા ગણવા પ્રયત્ન કરીશ નહિ; કારણ તેમ કરવું નકામું છે.' શ્રી દસ્તુરજી કહે કે 'તમને ઠીક પડે તેમ દાખલો શરૂ કરો.' જવાબમાં 'ના સાહેબ,

તેમ કરવા હું રાજી નથી.' તે પછી કોઈ દિવસ ભાઈશ્રીએ ગણિત તરફ લક્ષ આપ્યું નહોતું.

ટર્મ પૂરી થવાને થોડા દિવસની વાર હતી ત્યાં વડવામાં કૉલેરાનો ઉપદ્રવ થયો. કૉલેજ તરફથી, ઘેર જવું હોય તેને રજા આપવામાં આવી, પરંતુ ભાઈ મોહનદાસે હઠ લીધી કે હું તો ટર્મના છેલ્લા દિવસ સુધી હાજરી આપી છેવટે ભાવનગર છોડીશ. તે નિશ્ચયને વળગી રહ્યા.

ઈ. ૧૮૮૮ની બીજી ટર્મથી ભાઈશ્રી કૉલેજમાં પાછા આવ્યા નહોતા, પરંતુ ઇંગ્લંડ બૅરિસ્ટર થવા ગયા હતા. બૅરિસ્ટર થઈ મુંબાઇ આવેલા ત્યારે ગીરગામમાં શેઠ કેશવજી તુલસીદાસની વાડીમાં તેઓને જમણ આપવામાં આવ્યું હતું. રેશમી પીતાંબર પહેરી ભાઇ મોહનદાસ જમતાં પહેલાં સૌ સાથે વાતો કરતા હતા. મેં પૂછ્યું કે વિલાયતમાં તમારા



લેખકના હસ્તાક્ષરમાં સંસ્મરણોનો પ્રસ્તુત ભાગ

ઉપર કયા વિદ્વાનની ઊંડી અસર થએલી? તેણે કહ્યું કે 'કાર્ડિનલ ન્યુમૅનની.' તેનાં તેમણે ઘણાં વખાણ કર્યાં હતાં."

ઉપર્યુક્ત સંસ્મરણોના લેખક અને ગાંધીજીના સહાધ્યાયી શ્રી પ્રાણશંકર જોશીનો જીવન પરિચય તેમના પૌત્ર તેમને મુખેથી સાંભળેલાં સ્મરણો પરથી આ નીચે આપે છે. એમાં તે સમયની અગ્રિમ વ્યક્તિઓ તથા સમાજનું પણ દર્શન થશે.

'આજથી લગભગ ૧૦૨ વર્ષ પહેલાં તેમનો જન્મ તા. ૧૮ ડિસેમ્બર, ૧૮૬૭માં ભૂતપૂર્વ દેશી રાજ્ય ગોંડલના ચોરડી ગામે મોસાળમાં થયો હતો. પિતાની આર્થિક સ્થિતિ ખૂબ નબળી અને કુટુંબ જ્યોતિષ તથા બ્રાહ્મણવૃત્તિ ઉપર નભતું. પિતાને આ જાતના વ્યવસાય તરફ અણગમો હોવાથી તથા પુત્રને યોગ્ય શિક્ષણ આપવાની તીવ્ર ઈચ્છા હોવાથી કુટુંબીઓના વિરોધનો સામનો કરીને બાપદાદાના ગામ મોટી ખિલોરી સદાને માટે ત્યજીને તે ૧૮૭૦માં ગોંડલ આવ્યા. ત્યાં પોસ્ટ ખાતામાં નાની નોકરી મળી ગઇ; પરંતુ તેમાં વારંવાર થતી બદલીને લીધે પુત્રનો અભ્યાસ બગડતો હોવાથી તથા ગોંડલમાં ફક્ત ત્રણ અંગ્રેજી ધોરણ હોવાથી ૧૮૮૩માં પુત્રને રાજકોટ ભણવા મોકલીને ૧૮૮૬માં પિતા પોસ્ટની નોકરી છોડી કુટુંબ સહિત રાજકોટ ગયા.

ત્યાંની કાઠિયાવાડ (અથવા આલ્ફ્રેડ) હાઇસ્કૂલમાં ત્યારે શ્રી દલપતરામ ભગવાનજી શુકલ, શ્રી પ્રભાશંકર દલપતરામ પટ્ટણી, શ્રી નરસીદાસ (ડૉ. નરસીભાઈ), શ્રી બળવંતરાય કલ્યાણરાય ઠાકોર ઊંચાં ધોરણોમાં અભ્યાસ કરતા હતા; જ્યારે શ્રી મોહનદાસ કરમચંદ ગાંધી (મહાત્મા ગાંધીજી), શ્રી બાલકૃષ્ણ ભગવાનદાસ જોશી તથા શ્રી મેરૂજી ડોસાજી ચુડાસમા નીચલાં ધોરણોમાં અભ્યાસ કરતા હતા.

કાઠિયાવાડ હાઈસ્કૂલ ત્યારે મુંબાઇ ઈલાકાના ઉત્તર વિભાગના એડ્યુકેશનલ ઈન્સ્પેક્ટર ડૉ. વૉન બ્યુલરની નીચે હતી. રાજકોટની રાજકુમાર કૉલેજમાં પ્રિન્સિપલ મિ. ચેસ્ટર મૅકનૉટન હતા; મેઇલ ટ્રેનિંગ કૉલેજ (પાછળથી ઇન્ટર મેઇલ ટ્રેનિંગ કૉલેજ)ના પ્રિન્સિપલ જાણીતા ગુજરાતી વિવેચક શ્રી નવલરામ લક્ષ્મીરામ પંડિત હતા; અને કાઠિયાવાડ હુન્નરશાળાના પ્રિન્સિપલ મિ. કલેમેન્ટ એમ. સાઇક્સ હતા. તેમાં ડ્રૉઇંગ, પેઇન્ટિંગ, પૉટરી, શિલ્પ વગેરે શીખવાતાં. પાછળથી તે બંધ પડી અને ત્યાં બાર્ટન ફીમેઈલ ટ્રેનિંગ કૉલેજની સ્થાપના થઈ.

કાઠિયાવાડ હાઈસ્કૂલ ફૂટબૉલ માટે પ્રખ્યાત હતી. શ્રી મણિશંકર દોલતરામ ઓઝા તથા શ્રી ફીરોજશાહ પાલનજી દમડી ફૂટબૉલના સારા ખેલાડી હતા. ૧૮૮૭માં પ્રાણશંકરભાઈ સહાધ્યાયીઓ સાથે મૅટ્રિકની પરીક્ષા આપવા અમદાવાદ ગયા. તે વેળા રાજકોટથી વઢવાણ ટ્રેઈન ન હોવાથી ઘોડાગાડીમાં અને વઢવાણથી વીરમગામ થઈ ને અમદાવાદ બ્રોડગેજ રેલવેમાં મુસાફરી કરી. પાછળથી વઢવાણથી વીરમગામની બ્રોડગેજ લાઈન કાઢી નાખવામાં આવી હતી.

મૅટ્રિકમાં ઉત્તીર્ણ થઇને ૧૮૮૮ના જાન્યુઆરીમાં તેઓ તથા શ્રી મોહનદાસ ગાંધી કૉલેજના અભ્યાસ માટે ભાવનગર જવા રાજકોટથી જેતપુર સુધી ઊંટગાડીમાં અને ત્યાંથી ભાવનગર ટ્રેઈનમાં ગયા. ત્યાં તરતમાં સ્થપાએલી સામળદાસ કૉલેજ હાથીખાનાના કૅમ્પાઉન્ડમાં લાયબ્રેરી માટેના ખાલી મકાનમાં બેસતી ને હૉસ્ટેલ તેની પાસે હતી.

સામળદાસ કૉલેજમાં પ્રિન્સિપલ શ્રી આર. એચ. ગનીઅન હતા. પ્રોફેસરોમા મણિલાલ નભુભાઇ દ્વિવેદી સંસ્કૃત, ફરદુનજી મંચેરજી દસ્તુર મૅથમૅટિક્સ, બરજોરજી ઍન્ટી ઈતિહાસ, જમશેદજી ઊનવાળા વિજ્ઞાનના વિષયો લેતા. ત્યારે કૉલેજમાં ઉપલા વર્ગોમાં લલ્લુભાઈ શામળદાસ ભણતા, કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી તથા બળવંતરાય કલ્યાણરાય ઠાકોર અભ્યાસ કરતા હતા.

૧૮૮૯માં એમણે ફર્સ્ટ બી.એ. પાસ કરી. તે વખતે પ્રીવિયસ પછી ફર્સ્ટ બી એ.નું વર્ષ હતું, ઈન્ટરમીડીએટનું વર્ષ ન હતું. કૉલેજ દરમ્યાન તેમને આઠ રૂપિયાની સ્કૉલરશિપ મળતી તેમાંથી જમવાનો ખર્ચ નીકળતો. અહીંથી બી. એ.ની ટર્મ ભરવા તે મુંબઈ ગયા અને એલ્ફિન્સ્ટન કૉલેજમાંથી ૧૮૯૨માં બી. એ. થયા. કૉલેજના અભ્યાસ દરમ્યાન આર્થિક સ્થિતિ અત્યંત નબળી હોઈ પિતાશ્રીએ રાજકોટમાં વીશી કરી હતી. સને ૧૮૯૩ તથા ૧૮૯૪માં રાજકોટ કાઠિયાવાડ હાઇસ્કૂલમાં નોકરી કરી તે ફરીથી ૧૮૯૫માં મુંબાઈ ગયા અને ત્યાં ગોકળદાસ તેજપાળ હાઈસ્કૂલમાં શિક્ષકની નોકરી કરીને બે વર્ષ એલએલ. બી.નો અભ્યાસ કર્યો. પણ ૧૮૯૬માં છેલ્લી પરીક્ષામાં નિષ્ફળતા મળી.

આ અરસામાં રાજકોટની રાજકુમાર કૉલેજના ધોરણે ગોંડલના ઠાકોરસાહેબ શ્રી ભગવતસિંહજીએ ગોંડલમાં ગ્રાસિયાઓના કુમારોને શિક્ષણ આપવાના ઈરાદાથી ગ્રાસિયા કૉલેજ શરૂ કરી, અને પ્રાણશંકરભાઈ ગોંડલના વતની હોવાથી તેમાં જોડાવા આમંત્રણ આપ્યું; એટલે રાજકોટના સહાધ્યાયીઓ અને પાછળથી જાણીતા થએલા વકીલ મિત્રોની માફક વકાલત કરવાના વિચારને તિલાંજલી આપી તેઓ ઈ. ૧૮૯૭ની ૧લી એપ્રિલથી કૉલેજના ચીફ ઍસિસ્ટન્ટ તરીકે નીમાઈ થોડાં વર્ષો બાદ ત્યાં પ્રિન્સિપલ થયા.

ગોંડલના મહારાજાશ્રી ભગવતસિંહજી કાઠિયાવાડના વિદ્વાન રાજકર્તા તરીકે ઓળખાતા અને વિક્ટોરિયન રાજ્યકાળના પ્રતિનિધિ ગણાતા. ઈટન અને હૅરોની પબ્લિક સ્કૂલોના ધોરણે એમણે ગોંડલની ગ્રાસિયા કૉલેજની સ્થાપના કરી હતી અને રાજ્યના ઉચ્ચ અધિકારીઓની ભરતી ગ્રાસિયા કૉલેજના શિક્ષકોમાંથી કરવાનો આગ્રહ રાખતા. એટલે ઈ. ૧૯૦૬માં પ્રાણશંકરભાઈની નિમણૂક રાજ્યના શિક્ષણના વડા તરીકે કરવામાં આવી, અને ૧૯૧૦માં તેમને હજુર સેક્રેટરી નીમ્યા. બાદ ૧૯૨૨માં દીવાનશ્રી રણછોડલાલ વૃન્દાવનદાસ પટવારી છૂટા થતાં તેમની જગ્યાએ દીવાન તરીકે તે નિમાયા, જે પદે ૨૬ વર્ષ સુધી રહી, સ્વતંત્ર ભારતમાં સૌરાષ્ટ્રનું નવું રાજ્ય થતાં ૧૯૪૮ના માર્ચ માસમાં ૮૧ વર્ષની વયે નિવૃત્ત થયા. આમ અતિશય

અખિલ બ્રહ્માંડમાં આપણે

પરમાણુના નાભિકેન્દ્રનો વ્યાસ	૦·૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૧	મિલિમીટર
પરમાણુનો વ્યાસ	૦·૦૦૦૦,૦૦૧	,,
બૅક્ટીરિયાની લંબાઈ	૦·૦૧	,,
અમીબાની લંબાઈ	૦·૮	,,
માણસની ઊંચાઈ	૧૭૫૦·૦	,,
પૃથ્વીનો વ્યાસ	૧૩,૦૦૦	કિલોમીટર
સૂર્યનો વ્યાસ	૧૩,૯૦૦૦૦	,,
પારિજાત તારાનો વ્યાસ	૬૦,૦૦,૦૦,૦૦૦	,,
વૅગનરતારાસમૂહના એપ્સિલાન તારાનો	૪,૦૦,૦૦,૦૦,૦૦૦	,,
સૂર્યમંડળનો વ્યાસ	૧,૧૮,૦૦,૦૦,૦૦,૦૦,૦૦૦	,,
આકાશનો વ્યાસ	૯૦૦,૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૦	,,
બ્રહ્માંડનો વ્યાસ (સૈદ્ધાંતિક અટકળે)	૧,૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૦	,,

૧ મિલિમીટર એક વાળની જાડાઈ બરોબર છે. આ એકમને આ-ધાર બનાવીને આપણે થોડીક સરખામણીઓ કરી જોઇએ.

ધારો કે પરમાણુના નાભિકેન્દ્ર (ન્યુક્લિયસ)નો વ્યાસ ·૧ મિલી-મીટર છે, તો પરમાણુ કેવડો હોય? એક બહુ જ મોટી ઇમારત જેવડો! અને એ હિસાબે બૅક્ટીરિયાની લંબાઈ લંડનથી બર્લિન સુધી થાય; અને અમીબાની લંબાઈ એટલી બધી હોય કે ભૂમધ્યરેખા ફરતી એને બે વાર વીંટાળી શકાય.

આ જ હિસાબે આગળ ગણતાં માણસ એટલો ઊંચો હોય કે તે પૃથ્વી પર ઊભો હોય તો એની હડપચી સૂરજને અડકે; અને પૃથ્વી એટલી વિશાળ હોય કે પ્રકાશગતિ (સેકંડના ૧,૮૬,૦૦૦ માઈલ)થી ઊડતા વિમાનને ઉત્તર ધ્રુવથી દક્ષિણ ધ્રુવ જતાં પૂરાં બે વરસ લાગે.

આ બધી ગણતરી પરમાણુના નાભિકેન્દ્રનો વ્યાસ ·૧ મિલીમીટર હોય, એ હિસાબે ગણી. હવે જરા બીજી કલ્પના કરી જોઈએ. ધારો કે પૃથ્વીનો વ્યાસ ·૧ મિલીમીટર હોય, તો સૂર્ય કેવડો હોય? વટાણાના દાણા જેવડો. વૃશ્ચિક નક્ષત્રમાં રહેલો પારિજાતનો તારો એક સાધારણ કોટડી જેવડો હોય, વૅગનર તારાસમૂહનો એપ્સિલાન તારો છ માળના મકાન જેવડો હોય અને સૂર્યમંડળનો વિસ્તાર ફૂટ-બૉલના મેદાન જેવડો હોય! (જેમાં સૂર્ય એક વટાણા જેવડો હોય!)

પણ આ બે માપ છોડીને ત્રીજા માપને પાયો બનાવી હિસાબ જોઈએ. ધારો કે સૂર્યમંડળનો વ્યાસ ·૧ મિલિમીટર હોય તો આકાશ-ગંગા કેવડી હોય? એવરેસ્ટ જેવડી (એટલે કે સૂર્યમંડળનો વ્યાસ એક વાળના વ્યાસ જેટલો ગણીએ તો આકાશગંગાની લંબાઇ ૨૯,૦૦૦ ફૂટ થાય) અને બ્રહ્માંડ એટલું વિશાળ હોય કે એના વ્યાસ પર આપણી પૃથ્વી જેવડા જંગી ૬૪૦ દડા ગોઠવી શકાય. (નવનીત)

ગરીબાઇમાં પણ શિક્ષણનો આગ્રહ રાખીને આપબળે આગળ આવી તે સમયમાં દેશી રાજ્યના દીવાનના ઉચ્ચ પદે તે પહોંચ્યા હતા.

તેમને સંતાનમાં પાંચ પુત્રીઓ અને ચાર પુત્રો હતા. જ્યેષ્ઠ પુત્ર વસંતરાય બી. એ. થઇને ગોંડલ રેલવેમાં ટ્રાફિક સુપરિન્ટેન્ડેન્ટ થયા પરંતુ ૧૯૩૩માં ૩૮ વર્ષની નાની વયે ન્યુમોનિયામાં અવસાન થયું. બીજા પુત્ર નૌતમલાલ સિવિલ એન્જિનીઅર થઇને ગોંડલ રેલવેમાં નોકરી કરી હાલ નિવૃત્તિ ભોગવે છે. ત્રીજા પુત્ર ત્ર્યંબકલાલ ધોરાજી તથા ગોંડલમાં વકાલત કરીને હાલ નિવૃત્તિ ભોગવે છે. ચોથા પુત્ર કૃષ્ણકુમાર સૌરાષ્ટ્ર વિધાનસભા તથા મુંબાઈ વિધાનસભા પછી હાલ ગુજરાત વિધાનસભામાં નાયબ સચિવના પદે છે.

શ્રી પ્રાણશંકરભાઇનું જીવન ખૂબ નિયમિત તથા સાદું હતું. ઉત્ત-રાવસ્થામાં ફક્ત એક વખત આહાર લેતા. ગરીબાઈમાં જીવનની શરૂ-આત કરી હોવાથી ઘણા નિરભિમાની હતા. ગરીબ સ્થિતિના વિદ્યા-ર્થીઓને ગુપ્ત રીતે કૉલેજ તથા પરીક્ષાની ફી આપતા. સલાહ માટે મળવા આવનારને પોતે યોગ્ય સૂચન કે ધીરજ આપતા હોવાથી ગોંડલ રાજ્યના લોકોનો ઘણો સ્નેહ તેમણે સંપાદન કર્યો હતો.

ઇ. સ. ૧૯૫૮ના ફેબ્રુઆરીમાં મુંબાઈમાં પ્રોસ્ટેટ ગ્લૅન્ડના સફળ ઑપરેશન બાદ ગોંડલમાં પહેલી જૂને હૃદયરોગના હુમલાને લીધે સચ્ચિદાનંદના ઉચ્ચાર સાથે એમણે દેહ છોડયો. —પદ્મનાભ જોશી

સૂર્યકિરણોનો સદ્‌ઉપયોગ

સૂર્યકિરણો દ્વારા રાંધવાના કેટલાક પ્રાથમિક પ્રયોગો પછી સૂર્ય-શક્તિને નાથવાના પ્રયત્નો આપણે જાણે વિસારી જ દીધા છે. સારી પેઠે સૂર્યપ્રકાશ પામનારા દેશોમાંનો એક દેશ હોવા છતાં આપણે એ વિશાળ શક્તિને વેડફી દઈએ છીએ. આખો દિવસ તડકે તપતી પાણી-ની ટાંકીઓને કાળી રંગી નાખવાથી શિયાળામાં વધુ હૂંફાળું ગરમ પાણી મેળવવાનો પ્રયત્ન પણ આપણે કરતા જણાતા નથી.

પણ આર્મેનિયામાં સૂર્યપ્રકાશ વડે ચાલતું એક મોટું વીજળી-મથક રશિયા બાંધી રહ્યું છે. ૧૩૦૦ જેટલા પરાવર્તકો દ્વારા બૉઈલર પર સૂર્યકિરણોને કેન્દ્રિત કરીને ગરમી પેદા કરવાની તેમાં યોજના છે. આ પરાવર્તકો ૩૫ મીટર ઊંચા એક મિનારા પર જુદીજુદી ૨૩ દિશામાં ફરતા રહીને સતત સૂર્યકિરણો ઝીલતા રહે છે. આ રીતે પેદા કરેલી વરાળ વડે ટર્બાઈન ચલાવીને તેના દ્વારા વીજળી પેદા કરવાની રીત લાંબી તો છે, પણ એથી પ્રાપ્ત થતી શક્તિ પ્રમાણમાં વધારે ને સરવાળે ખર્ચાળ ઓછી નીવડે તેમ છે. જ્યારે માણસ સૂર્યકિરણોનું સીધેસીધું જ શક્તિમાં રૂપાંતર કરતો થશે ત્યારે તો એ અત્યંત સસ્તું બની રહેશે.

ટિટાનિકનો ઉદ્ધાર

ઈ. ૧૯૧૨માં પોતાની પહેલી જ સાગર સફરમાં બરફના તરતા પહાડ સાથે અથડાવાથી દોઢ હજારથી યે વધુ ઉતારુઓ સાથે એ વખતની અદ્યતન અને મોટામાં મોટી સ્ટીમર 'ટિટાનિક' દરિયામાં ડૂબી ગએલી. આજે હવે એ ટિટાનિકને બહાર કાઢવા માટે એક બ્રિટિશ પેઢી લગભગ ૫૦ લાખ ડૉલર (૩ાા કરોડ રૂપિયા)ના ખર્ચવાળી એક યોજના વિચારી રહી છે. પણ સાહસ કંઈ સરળ નથી. ટિટાનિકનું બદન જ માત્ર ૧,૪૩,૦૦૦ ટનનું છે અને દરિયામાં એ ૧૨,૦૦૦ ફૂટ ઊંડે પડયું છે, એટલું જ નહિ અત્યાર સુધીમાં એની ઉપર સહેજે નવ-દસ ફૂટ જેટલો કીચડકાદવ પણ જામી ગયો હોવાનું મનાય છે.

આવું ખર્ચાળ અને જોખમી સાહસ ખેડવા પાછળનો મુખ્ય ઉદ્દેશ છે ટિટાનિકની સાથે દરિયાને તળિયે જઈ બેઠેલું તેની અંદરનું, આજની કિંમતે લગભગ બે કરોડ ડૉલર (૧૫ કરોડ રૂપિયા)નું સોનું બહાર લાવવાનો. આ સાહસમાં એક નવી યુક્તિ અજમાવવાનું વિચારાઈ રહ્યુ છે. એમાં પ્રથમ તો પ્લાસ્ટિકના વિશાળ ગબારા સાથે ટિટા-નિકને બાંધી દેવાશે. પછી એ જંગી ફુગ્ગાઓમાં વિદ્યુતરાસાયણિક રીતે હાઇડ્રોજન વાયુ ઉત્પન્ન કરવામાં આવશે. અંદર ગૅસ ભરાતાં પેલા ફુગ્ગા દરિયાની સપાટી ભણી ખેંચાશે અને એના એ બળને આધારે એની સાથે જોડેલી ટિટાનિક પણ સપાટી પર આવી શકશે.

આ માસ (નવેમ્બર) ઇતિહાસમાં



તા: ૬, ૧૮૮૧: 'ગુણવંતી ગુજરાત'ના ગાયક કવિ અરદેશર ફરામજી ખબરદારનો દમણમાં જન્મ. દસ વર્ષની વયે કાવ્યલેખનનો આરંભ કરી, માત્ર છ જ ધોરણ અંગ્રેજી ભણેલા એ પારસી કવિએ ગુજરાતી જે કાવ્યફાલ આપ્યો તે વાંચવાની કવિવર ટાગોરને પણ (એમનાં અંગ્રેજી કાવ્યો વાંચ્યા પછી) ઇચ્છા થએલી. જ્યોતિષવિદ્યાના પણ તેઓ પ્રખર અભ્યાસી હતા.








તા. ૯, ૧૯૦૭: ટ્રાન્સવાલની પ્રજાએ ઇંગ્લંડના રાજા એડવર્ડ સાતમાને 'કુલિનન' હીરો ભેટ આપ્યો. ટ્રાન્સવાલ (દક્ષિણ આફ્રિકા)ની પ્રીમીઅર માઇનમાંથી મળેલો એ હીરો ૩૧૦૬ કૅરેટ વજનનો હોઈ દુનિયાનો મોટામાં મોટો હીરો હતો. ૪ાા ઇંચ લાંબા એ હીરાને (જુઓ બાજુમાં) પછી કાપીને નવ મોટા અને બીજા અનેક નાના ટુકડા કરવામાં આવ્યા. એમાંનો સૌથી મોટો ૨ાા ઇંચ લાંબો ૫૧૬ાા કૅરેટનો હીરો 'સ્ટાર ઑાવ આફ્રિકા' ઇંગ્લંડના શાહી રાજદંડમાં અને એથી નાનો શાહી તાજમાં જડેલો છે.

તા. ૧૭, ૧૮૬૯: સુએઝ નહેરની શતાબ્દી ભૂમધ્ય સમુદ્ર અને રાતા સમુદ્રને જોડતી લગભગ ૧૦૦ માઈલ લાંબી સુએઝની નહેરમાંથી પહેલો પચાસ વહાણોનો કાફલો પસાર થઈ પૂર્વ-પશ્ચિમનું સૌથી અગત્યનું વ્યવહારદ્વાર ઊઘડયું. તેને આ મહિને બરાબર સો વર્ષ પૂરાં થયાં. પ્રાચીનકાળમાં એ જહાજમાર્ગ ખોદાઇને પૂરી નખાએલો. ઈ. ૧૮૩૩ ને '૪૬માં ફ્રેંચોએ ફરી હિંમત કરી અને ૧૮૬૦માં એનું કામ શરૂ થયું. બાજુમાં એ નહેરનો નકશો આપ્યો છે.





તા. ૨૩, ૧૫૧૧: ઈ. સ. ૧૪૧૧માં અમદાવાદ-અહમદાબાદની–સ્થાપના કરનાર અહમદશાહના પૌત્ર મહમ્મદ બેગડાનું અવસાન. તેર જ વર્ષની વયે ગાદીએ આવી બાવન વર્ષના પોતાના રાજ્યકાળમાં એણે ચાંપાનેર ને જૂનાગઢ જેવા દુર્ગમ કિલ્લા જીતવા ઉપરાંત પોતાના રાજ્યને માળવાથી કોંકણ સુધી ને સૌરાષ્ટ્રની પશ્ચિમ કંઠાર સુધી વધાર્યું. (જુઓ ટપકાંવાળો વિસ્તાર) હિંદુ-મુસ્લિમ મિશ્રશૈલીનું ગુજરાતનું આગવું ને જગમશહૂર સ્થાપત્ય પણ એના કાળમાં વિકસ્યું. ગુજરાતમાં પોતાના પુરોગામી કે અનુગામી બાદશાહો કરતાં એ ચડિયાતો હતો ને છેક યુરોપ સુધી એની નામના પ્રસરી હતી.

તા. ૨૪, ૧૮૫૯: ચાર્લ્સ ડાર્વિને ઉત્ક્રાંતિનો ક્રાંતિકારી સિદ્ધાંત રજૂ કર્યો. માણસનો આદિ વડવો વાનર હતો અને આજના ઘોડાનો આદિ પૂર્વજ ખરી અને કેશવાળી વિનાનો નાના કૂતરા જેવડો હતો (આ નીચે એનો વિકાસક્રમ દર્શાવ્યો છે.) વગેરે જેવી અજબ લાગતી હકીકતોને નક્કર પુરાવાઓ વડે સાબિત કરતા એણે રજૂ કરેલા સમગ્ર સિદ્ધાંતે વિજ્ઞાનમાં એક નવા જ ક્ષેત્રનાં દ્વાર ખોલ્યાં.



....રોજનીશીમાં

વાંદરા–૪–૧૧–૧૯૨૬: મનહરરામે પોતાની મેળે કહ્યું: આણંદશંકર અને મુનશી એક મહિનો ભેગા રહ્યા તેથી બહુ લાભ થયો. અરસપરસ ગેરસમજ દૂર થઈ. મુનશી હવે કહે છે કે સુંદરરામ ત્રિપાઠીએ આણંદશંકર વિરુદ્ધ જે લેખ 'ગુજરાત'માં આપ્યો તે અક્ષરેઅક્ષર ખોટી વાતોવાળો છે.

નાસિક–૯–૨૧–૧૮૯૯: 'સુદર્શન'માં કો'ક 'આનન્દનન્દન'ની એક કવિતા આવી છે, જ્હેમાં પ્રતિજ્ઞા (ફૂટનોટમાં) હેવી છે કે હેમાંથી સંસ્કૃતભિન્ન—ફારસી વગેરે—ભાષાનો એક પણ શબ્દ નહિ જડે. તે પ્રતિજ્ઞાનો ભંગ કરનારા બે શબ્દ જડ્યા છે: (૧) સાબૂ–ફ્રેન્ચ કે પોર્ટુગીઝ હશે; (૨) લાલ – ફારસી છે. અરબીમાંથી આવેલો જણાય છે.

ધારવાડ–૪–૧૧–૧૮૯૨: સ્હવારે દાતણપાણી કરીને બહાર જઇને જોઉં તો (વિલાયતથી એકાએક આવી ગએલા) નારાયણ (હેમચંદ્ર) વરંડામાં ફરતા'તા!

હરણાઇ–૧૪–૧૧–૧૯૦૭: આ મહિનાના 'ગુજરાત શાળાપત્ર'માં 'વરસગાંઠ' શબ્દની ઉત્પત્તિ ખોટી આપી છે. માળા ફરી રહેતાં 'મેર'ની ગાંઠ્ય આવે, તેમ વરસ પૂરું થતાં વરસની ગાંઠ્ય – એમ છે. પરંતુ દર વરસ અક્કેકી ગાંઠ્ય દોરીએ બાંધવાનો રિવાજ અસલ હશે તે ઉપરથી હું ઉત્પત્તિ ગણું છું – આ વાત ખરેઘાટને મ્હેં કરી હતી, ત્યહારે હેમણે પણ હા કહી હતી, ને કહ્યું'તું કે કેટલીકવાર કોર્ટોમાં ગાંઠ્યોવાળી દોરી ઉમરના પુરાવા તરીકે રજૂ થતી હતી.

વાંદરા–૨૭–૧૧–૧૯૧૭: હરસિદ્ધભાઇને મળવા માટે મુંબાઈ જવા સ્ટેશન ઉપર ગયો ત્યહાં ચંદા મળી. હેણે કહ્યું, 'સારજંટરાવ (ભોગીન્દ્રરાવ દિવેટિયા) ગુજરી ગયા!'

પૂના–૭–૧૧–૧૯૧૯: આણંદશંકરનું ઓળખાણ વિ. પ્ર. વૈદ્યે ગવર્નર જોડે કરાવ્યું. બનારસ જાય છે તે વાત કહી. એટલે ગવર્નર કહે: 'You will repent after going there.' આણંદશંકરે: 'I am going there under a call of duty to my country'

વાંદરા–૧૯–૧૧–૧૯૨૫: લલ્લુભાઈ (સામળદાસ) એ એક વાત કહી: રામકૃષ્ણ ગો. ભાંડારકરે લલ્લુભાઇને કહેલું કે ગુજરાતીઓ સંસ્કૃતમાં કેવળ પછાત છે. સંસ્કૃત સારું જાણનારા મ્હારા ગુજરાતી શિષ્યોમાં બે જણ જ છે: ૧) હરિરામ ભટ્ટ; ૨) ન. ભો. દિવેટિયા. (કમળાશંકર ને કેશવલાલને કેમ ભૂલ્યા હશે?)

જિંદગી ભાર માની નથી, ને નિરાધાર માની નથી;
ધૂળ ખંખેરી ધપતાં જતાં હારને હાર માની નથી.

—મકરન્દ દવે

સ્વામી શંકરાનંદજી આફ્રિકામાં આર્યત્વ-પ્રચાર અર્થે ફરતા હતા તે વેળા કોઈ મુસ્લિમે તેમને કહેલું કે 'સ્વામી, અમે તો લોઢાં છીએ, ને તમારા હિંદુ તો લાકડાં છે.' તેની એ ઉપમાને ઝીલી લઈને એમણે જવાબ દીધો: 'હા, પણ એ ન ભૂલશો કે હિંદુ રૂપી લાકડા-માં તમારા રૂપી લોઢાના ખીલા બેસતા કરીને જ દેશનું વહાણ બનેલું છે. જે દિવસે એ વહાણ ભાંગશે તે દિવસે લાકડાં તો ગમે તે ભોગે તરીને કાંઠે પહોંચી જશે; પણ લોઢાના ખીલા તો તળિયે જ બેસી જશે.'



ઈ. ૧૮૯૮માં મૅસેચ્યુસેટ્સ (યુ એસ એ.)માં બનેલી ૨૩ ફૂટ લાંબી અને ૩૦૫ રતલ વજન-ની આ 'ઑરીટેન' નામની સાઈકલ કદાચ લાંબામાં લાંબી હતી. દસ માણસો એને કલાકના ૪૦ માઈલની ગતિએ ચલાવી શકતા.



ખોટી વાત

અંધ માણસોને કાળું જ દેખાય છે તે વાત ખોટી ઠરી છે. ઘણાં આંધળાંઓને ગુલાબી દે-ખાય છે, કોઈને ભૂખરું, કોઈને આસમાની, કોઇને લવંડર તો કોઈને વળી પીળું જ દે-ખાય છે. તદ્દન કાળું દેખાવાનું તો કોઈ નથી ક-હેતું. એક અંધે તો કહેલું કે 'જીવન ગુલાબી છે!'

કહેવતોની કથા—'જમતો પરોણો ભેંશ માને.' અતિથિ થએલા એક સંપન્ન મહેમાને જમતાંજમતાં જ્યારે જાણ્યું કે મધ્યમ સ્થિ-તિના યજમાનની ભેંશ મરી ગઈ હોવાથી દુઝાણાના વાખા છે ત્યારે, પાટલે બેઠેલા બધા મહેમાનો સ્વાભાવિકરીતે બોલી ઊઠે છે તેમ મોટી ઉદારતાથી તેમણે કહ્યું: 'અરેરે, મને શી ખબર? હવે ઘેર જઇને તરત એક ભેંશ મો-કલી આપું છું.' પણ ઘેર ગયા પછી માનવ સ્વભાવ પ્રમાણે એ ઝાલટ ઊડી ગઈ અને યજ-માન આશામાં વા ખાતા રહ્યા.

સ્વાર્થથી, કૃતજ્ઞતાના ક્ષણિક આવેશથી, કે ફૂલણજી થઈને, ગરજ પ્રસંગે કે આદરાતિથ્ય વેળા અપાતાં વચનોની નિરર્થકતા દર્શાવતી આવી બીજી કહેવત: 'ગરજ સરી કે વૈદ્ય વેરી.'

પાંસળીની હીક કે છાતીના દુખાવા માટે 'સફેદ લેપ'ના નામે ઓળખાતા ઍન્ટી ફ્લૅ-જેસ્ટીન કે ઍન્ટી ફ્લુ જેવાં સાધનો ન મળી શકે ત્યાં મધ અને ચૂનાનો પ્રયોગ અસર-કારક નીવડે છે. જરૂરી કાપડના ટુકડા ઉપર મધ ચોપડી તે પર થોડોથોડો ચૂનો ભભરા-વવાથી ચૂનો ગરમ થઈને મધ સાથે મળી જશે અને તે પટ્ટી લગાડવાથી ચોસ લઈને ચોંટી જશે. ચૂનો વધી ન જાય તે ખાસ જોવું.

સંયુક્ત અરબ પ્રજાસત્તાકના બદ્રશાઈમ ગામના ફતહી ખૂરી અલ્સીસી નામના કારીગરે પોતાનાં સંતાનોને ભારતીય નામ જ આપ્યાં છે. એમાંનાં પહેલાં બે અનુક્રમે 'જવાહરલાલ નેહરુ' અને 'ઇંદિરા ગાંધી' નામ ધરાવે છે; જ્યારે તાજેતરમાં જન્મેલી પુત્રીનું નામ 'નવી દિલ્હી' પાડ્યું છે!


મજૂરે મુકાદમને પોતાને પાવડો નહિ મળ્યા બદલ ફરિયાદ કરી.

'તે શું થઈ ગયું? પાવડો હોય કે નહિ; તને તો તારી પૂરી મજૂરી મળે છે ને?'


'એ ખરું, પણ આ બધા તો એને ટેકે આરામ પણ કરી શકે છે ને?'

અનેકાર્થી શબ્દ: 'ગાર' = લીપવા માટે બનાવેલું છાણ તથા માટીનું મિશ્રણ; માટીનો દેલ, લોંદો, ગારો; અત્યંત ઠંડું; વરસાદના કર; ચંદ્ર; એક જાતનો પથ્થર; એક પ્રકારનું કાપડ; એક જાતની માછલી; ગુફા; કબર; જેના પર-થી પાણી ઢળી જાય તેવી જમીન.

ગણિતગમ્મત: એક કાગળ પર એકથી નવ સુધીના અંક ક્રમબદ્ધ લખી તમારા કોઈ મિત્ર-ને પૂછો કે આમાંનો કયો અંક તને નથી ગમતો. તે જે અંક કહે તેને ૯ વડે ગુણતાં જે ગુણાકાર આવે, તે વડે પેલી રકમને ગુણવાનું કહો. જવાબમાં તેને નહિ ગમતા અંકનો જ ઢગલો આવી પડશે! દાખલા તરીકે તેણે ૪ ધાર્યા. તો ૪×૯=૩૬. અને ૧૨૩૪૫૬૭૮૯ને ૩૬ વડે ગુણતાં ૪૪૪૪૪૪૪૦૪ આવશે!



કલાકણિકા: સર્પદૈત્ય–ડ્રૅગન–એ ચીનનું રાષ્ટ્રીય પ્રતીક બની ગયું છે. ત્યાંનાં પાત્રો, પરદા, વસ્ત્રો આદિ પરનાં સુશોભનોમાં એની અનેકવિધ લીલા કલાકારો રમતી મૂકે છે. એવું ડ્રૅગન દાખવતું ચીની ભરતકામ.



નીફ્રતિતી
(જગતનાં કલારત્નો· ૩)
ઈસ્વી સન પૂર્વે ૧૪મી સદીની
તાદશ રજૂઆતવાળી
કલાશૈલીની એક
ઉત્કૃષ્ટ પ્રતિમા



ઈસ્વી સનની યે પૂર્વેની ચૌદમી સદીમાં—આજથી લગભગ સાડા ત્રણ હજાર વર્ષ પૂર્વે—ઇજિપ્તના સમ્રાટ અખનાતને પોતાના પુરોગામીઓની બધી રૂઢિઓ ત્યજીને રાજ્યમાં જે ક્રાંતિકારી સુધારા દાખલ કરેલા તેમાં સદીઓજૂની કલાપ્રણાલિને સ્થાને તાદશતા અપનાવવાનો આદેશ પણ તેણે આપેલો. પરિણામે ઇજિપ્તના ઇતિહાસમાં પહેલી જ વાર કલામાં રાજવીઓને દેવસ્વરૂપને બદલે માનવસ્વરૂપે રજૂ કરવાનો આરંભ થયો. ત્યારનાં કલાસર્જનોમાં એની સ્વરૂપવાન રાણી નીફરતિતીની આ પ્રતિમા એ નવી અપનાવાએલી કલાશૈલીનું એક ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. તુથમોસિસ નામના એક ઉસ્તાદ શિલ્પીની મનાતી આ કૃતિ હાલ બર્લિન મ્યૂઝિયમમાં છે. એ અસલ રંગીન પ્રતિમામાં રાણીના સૌંદર્યનો નિખાર તો તાદશ થાય છે જ, પણ ચહેરાનાં અસ્થિ અને માંસપેશીઓ સુધ્ધાંને ઉઠાવ આપવા સાથે આંખોની ચમક અને હોઠ પરના મરકાટ દ્વારા શિલ્પીએ તેમાં જે સજીવતા આણી છે એ હજારો વર્ષ પહેલાંની અને ત્યારે નવી જ અપનાવાએલી કલાશૈલીમાં મેળવેલી અજબ સિદ્ધિના પુરાવારૂપ છે.